



પીલાં · ફોટો: વ્રજ મિસ્ત્રી

વર્ષ ૪૮મું · અંક ૯મો · સળંગ અંક ૫૭૩ · સપ્ટેમ્બર ૧૯૭૧

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત


પોયણી · ફોટો: નારાયણ પટેલ





વિસામો

માર્ગમાં બે ઘડી
થાક ઉતારવા
બેઠેલાં
સૌરાષ્ટ્રનાં
શ્રમિત વટેમાર્ગુઓ
ચિત્રકાર
હરીશ રાઉત
(કલાકારના
સૌજન્યથી)



ઉત્સવયાત્રા

મહારાષ્ટ્ર રાજ્ય
કૃષિ પ્રદર્શનના મંડપ
માટે ચિત્રકાર
હરીશ રાઉતે કરેલું
૧૨×૮ ફૂટ મોટું
શોભનચિત્ર.
ચિત્રકારના પરિચય
માટે જુઓ 'કલાવાર્તા'.

કુમાર
સપ્ટેમ્બર ૧૯૬૧ • અંક ૫૭૩

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક-લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫



પ્રો. મનસુખલાલ ઝવેરીના પત્રના ઉત્તરમાં : રામપ્પા મંદિર (તેરમી સદી)ની નરપીઠમાં સુરસુંદરીઓ અને વચ્ચે વચ્ચે વૈષ્ણવી પ્રસંગો તેમજ ક્યાંક ક્યાંક ખડ્‌ગાસન કિંવા કાયોત્સર્ગ જિનની દિગંબર મૂર્તિઓ કંડારેલી છે. પુરાણાં શૈવ મંદિરોમાં ઘણી વાર વૈષ્ણવ કથાનકો—રામાયણ, ભારત, શ્રીમદ્ ભાગવત આદિમાંથી લીધેલાં—કોરવામાં આવે છે. પણ જિનપ્રતિમાનું સાંભળ્યું નથી. આન્ધ્રપ્રદેશમાં જિનમતનો પ્રચાર ઠીકઠીક હતો. પણ બારમા શતકના અંતભાગે વીરશૈવ સંપ્રદાયના ઉદય સમયે જૈનોને કુંતલ તેમ જ આન્ધ્રદેશ—તૈલંગણ—માં સહન કરવું પડેલું. આ સંદર્ભમાં જોતાં રામપ્પા મંદિરના ઉપલક્ષ્યમાં કંડારાએલી મૂર્તિઓવાળી ઘટના આશ્ચર્યકારક ગણવી જોઈએ. પ્રથમ જિન યુગાદિદેવ ઋષભદેવ વૈષ્ણવમતાનુસારે વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે. કદાચ એ નાતાએ જિનપ્રતિમા કંડારી હોય. કદાચ તેરમા શતકના પૂર્વાર્ધમાં બ્રાહ્મણ–જૈન વચ્ચેની કડવાશ શમી ગઈ હોય. (આ સારા યે પ્રશ્નની છણાવટ હું હાલ 'કૌન્તલીય દેવમંદિરો' નામક મારી લેખમાળામાં કરી રહ્યો છું.)

વારંગળના કિલ્લાનાં દ્વારો પર અંકિત પક્ષી કૂકડો કે હંસ હોવાને બદલે જો ગરુડ હોય તો તેનો કાકતીય રાજવંશ સાથે સંબંધ સ્થાપી શકાય. ગરુડ એ રાજવંશનું ધ્વજચિહ્ન હતું. કિલ્લો કાકતીયરાજ ગણપતિદેવના સમયમાં તેરમા શતકમાં બંધાએલો. ચાલુક્યોનું ચિહ્ન વરાહ હતું.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

અંક ૫૭૧માં શ્રી ચંદ્રવદન પટેલ (અમદાવાદ)નો 'કુમાર' માટેનો છીછરો અભિપ્રાય વાંચી લેખકની તતૂડી માટે બિનઅનુભવીની છાપ પડી. 'કુમાર'નો પ્રત્યેક અંક તાજાં જ ચૂંટેલાં પ્રફુલ્લ પુષ્પ જેવાં કાવ્યોની ભરીભરી છાબથી શરૂ થાય છે. જીવનદર્શન કરાવે તેવાં સચોટ શૈલીમાં લખાએલાં જીવનચરિત્રો રૂપી દીપકોથી પાનાં ઝગમગે છે. અસરકારક વાર્તાઓ, મારી માન્યતા, ઊર્મિની ઓળખ, કલાવાર્તા, માધુકરી, વગેરે કેટલું ગણાવું? વળી કલાગુરુ શ્રી રવિશંકર રાવળ ને નટવર્ય શ્રી ચં. ચી. મહેતાનાં અનન્ય શૈલીમાં લખાતાં જીવન ચરિત્રને અંગત તતૂડા જેવાં કહીને તો હદ કરી! હા, એ કદાચ સાચું હોય કે 'આવતી કાલનાં નાગરિકોને ઘડતું માસિક' જુદી જ પ્રકૃતિના કોઈને કંટાળો પણ આપે. મને લાગે છે એટલે જ સંપાદકશ્રીએ પટેલભાઈની પ્રેમની ગાળ પણ પ્રકાશિત કરી હશે.

(વિસનગર) — જતીન્દ્ર આચાર્ય

ખરે, 'ઉપલક નજરે' વાંચનારા અને 'છીછરા' વાંચનાર માટે દયા આવે છે. તેમના માટે બીજું થઈ પણ શું શકે? અંક ૫૭૧માં પાન ૨૭૦ ઉપર શ્રી ચંદ્રવદન પટેલની માન્યતા આવી જ પામર છે. જોકે એમના પત્રની નીચે જ શ્રી મહેશ રાણા (અમદાવાદ)એ એમની મનોદશાને જવાબ આપતો 'પડઘો' પાડ્યો જ છે એટલે વધુ નથી લખતો કે 'કુમાર'માં શું સારું ને શું ખોટું?

શ્રી પ્રભાશંકર પંડ્યા મુ. દુધઈ. (કચ્છ) 'ટિકિટજગત' માટે મુંબઈ. હરિલાલ બૅન્કર. પો. બૉ. નં. ૨૩૬૨, કાલબાદેવી મુંબઈ-૨. લખે તો કદાચ અંકો મળવા સંભવ. અને 'ચિત્રરસિકા' તો દુર્લભ છે. તેના સ્થાને 'મારું લેખન નૃત્ય' લે. એ જ શ્રી મહેતા 'કુમાર કાર્યાલયમાંથી' મળે તો તત્કાલ ખરીદી વસાવી લે.

(વડોદરા) —સુમનભાઈ શેઠ

હું લગભગ વીસ વર્ષથી 'કુમાર'નો ગ્રાહક છું અને 'કુમાર'નું શિષ્ટ અને ઉચ્ચ કક્ષાનું સાહિત્ય જનતા સમક્ષ તમે જે પીરસો છો તેનો જોટો ગુજરાતી સામયિકોમાં નથી. ચંદ્રવદનભાઈની ગઠરિયાં વાંચવાની ખૂબ મઝા આવે છે. સાથે સાથે પરદેશનો અમેરિકાનો પરિચય અને વિવિધ બાબતોનું જ્ઞાન એમાં ઠાંસીઠાંસીને ભર્યું હોય છે. મુકુંદરાય પારાશર્યની સત્યઘટનાઓ તો ખૂબ જ ગમે છે. રવિશંકરભાઈના જાપાનના પ્રવાસ પછી એમણે આપેલા અમદાવાદનાં વ્યાખ્યાનો હું રોજ સાંભળવા જતો તેને ઘણાં વર્ષ વીતી ગયાં. અત્યારે એમની આત્મકથા વાંચું છું ત્યારે અનેરો આનંદ અનુભવું છું; ને એથી વધુ, મારી પત્ની તો 'કુમાર' આવતાં જ પહેલું એ વાંચે છે. ચંદ્રવદનભાઈનું ઑસ્કર-અર્પણના રંગમેળાનું વર્ણન એણે વાંચ્યું હતું તેથી આગ્રહપૂર્વક ફેબ્રુઆરીનો અંક ફરી મેળવવા મને કહ્યા કરે અને તે પ્રમાણે મારે તમને લખવું પડેલું. વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે 'કુમાર'નું વાચન ઘણું અગત્યનું અને લાભદાયી છે. —બાબુભાઈ પટેલ

(પોર્ટ ઇલિઝાબેથ) દ. આફ્રિકા

મે અંકમાં શ્રી અમૃતલાલ વ. પંડ્યાનો

'કુમખળ'નો લેખ ગમ્યો. આવાં પુરાણાં સ્થાપત્યો, શિલ્પો વગેરેની માહિતી જાણવા જોવામાં આનંદ આવે છે. 'કુમાર'ના અંકો ૧૦ વર્ષથી નિયમિત વાંચું છું. પણ હજી મને ડભોઈના હીરાધર શિલ્પી અને તેને કયાં કારણોથી ચણી લેવામાં આવેલો તે મળ્યું નથી. સ્થળની બે વાર મુલાકાત લીધી, કોતરણી અને અવશેષો જોતાં શિલ્પીની જેમ્સ ફાર્બસે કરેલી પ્રશંસા ખરેખર વાજબી લાગી. ત્યારથી એ વિષે પૂર્ણ માહિતી જાણવા પુરાતત્ત્વ ખાતાનો પણ પત્રથી સંપર્ક સાધી જોયો; પણ જવાબ ન મળતાં આપને નમ્ર વિનંતી કરું છું.

(કોસંબા–સૂરત) —છિતુભાઈ ચૌહાણ

[*અંબાલાલ મિસ્ત્રી કૃત એ વિષય પર ગુજરાતી પુસ્તક પ્રકટ થયું છે. તે લાયબ્રેરીમાંથી મળશે.]

∞

મે અંકમાં શ્રી મણિભાઈ વોરાની 'કચ્છને વાયવ્ય છેડે આવેલી પ્રાચીન ગુફાઓ' વિષેની નોંધ વાંચવામાં આવી, આ ગુફાઓને પ્રથમ કોણ પ્રકાશમાં લાવ્યું તેની જાણકારી મળતી નથી. મારું માનવું છે કે શ્રી કે. કા. શાસ્ત્રી આ ગુફાઓને પ્રથમ પ્રકાશમાં લાવ્યા છે. ('પથિક' જુલાઈ–ઑગસ્ટ '૬૭ અંક) જોકે શાસ્ત્રીજી આવો દાવો કરતા નથી. તો કોઈ અભ્યાસી આ વાત વિષે પ્રકાશ ફેંકશે તો યોગ્ય થશે.

(બાખીરા) —ગોસ્વામી મોહનપુરી

[*શ્રી મણિભાઈ વોરા લખે છે: 'આ ગુફાઓ પ્રથમ પ્રકાશમાં કોણ લાવ્યું? એ પ્રશ્નનો મારી સમજ મુજબનો ઉત્તર છે: 'વર્તમાન જમાનામાં વાચકોને પ્રથમ જાણ શ્રી કે. કા. શાસ્ત્રીએ 'પથિક' દ્વારા કરી'. પણ આ પહેલાં આ ગુફાઓ બિલકુલ અજાણ હતી એ સાચું નથી. ૧) ભુજ મ્યૂઝિયમના કયુરેટરોને સિયોતની ગુફાઓની જાણ હતી; ૨) ડૉ. શાંતિલાલ આર. ઠક્કરની 'કચ્છનું ધર્મસ્થાન–કટેસર' પુસ્તિકામાં આ ગુફાઓનો ઉલ્લેખ છે; ૩) ગુજરાતી પ્રેસનું ૧૯૧૫નું પ્રકાશન 'ભારત વીરવિલાસ' (ભાગ ૨ જો)માં 'કારાયલ સમો અને કચુરી સંધાર'ની વાર્તામાં ફૂટનોટ: 'ગરડા(તા. લખપત)ના ગામ અટડો, મુંધાન, સિયોત વચ્ચે નાની ટેકરીમાં ગુફા છે. તેને કોઈ કોઈ કારાયલની ગુફા કહે છે ને કેટલાક ખાપરાકોડિયાની ગુફા કહે છે; ૪) મુંબાઈ સરકારના ૧૮૭૮ના ગૅઝેટિયરમાં કચ્છમાં આવેલી 'ખાપરા-કોડિયાની ગુફાનો ઉલ્લેખ છે.'

પ્રકાશમાં લાવ્યા પછી, રક્ષિત જાહેર કરાયા પછી, આજદિનપર્યંત કુદરતે જાળવી રાખેલ આવી જર્જરિત જગ્યાઓનાં ઘણાં અંગો પ્રકાશમાંથી ગાયબ બની જાય છે એ રંજનો વિષય છે.

મારી નોંધ નેગેટિવ સહિત કોઈ પણ વ્યક્તિ ઉપયોગમાં લે તેની છૂટ આપી છે. પ્રગટ થવા યોગ્ય થાય એ જ આનંદનો વિષય છે. પ્રભાતે સૂર્યનો પ્રકાશ સૌ ઝીલે એ જરૂરી છે. સૂર્ય તેજ જોઈને પહેલાં કોણે જાહેર કર્યું એ પ્રશ્ન ગૌણ છે.

(પોરબંદર) —મણિભાઈ વોરા

∞

જૂન અંકમાં જાણવા મળ્યું કે 'લાંગની દાળ યાને કે કેસરી દાળનો ખોરાકમાં ઉપયોગ શરીરને હાનિકારક છે.' તો આ કેસરી દાળ, જેને ચાલુ વપરાશમાં મસૂરદાળ કહે છે, તે કે બીજી? સ્પષ્ટ કરશો તો આભારી થઈશ. જે રીતે મગ લીલા, પણ તેની દાળ પીળી; અડદ કાળા, પણ દાળ સફેદ; એ જ રીતે આખા મસૂર કાળાશ-પડતા હોવા છતાં તેની દાળ તો લાલાશ પડતા રંગની જ હોય છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં આ દાળ ઓછી ખવાય છે જ્યારે મહારાષ્ટ્ર, મદ્રાસ, કલકત્તા બાજુ મસૂરની દાળનો વધુ વપરાશ છે.

(મદ્રાસ) —ક્ષમા અજમેરા

∞

Anyone wanting pen-friends in Germany, Europe or other continents of the world may write to me either in English or German and enclose a self-addressed envelope together with several International Reply Coupons which can be bought and date-stamped at the local post-office or G. P. O. I welcome letters from individual of either sex, all ages, all walks of life, any creed or colour.

(Miss) A. M. Braun D–8 Muenchen 15, Lindwurm–Str. 126–A Western Germany.

∞

'કુમાર'ના જુલાઈ અંકમાં છેલ્લા પાના પર જણાવ્યું છે કે 'લૅટિન (મધ્ય) અમેરિકાના...' મારા માનવા પ્રમાણે લૅટિન અમેરિકા એટલે દક્ષિણ અમેરિકા.


(આહવા) —નીરજ યાજ્ઞિક

[*લૅટિન અમેરિકાની સમજણ સંદર્ભગ્રંથો આ પ્રમાણે આપે છે: 'અમેરિકાનાં સંયુક્ત રાજ્યોની દક્ષિણેથી મુખ્યત્વે સ્પેન અને પોર્ટુગાલની અસરો તળે વિકસેલો વિસ્તાર.']

∞

'કુમાર'માં આવતી કનુભાઈ જાનીની વાર્તામાળા ખૂબ જ ગમે છે. અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં આવી ચોટદાર રજૂઆત કરવા બદલ તેમને અંતરનાં અભિનંદન. કાવ્યો, જીવનચરિત્ર, શાયરીનું પાનું, રવિભાઈ અને ચં. ચી.ની લેખમાળા વિચારવિશેષ વગેરે સામગ્રી જોતાં હજીયે 'કુમાર' એક ને અજોડ છે, અને રહેશે.

(કલકત્તા) —રમણિક મેઘાણી



પિચ્યુટરી ગ્રંથિ
બીજવાહક નલિકાઓ
ગર્ભાશય
બીજવાહક નલિકાના મુખ પાસે બીજાશય
ફલિત બીજના પોષણમાટે ગર્ભાશયમાં રચાતું આવરણ
બીજાશયમાંથી છૂટો પડી બીજવાહક નલિકામાં પ્રવેશતો બીજકણ
ગર્ભાશયનું મુખ
યોનિ
સ્ત્રીના પેડુના ભાગમાં ઊંડે ગર્ભાશય, તેની સાથે જોડાએલી બે બીજવાહક નલિકાઓ તથા તેને છેડે બે બીજાશયો હોય છે. બીજાશયોમાં 'ગ્રાફીઅન ફૉલિકલ' નામના કોષો ને તેમાં એકએક બીજકણ હોય છે. અગિયારેક વર્ષની વયથી પિચ્યુટરી ગ્રંથિના એક સ્રાવથી એક ફૉલિકલ પકવ થઈ ઊપસીને ફાટે છે ને તેમાંથી નીકળેલો બીજકણ બીજવાહક નલિકામાં પ્રવેશી ગર્ભાશય ભણી જાય છે. આ દરમિયાન જો પુરુષના શુક્રજંતુ વડે આ બીજકણ ફલિત થાય તો તેને પોષવા ગર્ભાશયની અંદર એક આવરણ રચાય છે. જો બીજકણ ફલિત ન થાય તો આ આવરણ નાશ પામી ખરી પડે છે. આ ક્રિયામાં વહેતું લોહી તે જ રજસ્રાવ કે રજોદર્શન. સામાન્યતઃ પાંચેક દિવસ આ સ્રાવ વહે છે. ગર્ભાધાન ન થાય ત્યાં સુધી લગભગ દર અઠ્ઠાવીસ દિવસે રજોદર્શન થતું રહે છે. આ દિવસોમાં શારીરિક અને માનસિક આરામ જરૂરી છે.
પિચ્યુટરી ગ્રંથિના અમુક સ્રાવથી સ્ત્રીના બીજાશયમાં એક ફૉલિકલ ઊપસે છે, જેની અંદર બીજકણ હોય છે.
ફૉલિકલના એક સ્રાવથી પિચ્યુટરીનો સ્રાવ બંધ થઈ નવું ફૉલિકલ ઊપસતું અટકે છે.
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૫ ૧૬ ૧૭ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮
રજસ્રાવના પહેલા દિવસથી ચૌદમા દિવસે બીજાશયમાંથી એક બીજકણ છૂટો પડી બીજવાહક નલિકામાં પ્રવેશે છે. ગર્ભાધાન માટે આની આસપાસના દિવસ સૌથી વધુ અનુકૂળ છે.
એક રજસ્રાવના પહેલા દિવસ પછી અઠ્ઠાવીસ દિવસે બીજો રજસ્રાવ આવે છે, આ સ્રાવ પાંચેક દિવસ રહે છે. ગર્ભાધાન થતાં રજસ્રાવ બંધ પડે છે.
સ્ત્રીશરીરમાં રજસ્રાવ એક એવો રક્તસ્રાવ છે જે ચિંતાની નહિ, પણ સ્ત્રીના સ્ત્રીત્વની નિશાની છે.
રજોદર્શન (કાયા-કરામત - ૩૭)

કોઈ કહે કે—/ રમેશ પારેખ

કોઈ કહે કે અવસર આવ્યા, કોઈ કહે ઝળઝળિયાં,
મારે મન તો ઊડી ગએલાં તળાવ પાછાં વળિયાં,
ખોબેખોબા ભરીભરીને હઉં મને પીવડાવો,
હું રજળું છું ઝ્હાર, મને મારા ઘરમાં બોલાવો.
કંપસુંવાળા હાથે મારું ભીંતપણું ઢંઢોળો,
અડતાંવેંત જ ઊડશે એમાં ઘરની ધસમસ છોળો,
પંખીના કલરવથી સીંચો તરસઝ્હાવરાં નળિયાં,
મારે મન તો ઊડી ગએલાં તળાવ પાછાં વળિયાં,
ખરખર ખરતી જાય પોપડા વળી ગએલી સદીઓ,
અંગે અંગે ઊમટે મારે મીરાં નામની નદીઓ,
ચાર આંખની વચ્ચે ઝૂલે બિલ્લોરી અજવાળાં,
કાંગરીએ કાંગરીએ ટાંકયાં સાચુકલાં પરવાળાં.
તમે મૂકીને ગયાં હતાં ને, એ જ તમારાં ફળિયાં,
મારે મન તો ઊડી ગએલાં તળાવ પાછાં વળિયાં.

વિદાયનું ગીત / નિરંજન યાજ્ઞિક

·ગાન·

કાલ ઊડી જાશું દેશથી તારા પાંખ પસારી,
કાલ ઊગી જાશે આંખમાં કો'કની યાદ અમારી!

એવું થાતું'તું કે ટીંકો બની કો'ક સીમમાં રે'શું,
મારા મલકના ચૉરે વાગોળાતી વાતમાં રે'શું.
આરત્યું કૉળી'તી: આંખમાં ઊગતી વાત બે કે'શું,
કાલ ખાલીપામાં ઊગશે કોમળ વાત અમારી.
કાલ ઊડી જાશું દેશથી તારા પાંખ પસારી!

છાનું છાનું રોશે ધ્રુસકે રે કાલ ફૂલ-પથારી,
કાલ સીમાડાને ભીંજવશે કોરી આંખ તમારી.
કાલ નથી અમે તો ય હશે કાલ આશ અમારી–
'પંખીનું આયખું આલજો ને દેજો સીમ તમારી.'
કાલ ઊડી જાશું દેશથી તારા પાંખ પસારી!

સમય પણ / ચંદ્રકાન્ત શેઠ

·ગઝલ·

આટલો હું કેમ ઉજ્જડ થઈ ગયો?
શી રીતે હું ઝાંઝવાંમાં વહી ગયો?

ક્યાંય હું અટક્યો નથી, ચાલ્યો જ છું,
શી રીતે ઉંબર ઉપર હું રહી ગયો?

કોઇનો યે ભાર મેં રાખ્યો નથી,
તે છતાં હું કેમ ભારે થઇ ગયો?

બોલતાં બોલ્યો ઘણું, સમજ્યો નહીં,
અર્થ મારો કોણ ક્યારે લઈ ગયો?

આટલું જીવ્યો, હવે સાલે મને,
સમય પણ વિશ્વાસ ખોટો દઈ ગયો?!

આપ ક્યાં હતાં? / હરીન્દ્ર દવે

·ગઝલ·

એ પાનખરનો ફાલ હતો, આપ ક્યાં હતાં?
જોવા સમો એ હાલ હતો, આપ ક્યાં હતાં?

મારી હયાતી ઊંબરે ઉત્તર બની ઊભી,
એ આપનો સવાલ હતો, આપ ક્યાં હતાં?

કડવા એ ઘૂંટડા તો ઉતારી દીધા ગળે,
ચહેરાનો રંગ લાલ હતો, આપ ક્યાં હતાં?

મેં જેના કેફમાં જ ગુઝારી છે જિંદગી,
એ આપનો ખયાલ હતો, આપ ક્યાં હતાં?

સૌને મળ્યો ગતિથી, મને સ્થિર રહી મળ્યો–
પયગમ્બરી કમાલ હતો, આપ ક્યાં હતા?

પ્રાત:પંખી / ધીરુ પરીખ

·વસંત-મૃદંગ·

ચીંચીંરવે સળવળે હળવે રહીને
પોઢેલ શી તરલ પાંખભરી થકાવટ,
ખુલ્લાં દલે મુકુલનાં જરી ન્હાલ વેરી
વ્યાપી વળી સકલ ચિત્ત મહીં સવાર.
આખું હતું ગગન નીડ વિષે નિબદ્ધ
છુટું થઈ ફરકતું અબ દૂર દૂર.
ત્યાં દૃષ્ટિ પંથતરુ પે પડતાં નિસાસતી;
કો કલાન્ત દેવચકલી વિટપે વિમાસતી.
ચંભી ગયો નયનમાં લઘુ પ્રાત:ભાનુ?
કે બન્ધ ચાંચ વચમાં ટહળે ટહુકો?
જોતાં વિમાસણ વધી: કયમ બંધ પાંખે
બેસી રહી અચલ મૂક બની સવારે?
પાંખો હતી ઉભય એહની બંધ તો યે
ખોલી ગઈ મુજ ઉરે...

જુદી જિંદગી છે / ગાફિલ

·ગઝલ·

જુદી જિંદગી છે મિજાજે મિજાજે;
જુદી બંદગી છે નમાજે નમાજે.
છે એક જ સમંદર, થયું એટલે શું?
જુદા છે મુસાફર જહાજે જહાજે,
ભલે હોય એક જ એ અંતરથી વહેલા,
છે સૂરો જુદેરા રિયાજે રિયાજે.
જુદા અર્થ છે શબ્દના બોલવા પર;
છે શબ્દો ય જુદા અવાજે અવાજે.
જીવન જેમ જુદાં છે કાયામાં જુદી,
છે મૃત્યુ ય જુદાં જનાજે જનાજે.
હઠી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ;
નવી પ્રીત જાગે મલાજે મલાજે.
તમે કેમ 'ગાફિલ' હજીયે છો ગાફિલ?
જુઓ બદલે દુનિયા તકાજે તકાજે.

આજીવન જ્ઞાનોપાસના કરનાર બ્રાહ્મણ ❑ સંઘર્ષો સામે સદા ઝઝૂમનાર ક્ષત્રિય ❑ માનવપારખુ ઝવેરી તરીકે વણિક ❑ નીડર નિષ્ઠાવાન નિર્દંશ પત્રકાર ❑ સ્વાર્થત્યાગી અને શાણા સમાજસુધારક ❑ મુક્ત અને મૌલિક વિચારક ❑ સમભાવી અને સ્નેહાર્દ્ર સંસારી ❑ શુદ્ધ અને શાંત સ્વદેશપ્રેમી ❑ મોકળા મનના માનવમર્મી ❑ સરળતા સાદાઈ સત્ય સૌન્દર્ય ને શુચિતાના આગ્રહી આશક અને

પ્રબુદ્ધ પુરુષ

પરમાનંદભાઈ

લેખક ધીરુભાઈ પરીખ



પરમાનંદ કુંવરજી કાપડિયા · વર્તમાનને પરિચિત મુદ્રા

ઈ. ૧૯૧૫ની લગભગનો આ પ્રસંગ છે. ત્યારે મુંબાઈમાં પોતાના વડીલ પિત્રાઈ ભાઈ અને સૉલિસિટર મોતીચંદ ગીરધરલાલ કાપડિયાને ઘેરે રહી એક તરવરિયો યુવાન બી. એ. થઈ એલએલ. બી.-નો અભ્યાસ કરે. ત્યાં અનેક મિત્રો અવારનવાર મળતા અને ચર્ચાઓ યોજતા. એક વાર પેલા જાણીતા સૂત્ર 'यद्यपि शुद्धम् लोक विरुद्धम्, ना करणीयम् नाचरणीयम्' ઉપર ચર્ચા યોજાઈ. આ તરવરિયા યુવાને આ સૂત્રનો વિરોધ કર્યો. ત્યાર પછી એણે જ લખ્યું: 'આ તો કેવળ શાબ્દિક ચર્ચા હતી... આમ છતાં મારા મનનું વલણ, લોકવિરોધનો સામનો કરીને પણ શુદ્ધને વળગી રહેવાનું, ત્યારથી આજ સુધી એકસરખું કાયમ રહ્યું છે.' જીવનભર શુદ્ધના આગ્રહ કાજે લોકવિરોધનો સામનો કરનાર એ તરુણ તે મહાનુભાવ પરમાનંદ કુંવરજી કાપડિયા.

એમનો જન્મ ઈ. ૧૮૯૩ની ૧૮મી જૂને સૌરાષ્ટ્રના રાણપુર ગામે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કુટુંબમાં થએલો. એમના પિતાશ્રી કુંવરજી આણંદજી ભાવનગર શહેરના પ્રતિષ્ઠિત નાગરિક હતા. સમસ્ત જૈન સમાજમાં એમની બોલબાલા હતી. જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના આ મરમીનો જીવન-વ્યવહાર પવિત્ર અને ધર્મનિષ્ઠ હતો. અનેક સાધુ-સાધ્વીઓ એમની પાસે ધર્મનું જ્ઞાન લેવા આવતાં. કુટુંબવ્યવસાય કાપડનો એટલે કાપડિયા તરીકે ઓળખાતા કુંવરજીભાઈની આંતરસાધના તો ધર્મ અને વિદ્યાભ્યાસની જ હતી. આથી એમણે જૈન તત્ત્વજ્ઞાન અને ગુજરાતી સાહિત્યનો સારો એવો ગ્રંથસંગ્રહ કરેલો. પોતાનાં સંતાનોને સારુ શિક્ષણ આપવાનું એમનું ઔત્સુક્ય આથી જ હમેશાં જાગ્રત રહેતું. પરમાનંદ અને નગીનદાસ બે પુત્રો તથા પુત્રી જશકોરબેન, એમ ત્રણે ય સંતાનો એ સંસ્કારસંપન્ન વાતાવરણમાં ઊછર્યાં.

આવા શીલવંત ને વિદ્યાવ્યાસંગી પરિવારમાં પરમાનંદભાઈનું શૈશવ પાંગર્યું. બાળપણથી જ અભ્યાસમાં તેજસ્વી પરમાનંદભાઈએ વિદ્યાપ્રાપ્તિનાં સર્વ દ્વાર ખુલ્લાં રાખ્યાં હતાં. પિતાએ ભાવનગરમાં સ્થાપેલી 'જૈનધર્મ પ્રસારક સભા'ના ઉપક્રમે યોજાતાં પ્રવચનો અને સમાજસેવાનાં કાર્યોનો એ અચૂક લાભ લેતા. એ નિમિત્તે પિતા સાથે પ્રવાસ-પર્યટનો પણ થતાં અને જીવનઝોળીમાં યથામતિ ધર્મજ્ઞાન પણ ભરાતું. જ્ઞાનપિપાસુ પિતાને ત્યાં જિજ્ઞાસુઓનો અડ્ડો જામે; અનેક શિક્ષિત-દીક્ષિત વ્યક્તિઓનાં મિલન-મુલાકાતો અને ચર્ચા-વિચારણા ચાલે. કિશોર પુત્ર આમાંથી યથાશક્તિ ચિત્તસમૃદ્ધિની સામગ્રી પામતો રહે.

આમ છેક બાળપણથી જ વારસા અને વાતાવરણ-દ્વારા વિદ્યોપાસનાની સાથેસાથે નેતાગીરીનો ગુણ એમનામાં અજ્ઞાતપણે વવાયો અને વિકસ્યો. વિશાળ સંયુક્ત કુટુંબના દસેક પિત્રાઈ ભાઈબહેનોની બાળસેના નાનકડા સેનાની પરમાનંદની આગેવાની નીચે નદીકાંઠે રખડપટ્ટી કરવા નીકળી પડતી. સહુ ભાંડુઓને એઓ પ્રેમપૂર્વક દોરતા અને એમની દોરવણીને ત્યારે સહુ આવકારતાં. કિશોર, તરુણ અને યુવાવસ્થાના મિત્રોમાં પણ એ જ અગ્રેસર રહેતા. પ્રેમથી પારકાને પોતાના કરવામાં એઓ નાનપણથી જ પાવરધા હતા. વળી, પ્રતિવર્ષ આખો પરિવાર પાલીતાણાની પરકમ્માએ જતો. એ રીતે નાનપણથી જ એમને પ્રવાસશોખ અને પ્રકૃતિપ્રેમ જાગેલા. બાલવયમાં રોપાએલાં એ બીજે એમને આગળ ઉપર જબરા પ્રવાસવીર બનાવ્યા અને પ્રકૃતિ-પ્રવાસ તથા માનવસહવાસમાં એ પ્રાજ્ઞપુરુષની પ્રતિભા પાંગરતી જ ગઈ.

ભાવનગરમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને ઈ. ૧૯૦૯માં ઉચ્ચ અભ્યાસ માટે એઓ મુંબાઈ ગયા, જ્યાં એલ્ફિન્સ્ટન અને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરી એમણે ઈ. ૧૯૧૩માં બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. ત્યાર બાદ પોતાના વડીલ પિત્રાઈ ભાઈ શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાને ત્યાં રહી એમણે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને ઈ. ૧૯૧૬માં એલએલ. બી.ની ઉપાધિ મેળવી. મોતીચંદભાઈ વ્યવસાયે સૉલિસિટર હોઈ એલએલ. બી. થઈને તરત જ પરમાનંદભાઈએ એ પેઢીમાં કામગીરી સ્વીકારી. દશેક માસ એમણે આ કામ તો કર્યું, પરંતુ શુદ્ધતાના આગ્રહી સ્વભાવે એમને વકાલતના વ્યવસાયમાં લાંબું ટકવા દીધા નહિ.

હવે એમની નજર વ્યાપારક્ષેત્રમાં પડી અને જરીના ધંધામાં ઝંપલાવ્યું. સાહસ વિના સિદ્ધિ નથી એમ એઓ માનતા, પરંતુ અહીં સાહસે યારી આપી નહિ. ધંધામાં ખોટ આવી પડી. કિન્તુ એમની શુદ્ધતામાં ઓટ આવી નહોતી: પિતૃકમાઈનો પૈસો એમાં રોકયો હતો તે ડૂબ્યો; તેને પરિણામે, મિલકતના પિતાએ જ્યારે ભાગ પાડયા ત્યારે એમણે પોતાનો ઠીક ભાગ જતો કર્યો, કારણ કે નૈતિક રીતે એમણે પોતાના ભાઈના હિસ્સાના પૈસા જરીના આ વ્યાપારમાં ગુમાવ્યા હતા.



પર: ઈ. ૧૯૦૮માં કિશોર વયે; ઈ. ૧૯૦૯માં મૅટ્રિક થયા ત્યારે; ઈ. ૧૯૧૬માં એલએલ.બી. થયા ત્યારે અને જાહેરજીવનમાં પ્રવેશ કર્યો ત્યારે

મની ન્યાયપ્રિયતા અને સચ્ચાઈનું આ ઉમદા ઉદાહરણ છે.

હવે એમણે રસિકભાઈ અને ચંદુભાઈ ઝવેરી જેવા વ્યાપારી મિત્રોની લાહથી ઝવેરાતનો ધંધો શરૂ કર્યો અને ઘણાં વર્ષો સુધી પ્રામાણિકપણે લાવ્યો. ઈ. ૧૯૪૧નાં તો એઓ 'ડાયમન્ડ મર્ચન્ટ્સ એસોસીએશન'ના પપ્રમુખ પણ વરાયા. આ ઝવેરાત વચ્ચે પણ મુખ્યત્વે તો માનવ-દયની અમીરાતના જ એ ઝવેરી રહ્યા. અનેક નરપુંગવોને એમણે નાણ્યા અને એમના સુધામય સહવાસોને માણ્યા.

એક તરફ આમ વ્યવસાય-જીવન સુપેરે ચાલતું તો બીજી તરફ એ-નું ગાર્હસ્થ્ય ફાલતું. તે કાળના રિવાજ પ્રમાણે એમની આઠ વર્ષની વયે ઢવાણના વિખ્યાત માથકિયા કુટુંબમાં શ્રી ત્રિભુવનદાસ લાલચંદનાં સુપુત્રી વિજયાબેન સાથે એમનું વેવિશાળ થઈ ગએલું, જે દશેક વર્ષ ચાલ્યું. પણ ઈ. ૧૯૧૧માં અઢાર વર્ષની વયે તેઓ લગ્નગ્રંથિથી જોડાયાં તે પહેલાં, એ જમાનામાં વિરલ ગણી શકાય તેવો પત્રનો વ્યવહાર લગ્નનાં આ ઉમેદવારો વચ્ચે ચાલેલો! સમાજ અને સમયથી એક ડગલું આગળ ચાલવાની એમની પ્રગતિશીલ મનોવૃત્તિનું આ દ્યોતક છે.

લગ્ન પછી પરમાનંદભાઈ અભ્યાસ અને વ્યવસાય અર્થે મુંબાઇમાં વસ્યા. એ દરમિયાનનો લગ્નજીવનનો શરૂઆતનો દાયકો વિજયાબહેને ભાવનગરમાં સાસરવાસ કર્યો. વડીલોની શુશ્રૂષા કરતાં કરતાં એમણે સંસ્કારસુમનની સૌરભ ફેલાવ્યા કરી. પતિની ઇચ્છા પત્નીને જ્ઞાનપ્રદાન કરવાની હતી, એટલે ભાવનગરમાં કુંવરજીભાઈએ વિજયાબહેનને સં-સ્કૃત શીખવવા શાસ્ત્રીની ગોઠવણ કરી આપી. સ્ત્રીશક્તિનો ઉત્કર્ષ કરવા માટેના પરમાનંદભાઈના આ ઉત્સાહને જાણે કુદરત પણ કસોટીએ ચડા-વવા માગતી હોય તેમ એમને ત્યાં સાત પુત્રીઓ—મધુરીબહેન, મેના-બહેન, ચારુશીલાબહેન, મિતાબહેન, ગીતાબહેન અને કુમળી વયે જ ગુજરી ગએલી બીજી બે પુત્રીઓ—જન્મી. આમ છતાં ય આ દંપતીને પુત્ર નહિ હોવા માટે જીવનમાં ક્યારે ય ઓછું આવ્યું નથી. પુત્રીઓને જ પુત્રો તુલ્ય ગણી એમને ઉચ્ચ અભ્યાસની અનુકૂળતા કરી આપી ને એમના વ્યક્તિત્વને સ્વતંત્ર રીતે વિકસવા દીધું. મધુરીબહેનને ઈન્ટર આર્ટ્સ સુધી, મેનાબહેનને ટાગોરના શાંતિનિકેતનમાં પાંચ વર્ષ મોકલી 'વિશ્વભારતી'નો ચિત્ર તથા હસ્તકલાનો ડિપ્લોમા મેળવ્યો ત્યાં સુધી, ચારુબહેનને એમ. બી. બી. એસ. સુધી, મિતાબહેનને બી. એ. સુધી ને ગીતાબહેનને એમ.એ. સુધી ભણાવ્યાં. મેનાબહેનની ચિત્રકલાની તથા ગીતાબહેનની કાવ્ય તથા સંગીતની વિશેષ અભિરુચિને પાળીપોષી-ને એમણે પ્રોત્સાહિત કરી. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે કારાવાસ-માં રહેરહે પણ તે પુત્રીઓના અભ્યાસની ચિંતા કરતા. નાસિક જેલ-માંથી તા. ૨૫-૫-૩૨ના રોજ પત્ની પર લખેલા પત્રમાંના આ શબ્દો તેની પ્રતીતિ કરાવી આપે છે: 'તું મધુરીને આગળ ભણાવવા માટે આનાકાની કરે છે તેનું મુખ્ય કારણ તો આર્થિક ચિન્તા હોવી જોઈએ... પણ તે ખાતર આપણી અનેક આશાઓનું કેન્દ્ર આપણી મધુરીને આગળ વધતી કેમ અટકાવાય?... દ્રવ્ય નહિ મળે તો ઘરેણાં-મિલકત વેચીને અને બેને બદલે એક ટંક ખાઈને પણ આપણે બધાંને બનશે એટલું ભણાવીશું.' આમ વત્સલ પિતા અને પતિ તરીકેની ફરજોમાંથી એ કદાપિ ફારેગ થયા નહોતા. એમનો ઘરસંસાર એટલે સ્નેહ અને સાદાઈથી મઘમઘતી વાડી!

પણ એ માત્ર ઘરની ચાર દીવાલોમાં ગોંધાઈ રહ્યા નહિ. શુદ્ધ વિ-ચાર અને આચાર એમણે ઈ. ૧૯૧૦થી જ કેળવવા માંડેલા. શ્વેતાં-બર મૂર્તિપૂજક જૈન સમાજનાં પરમ્પરાગત અને આજના યુગને અ-સંગત એવાં રીતરસમો સામે એમણે લખાણોમાં અને ભાષણોમાં વિ-રોધ વ્યક્ત કરવા માંડ્યો. પિતાશ્રી કુંવરજીના તંત્રીપણા નીચે ચાલતા 'જૈનધર્મપ્રકાશ'માં 'આધુનિક જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન' એ શીર્ષકથી અઢાર હપ્તાની એક લાંબી લેખમાળા ૧૯૨૦માં લખેલી, તે પાછળથી ઈ. ૧૯૨૯માં પુસ્તક રૂપે પણ પ્રકાશિત થએલી. એમાં એમણે સુરુચિનો ભંગ કરતી અને તર્કને અસંગત એવી અનેક ધાર્મિક પ્રક્રિયા-ઓની આલોચના કરી. પરિણામે સમાજ સાથે એમને અથડામણમાં આવવું પડ્યું. આ એમની લેખનપ્રવૃત્તિનો પ્રારંભ ને સુધારક વૃત્તિના આવિષ્કારનો શુભારંભ હતો. ત્યાર પછી તો મૃત્યુ પર્યંત એમણે શુદ્ધતા અને સુધારાના આગ્રહ માટે ઝઝૂમ્યા કર્યું. પરંતુ એમના આ વ્યવહારમાં ડંખ કે દ્વેષ નહોતાં, ક્યાંય અવિચાર કે આતંક નહોતા, ક્યાંય દંભ કે દુઃસાહસ નહોતાં, ક્યાંય સ્વાર્થ કે સત્તાશોખ નહોતા. વ્યાપક પ્રેમ-ભાવના પર મંડાએલો આ તો હતો વિશુદ્ધ જીવનવ્યવહાર. અભ્યાસ-કાળના અંત સમયે વાંચવામાં આવેલી ચાર્લ્સ મૅકેની આ કાવ્યપંક્તિઓ એમના વિચારમાં જડાઇ ગઈ હતી અને વ્યવહારમાં વણાઈ ગઈ હતી:

'You've never turned the wrong to right,
You've been coward in the fight'.

(અન્યાયોના કરે ન ન્યાય. ખરે યુદ્ધ-ભીરુ કે'વાય.)

અસત્ય-અન્યાયના પ્રતિકારને એમણે જીવનધર્મ સ્થાપ્યો. 'પ્રતિકાર-શૂન્ય સાધુતા કેવળ નિર્માલ્યતાની નિશાની છે' એ હતો એમનો જીવન-મંત્ર. આ પ્રેરણાથી એમણે ઈ. ૧૯૨૮ના નવેમ્બર માસમાં શ્રી રતિલાલ કોઠારીની આગેવાની નીચે 'શ્રી મુંબાઈ જૈન યુવક સંઘ'ની સ્થાપના કરી. એ સમયે સમાજને સડવી રહેલી જૂનવાણી વિચારણા અને તર્કવિહીન બાલદીક્ષા સામે, જૈન સમાજની સ્થિતિચુસ્તતા અને રાષ્ટ્રવિષયક

ઉદાસીનતા સામે, જૈન સાધુઓની નિષ્ક્રિયતા, પાખંડ અને પામરતા સામે આ સંઘના આશ્રયે યુવાન પરમાનંદભાઈએ બંડખોર કહી શકાય તેવું આંદોલન ચલાવ્યું. ધર્માર્થ મળેલ દ્રવ્યનો સમુચિત ઉપયોગ, સ્ત્રી-પુરુષ સમાનતા, ફરજિયાત વૈધવ્ય-પાલનનો વિરોધ, અસ્પૃશ્યતા સામે આંદોલન—આ બધાં પણ યુવકસંઘનાં કાર્યક્ષેત્રો હતાં. એમની આગેવાની નીચેના બાળદીક્ષા-આંદોલને તો ત્યારે સમાજ પર ગહેરી અસર કરેલી. ઈ. ૧૯૩૬માં જૈન યુવક પરિષદના પ્રમુખસ્થાનેથી પરમાનંદભાઇએ બાલદીક્ષા વિરોધી ભાષણ કરીને પથ્થરબાજીતેમજ ખૂનની ધમકી પણ વહોરી લીધી હતી. પરંતુ આ આંદોલનને એઓ વળગી જ રહ્યા. પરિણામે વડોદરા રાજ્યે તો બાળદીક્ષા વિરોધી કાયદો પણ પસાર કર્યો. વળી, અમદાવાદમાં જૈન યુવક પરિષદના પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાં જૈન પરંપરા વિરોધી વિધાનોએ અને જૈન સમાજને સાધુ-સાધ્વીઓની પકડ તેમજ ધનપતિઓની નેતાગીરીમાંથી બચાવવાના વિચારોએ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને ખળભળાવી મૂકેલો. પરિણામે અમદાવાદના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે એમને સંઘ બહાર મૂક્યા. પણ શુદ્ધાગ્રહી સત્યવક્તા એમ ડરે કે ડગે શાના? એમની શુભનિષ્ઠા અને સત્યપ્રિયતાએ, હોંશ અને હિમ્મતે જ્ઞાતિના યુવાનોને અચૂક આકર્ષ્યા. શ્રી ધીરજલાલ ટોકરશી શાહની આગેવાની હેઠળ અમદાવાદના જૈન યુવકોએ પરમાનંદભાઈને બોલાવી એમનું સન્માન કર્યું. વડીલોની ઇચ્છા વિરુદ્ધ પણ યુવકો પરમાનંદભાઈને પોતાને ત્યાં ભોજનાર્થે નોતરતા. પછી તો ગુજરાત-સૌરાષ્ટ્રમાં અનેક સ્થળે એમનું બહુમાન થયું. આનાથી પ્રોત્સાહિત થઈ એમણે જૈન ધર્મનાં પ્રચલિત દૂષણો અને મિથ્યાચારો સામે ભાષણોનો ધોધ વરસાવ્યો.

એ વખતે એમની આ નિર્દંશ, નિર્દંભ અને નિર્ભીત વિચારધારાનું મુખ્ય વાહક હતું. જૈન યુવકસંઘનું પાક્ષિક 'પ્રબુદ્ધ જૈન'. ૧૯૩૧ની ૧લી નવેમ્બરે શરૂ થએલા આ મુખપત્રના તંત્રીસ્થાનેથી પરમાનંદભાઈની પત્રકાર તરીકેની શક્તિનો સૌને પરિચય થવા લાગ્યો. એ પહેલાં ઈ. ૧૯-૩૦માં રાષ્ટ્રીય ચળવળના સંદર્ભમાં એમણે 'ઉપનગર સત્યાગ્રહ પત્રિકા' ચલાવેલી તથા તા. ૧-૧-૩૪થી તા. ૧-૮-૩૭ સુધી 'તરુણ જૈન'નું સંપાદન પણ કરેલું. આમ છતાં પત્રકાર તરીકેનું એમનું વ્યક્તિત્વ તો પાંગર્યું 'પ્રબુદ્ધ જૈન' દ્વારા જ. સંજોગવશાત્ આ પાક્ષિક ૯-૯-૧૯૩૩થી ૧-૫-૩૯ સુધી બંધ રહ્યું. ત્યાર બાદ ૧લી મે ૧૯૩૯થી એ ફરી શરૂ થયું ત્યારે ઝવેરચંદ મેઘાણીએ એમને પ્રેરણાદાયક પત્ર લખેલો: 'તમને લેખનપ્રવૃત્તિ કરવાનો મોકો મળ્યો એથી હું મનમાં ને મનમાં અત્યંત હર્ષ અનુભવું છું; કેમ કે આ આત્મોચ્ચારણને માર્ગે જીવનનો ભાર પણ હળવો થઈ શકશે અને જીવન જીવવાના પ્રયોજનમાં એક નવું કૌતુક ને નવો રસ ઉત્પન્ન થશે.' સ્વ. મેઘાણીની આગાહી પરમાનંદભાઈનાં પછીનાં પત્રકાર તરીકેનાં વર્ષો સત્ય ઠરાવી આપે છે. 'પ્રબુદ્ધ જૈન' દ્વારા એમની આત્માભિવ્યક્તિને મોકળાશ મળી. એમની વિકસતી જતી વિચારક્ષિતિજો માટે 'પ્રબુદ્ધ જૈન' જેવું સાંપ્રદાયિક નામ હવે એમને ખૂંચવા લાગ્યું. પરિણામે ઈ. ૧૯૫૩ના મેની ૧લી તારીખથી એ પાક્ષિક 'પ્રબુદ્ધ જીવન'-ના નામે નવજન્મ પામ્યું. આ નામપરિવર્તન પરમાનંદભાઈની વિકસતી જતી જીવનસાધનાનું દ્યોતક બની રહ્યું.

સમાજ, ધર્મ, રાજકારણ વગેરે પરની એમની નિખાલસ અને નીડર આલોચનાઓએ 'પ્રબુદ્ધ જીવન'ને ગુજરાતી પત્રકારત્વમાં એક અગ્રગણ્ય વિચારપત્રનું સ્થાન સ્થિર કરી આપ્યું. કોઈ પણ બનાવ પરની પરમાનંદભાઈની તટસ્થ, તાજગીભરી અને તર્કબદ્ધ વિચારણા જાણવા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો હમેશાં આતુર હોય જ. એમાં આવતાં પરમાનંદભાઈનાં પ્રવાસવર્ણનો, વ્યક્તિચિત્રો અને મૃત્યુનોંધો પણ એમના વિશાળ વાચક વર્ગને ખૂબ જ આકર્ષતાં. 'પ્રબુદ્ધ જીવન' અને પરમાનંદભાઈ એટલે એક અદ્વૈત. 'પ્રબુદ્ધ જીવન'ને પરમાનંદભાઈએ ઘડ્યું તો પરમાનંદભાઈને 'પ્રબુદ્ધ જીવને' ઘડ્યા. જીવનની અંતિમ સાંજ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના અંકની તૈયારીમાં રત રહેલા પરમાનંદભાઈનું અ-ક્ષર વ્યક્તિત્વ એટલે 'પ્રબુદ્ધ જીવન.' વિનોબા ભાવે, કાકાસાહેબ કાલેલકર કે આચાર્ય રજનીશ—ગમે તેની સાથે વૈચારિક મતભેદ ઊભો થતાં પરમાનંદભાઈ 'પ્રબુદ્ધ જીવન'નાં પૃષ્ઠો પર એ મુક્તપણે વ્યક્ત કર્યા વગર રહે જ નહિ. પોતાની ભૂલ જણાઈ હોય તો તે પણ એટલા જ મુક્તપણે કબૂલ કરતાં એ ક્યારે ય અચકાયા નહોતા.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થએલા એમના વિવિધ વિષયો ઉપરના લેખોનો એક સંગ્રહ 'સત્યં શિવં સુન્દરમ્' નામથી ઈ. ૧૯૫૪માં પ્રગટ થયો હતો. તે ઉપરાંત 'અહિંસાની અધૂરી સમજણ' જેવી પુસ્તિકાઓ પણ એમણે પ્રગટ કરી છે. તે પહેલાં પૂર્વોક્ત 'આધુનિક જૈનોનું કલાવિહીન ધાર્મિક જીવન' તેમજ 'અંત સમય આસપાસ' જેવાં પ્રકાશનો પણ કરેલાં. એમનાં લખાણોમાં વિચારોની વિશદતા, દલીલોની તર્કબદ્ધતા, વિષયનું વૈવિધ્ય અને વિશુદ્ધ વિશ્લેષણ, શૈલીની રોચકતા, સુઘડતા અને સ્પષ્ટતા આગળ તરી આવે છે. આ લખાણોમાંથી એમનું નિખાલસ, નિર્દંશ અને ન્યાયપ્રિય પત્રકાર તરીકેનું, વિશુદ્ધ વ્યાપક વિચારક તરીકેનું, સ્વતંત્ર બુદ્ધિમાન સ્વાર્થહીન સમુત્કટ સમાજ-સુધારક તરીકેનું, દૂરંદેશ, દૃઢ દેશપ્રેમી તરીકેનું, સદાગ્રહી સરળ સાદગીભર્યા સંસારી તરીકેનું અને આ સહુથી વિશેષ તો આદમિયતના અભિવાદક આદમી તરીકેનું વ્યક્તિત્વ પ્રગટી રહે છે.

'પ્રબુદ્ધ જૈન' અને પછીથી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેની સફળ કારકિર્દીથી આકર્ષાઈ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી પરમાનંદભાઈને 'યુગદર્શન' નામક માસિક પત્ર શરૂ કરવાનું સૂચવાયું. એમણે છ માસ સુધી એ સામયિકનું સંપાદન કરી નવી જ હવા જમાવી હતી. જોકે સંસ્થાના આર્થિક સંજોગોને લઈને એ સામયિક બંધ થયું, છતાં ય પરમાનંદભાઈના દૃષ્ટિસંપન્ન સુરુચિપૂર્ણ સંપાદનની સુવાસ મૂકતું ગયું. ત્યાર બાદ એઓ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના એક ટ્રસ્ટી નિમાયા. પત્રકાર તરીકેની એમની પાત્રતા, પરિપક્વતા ને પ્રજાપ્રિયતાનું આ બીજું સીમાચિહ્ન બની રહે છે.

જીવનભરની એમની નિઃસ્વાર્થ સેવાને પુરસ્કારવા મુંબાઈ જૈન યુવક સંઘે ઈ. ૧૯૬૯ના ડિસેમ્બરની ૨૫મી તારીખે સંઘના નવા સભાગૃહને 'શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ' તરીકે જાહેર કર્યું. વળી, ઈ. ૧૯૭૦ની ૮મી માર્ચે લાયન્સ ક્લબ રાજકોટ તરફથી એમનું દેશના સાંસ્કૃતિક ઘડતરમાં એક મહત્ત્વના ચિંતક તરીકે સન્માન થયું. એમની આ લોકપ્રિયતાનાં કારણો બે: 'પ્રબુદ્ધ જીવન' ને 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'.

પર્યુષણ પર્વ નિમિત્તે પ્રજાને પોષક વિચારોનું જીવનપાથેય મળી રહે એ આશયથી એમણે ઈ. ૧૯૩૨થી પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરી. જો કે વચ્ચે તે થોડો સમય બંધ રહી, પરંતુ ૧૯૩૬થી તો એ નિયમિત રીતે વિકસતી ગઈ અને લોકપ્રિય બનતી રહી. પર્યુષણ પર્વ નિમિત્તે ધાર્મિક જનતા એકનાં એક જ ઘરેડિયાં ધર્મપ્રવચનો સાંભળવાની ટેવમાં ફસાઈ ગઈ હતી. તેને આ વ્યાખ્યાનમાળા દ્વારા પરમાનંદભાઈએ નવસંજીવની છાંટી. અને સાંકડા ધાર્મિક વર્તુળમાંથી એ વ્યાખ્યાનમાળાને





ઈ. ૧૯૩૬માં] પ્રસન્ન દાંપત્ય [ઈ. ૧૯૬૯માં

મુક્ત કરી વિસ્તૃત ફલક પર લાવી મૂકી. જીવનનાં તમામ ક્ષેત્રો અને વિચારની તમામ ક્ષિતિજોને સ્પર્શતી આ વ્યાખ્યાનમાળામાં જૈનો જેટલો જ જૈનેતરોને પણ રસ પડ્યો. સર્વ કોમ અને સર્વ ધર્મના ચુનંદા વક્તાઓને એઓ નિમંત્રણ આપતા. એના વિષયોની યાદી જોતાં એમાં એટલું વૈવિધ્ય લાગે છે કે આ વ્યાખ્યાનમાળા પ્રતિવર્ષ પ્રજાહિતના નવ પ્રવાહથી વહેતી જ્ઞાનગંગા જ જોઈ લો! એઓ આખું વર્ષ એ નવી વ્યાખ્યાનમાળા માટે વક્તાની શોધમાં રહેતા. નીવડેલા વક્તાઓને ઉમર, જાતિ, ધર્મ, સંપ્રદાય કશાયના ભેદભાવ વગર તે નોતરતા અને આખું યે સપ્તાહ વિચારમાધુરીની મનભર લહાણ થતી. 'પર્યુષણ વ્યાખ્યાનમાળા'ના આ વક્તાઓની સૂચિ એમના સંબંધના વિસ્તૃત ફલકની ઝાંખી કરાવે છે. સમાજ, ધર્મ, રાજકારણ, સાહિત્ય, એમ વિવિધ ક્ષેત્રોની અગ્રગણ્ય વ્યક્તિઓ સાથે પરમાનંદભાઈને નિકટનો પરિચય. પરંતુ આ પરિચયનો એમણે સ્વાર્થ, સત્તા કે સંપત્તિ સાધવા ક્યારેય ઉપયોગ કર્યો નહોતો. અને કદાચ એથી જ એમના સંબંધો સ્થિર અને ચિર રહ્યા હતા. આમ માનવ પરિચય મેળવવામાં, કેળવવામાં ને કૉળાવવામાં એઓ પાવરધા હતા. એકાદવાર પણ એમના પરિચયમાં આવનાર વ્યક્તિ એમના પ્રેમાળ વ્યક્તિત્વના ચુંબકમાંથી છટકી શકતી નહિ. કોઈ પણ નાની પરંતુ માનવતાથી મહોરતી વ્યક્તિનો સામે ચાલીને પણ સંબંધ કેળવવામાં એમને સંકોચ નહિ. આમ એ માનવ હીરાના સાચા ઝવેરી હતા.

એમના આ સ્વભાવે જ એમને સ્વદેશ-સ્વાતંત્ર્યની ચળવળમાં સક્રિયરીતે ઝંપલાવવા પ્રેર્યા હતા. ગાંધી-વિચાર અને આદર્શોથી રંગાઇને એમણે એ લડતમાં ઝંપલાવ્યું. પાંચ પુત્રી અને પત્નીના ઘરસંસારની સકલ જવાબદારી પોતાને શિરે હતી તેની લેશ પણ દરકાર કર્યા વગર માતૃભૂમિની મુક્તિ કાજે એમણે જેલવાસ પણ સ્વીકાર્યો. લગભગ ૨૫–૧૧–'૩૦થી ૭–૫–'૩૧ સુધી થાણામાં અને ૭–૫–'૩૨થી ૮–૧૨–'૩૨ સુધી નાસિકમાં એમણે જેલની સજા ભોગવી. ત્યાં પણ એમણે જીવન-સાધના તો ચાલુ જ રાખી. જેલમાં રહ્યેરહ્યે પણ પત્નીને નિરાશ નહિ થવા એમણે પત્ર પાઠવેલો: 'તું પણ તારી વિષાદછાયામાંથી મુક્ત થા અને ભાવિ જીવનની સંકટ-સમૃદ્ધિને ધારણ કરવા યોગ્ય વીરતા-પ્રફુલ્લતા-પ્રસન્નતા ધારણ કર!' સંકટને પણ સમૃદ્ધિ ગણી સત્કારવાની આ સાધુતા એ જેવીતેવી વીરતા નથી. એમણે જીવનભર આવી ક્ષાત્રપટ દાખવી છે–બલ્કે સંકટોને, સંઘર્ષોને એમણે આત્મ-કસોટી અર્થે આહ્વાન આપ્યું છે. ગાંધીદીધાં સત્ય અને સાદાઈ, અપરિગ્રહ અને અહિંસા, નિખાલસતા અને નીડરતાના પાઠો એમણે આત્મસાત્ કરી લીધેલા. રાષ્ટ્રભક્ત કવિ ખબરદાર અને રાષ્ટ્રપિતા ગાંધીજીનું પ્રેરક મિલન પણ પરમાનંદભાઇની જ વ્યવહારકુશળતાએ કરાવી આપ્યું હતું. ગાંધીવિચારથી રંગાએલા પરમાનંદભાઈનાં જ્યેષ્ઠ પુત્રી મધુરીબહેનનું લગ્ન ૧૯૩૪માં ઘોળ બહાર થયું ત્યારે જ્ઞાતિવિરોધ સામે જ્ઞાતિમાંથી રાજીનામું ધરી દેતાં પણ એ પાછા પડ્યા નહોતા. સુભાગ્ય તો એ હતું કે એમની આ ક્રાંતિવાદી પત્ની પ્રવૃત્તિમાં વિજયાબહેનના સહકારનો પણ કંઈ ઓછો ફાળો નહોતો!

શુદ્ધતાના આ આગ્રહીનું જીવન શુષ્ક નહોતું. સંગીત, ચિત્ર, પ્રવાસ-પર્યટનાદિમાં એમને ઊંડો રસ હતો. અભ્યાસકાળ દરમિયાન એમણે સંગીત શીખવાના પ્રયાસો કરેલા એની સાક્ષી વાયોલિન, દિલરૂબા, સિતાર, હારમોનિયમ વગેરે ઘરનાં વાજિંત્રો પૂરે છે. ભુપાલી અને દુર્ગા એમના પ્રિય રાગ. સંગીતના આ શોખથી પ્રેરાઈ એઓ ચલચિત્ર 'તાનસેન' પ્રજ્ઞાચક્ષુ સુખલાલજીને પણ જોવા (કાનથી સ્તો!) લઈ ગએલા.

ચિત્રોનો પણ એમને એવો જ ભારે શોખ. અનેક સુંદર ચિત્રો એમના સંગ્રહમાંથી મળી રહે. ઘરના પ્રત્યેક સ્થાનને એમણે ચિત્રથી શણગારેલું. આજના ખ્યાતનામ કલાકાર કે. કે. હેબ્બર (એક વખતના એમના પડોશી હતા)ને સૌરાષ્ટ્રની સંસ્કૃતિના પરિચયાર્થે તેઓ જાતે જ ભાવનગર લાવેલા. એમને પ્રોત્સાહિત કરવામાં પણ પરમાનંદભાઇનો ઠીકઠીક ફાળો.

પ્રવાસ-પર્યટનના પણ એવા જ રસિયા જીવ. પર્વતનાં શિખરો અને કંદરાઓ, હરિયાળાં મેદાનો અને સાગરકિનારા આ સહુ એમનાં પ્રિય પ્રવાસધામો. હિમાલય માટે તો એક સ્વજન સમો પ્રેમ! પ્રકૃતિના સાન્નિધ્યમાં એ નવચેતન પામતા. એમનો પ્રવાસોત્સાહ એમનાં પ્રવાસ-વર્ણનોમાં વારંવાર ડોકિયાં કરી જાય છે. પ્રવાસ દરમિયાન મુખ્યત્વે રેલના ડબ્બાના બારણા પાસે ઊભા રહી પ્રવાસ માણવાનો એમનો વિશિષ્ટ શોખ.

આવા, માનવપારખુ ઝવેરી તરીકે વણિક, આજીવન જ્ઞાનોપાસના કરનાર બ્રાહ્મણ, સંઘર્ષો સામે સદા ઝઝૂમનાર ક્ષત્રિય; નીડર, નિષ્ઠાવાન, નિર્દંશ પત્રકાર; સ્વાર્થહીન, શાણા સમાજસુધારક; મુક્ત અને મૌલિક વિચારક; સમભાવી અને સ્નેહાર્દ્ર સંસારી; શુદ્ધ અને શાંત સ્વદેશપ્રેમી; મોકળામનના માનવમર્મી; સરળતા, સાદાઈ, સત્ય, સૌન્દર્ય ને શુચિતાના આગ્રહી આશક અને પ્રબુદ્ધ પુરુષ પરમાનંદભાઈ ઈ. ૧૯૭૧ના એપ્રિલની ૧૭મી તારીખે હૃદયરોગના હળવા હુમલાથી સવારના નવ વાગ્યે મુંબાઈ ખાતેના પોતાના નિવાસસ્થાનેથી પરમ આનંદધામમાં જઈ વસ્યા એ આપણા વિચારપત્ર અને વિચારકવર્ગને ભારે મોટી ખોટ પડી છે. ઋગ્વેદની ઋચા—'आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः' (દરેક દિશાએથી અમને શુભ ને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.)નો આદર્શ જાણે કે એમણે જીવનભર અપનાવ્યો હતો; તે એમના દેહવિલય બાદ પણ પ્રજાજીવનમાં દૃઢમૂલ બનો એ જ પરલોકવાસી પરમાનંદભાઇનો પરમ આનંદ હો! □

યુના

એક હેડંબા સુંદરીની પ્રેમકથા

શિવપ્રસાદ જોષી

આ મારા ખાતા પાસે મેમબરી ગામના લોકોએ આવીને માગણી મૂકી કે ત્યાં જે વિચિત્ર બની રહ્યું છે તેની તપાસ થવી ઘટે, ત્યારે જ મને ડિક્સનના નામે ચાલતી ઘટના વિષે પ્રથમ વાર જાણવા મળ્યું. હું સરકારી જીવદયા ખાતામાં ઇન્સ્પેક્ટર તરીકે કામ કરું છું. મારા એક બીજા સહકર્મચારી પણ છે—આલ્ફ્રેડ. એને પ્રાણીઓ બહુ જ વહાલાં. હું તો આ નોકરી કરવા ખાતર કરતો, પણ આલ્ફ્રેડને મન પક્ષી-પ્રાણીઓ શ્વાસ-પ્રાણ સમાં હતાં; એથી તેમના પ્રત્યેની ક્રૂરતાનો કોઈ કિસ્સો એના હાથમાં આવે ત્યારે એ રાજીના રેડ થઈ જતો.

મેમબરી ગામના પ્રતિનિધિ મંડળની વાત સાંભળી એની ઇંતેજારી ખૂબ વધી ગઈ હતી. પહેલાં તો મેં ધારેલું કે કોઈના ગધેડાની પૂછડીએ ડબલાં બાંધીને હેરાન કર્યાની ફરિયાદ જેવું હશે. પણ વાત તદ્દન જુદી જ નીકળી અને તે બરાબર સમજાવતાં પ્રતિનિધિ મંડળને તકલીફ પડતી હતી. વાત ખરેખર બહુ વિચિત્ર હતી.

તેમના ગામમાં વહેલી પરોઢમાં દૂધની ગાડી હંકારીને ટીમ ડેરલ જતો હતો ત્યાં રસ્તા વચ્ચે એક અચરજ જોયું. એણે ગાડીને તાબડતોબ ઊભી રાખવા બ્રેક તો મારી, પણ એણે જે જોયું તેનાથી એના મોંમાંથી ચીસ નીકળી પડી! લોકો એ સાંભળી બારીબારણાં ધડાધડ ઉઘાડી જોવા લાગ્યાં. રસ્તા વચ્ચોવચ્ચ બે વિચિત્ર પ્રાણીઓનું જોડકું નિહાળી સ્ત્રીઓ તો 'બાપ રે' કરતી ઘરમાં જ પેસી ગઈ.

એ પ્રાણીના દેખાવ વિષે એટલું જ કહી શક્યા કે કોઈ વિરાટકાય કાચબો પાછલા પગે ઊભો રહી ચાલતો હોય તેવાં એ લાગતાં હતાં. ઊંચાઈ પાંચ થી છ ફૂટ! માણસનાં જેવડાં માથાં–પણ વાળ વિનાનાં! ચાંચ અથવા નાક ઉપર બંને બાજુ ચળકતી આંખો! ખાસ વિચિત્ર તો એ હતું કે બંને બાજુ એમને માણસના જેવા હાથ પણ હતા.

ગામલોકોની મશ્કરી કરવા આવો વેશ કોઈએ ભજવ્યો હોય તે શક્ય નહોતું, કેમ કે એક ચોકિયાતે બાર બોરની બંદુકમાંથી છોડેલી ગોળીઓ એમને ભટકાઈને નીચે પડી હતી. છેવટે આ બંને પ્રાણીઓ નદી તરફ ચાલ્યાં ગયાં ને પાણી-કાદવના પોચા કાંપમાં અદૃશ્ય થઈ ગયાં.

પ્રતિનિધિઓને મેં પૂછ્યું: 'હવે જ્યારે તેમનું અસ્તિત્વ નથી તો અમારે શું કરવાનું રહે છે?' પણ આલ્ફ્રેડે તો વધુ મુદ્દાસર કહ્યું : 'ખરી-રીતે મેમબરીના પ્રજાજનો વિરુદ્ધ અમારે જ ફરિયાદ કરવી પડશે કે એ પ્રાણીઓને મોતના મુખમાં જતાં અટકાવવા તેમણે કાંઈ જ ન કર્યું!'

પ્રજાજનોએ કહ્યું કે આ પ્રાણીઓનું પગેરું મેમબરી ગ્રાન્જ પાસે નીકળતું હતું. મેં પૂછ્યું: 'ત્યાં કોણ રહે છે?' જેવું તેમણે કહ્યું કે ડૉ. ડિક્સન છેલ્લાં ત્રણચાર વર્ષોથી રહે છે, કે તરત મારા મનમાં બિલ પાર્સનની એક શ્રુતિકા ઝબકી ગઈ. ડૉ. ડિક્સનની પ્રયોગશાળામાં એક નવા ભાગનું ચણતરકામ થતું હતું ત્યારે બિલ પાર્સને એક શોધ કરી હતી. એક ઓરડામાં લોઢાના જાડા સળિયાનાં પિંજર હતાં. એક ટેબલ પર જીવતું પ્રાણી હતું—કાચબા જેવું અને માણસના જેવા હાથ તેને ચોંટાડ્યા હતા!

એ વખતે તો મેં ઘટતું કરવાની ખાતરી સાથે પ્રતિનિધિમંડળને રવાના કર્યું. આલ્ફ્રેડ ઊંડા વિચારમાં ઊતરી ગયો હતો. બધી વાતના તાણાવાણા મેળવી તેણે ડૉ. ડિક્સનની વૈજ્ઞાનિક કામગીરીમાં, જીવવિદ્યા ને વાઢકાપની પ્રવૃત્તિમાં અનેક શંકાઓ વ્યક્ત કરી. પ્રાણીઓ ને મનુષ્યોનાં અંગ-ઉપાંગોનો ઉપયોગ કોઈ ગંભીર વસ્તુ ભણી નિર્દેશ કરતો હતો.

બીજે દિવસે હું અને આલ્ફ્રેડ મેમબરી ગ્રાન્જ પહોંચ્યા. મેં તેને સ્પષ્ટ સમજાવ્યું હતું કે હું ડૉ. સાથે વાતચીત કરું ત્યારે તેણે આંખ-કાન ખુલ્લા રાખી બધું નિરીક્ષણ કરી લેવું. ખાસ કરીને બહુ ચર્ચામાં ઊતરવું નહિ. અમે પહોંચીને નોકર સાથે કહેણ મોકલ્યું. જરાવારમાં તેઓ આવે છે એવો જવાબ તેમણે મોકલાવ્યો. થોડીવારમાં એક ઊંચો, અસ્તવ્યસ્ત કપડામાં સજ્જ ફરફરતી દાઢીવાળો સજ્જન ત્યાં હાજર થયો.

મારાથી કહેવાઈ ગયું: 'આટલો બધો ફેરફાર? ડૉ. ડિક્સન તમે?' પછી આલ્ફ્રેડને તેમની ઓળખાણ કરાવતાં મેં કહ્યું: 'આ ડૉ. ડિક્સન! એક વાર એક જમાનામાં તેઓ મને બાયોલૉજી શીખવતા. પછી તો લાખોનો વારસો તેમને મળ્યો. આજે આ સ્વતંત્ર પ્રયોગશાળા ચલાવે છે!'

ડૉ. ડિક્સને આવકાર આપ્યો: 'આવો, અંદર આવો!'

મેં તેમને કહ્યું: 'તમને ખબર હશે કે અમે એક તપાસ અર્થે આવ્યા છીએ. ઘણે વર્ષે મળ્યા-તેનો આનંદ તો છે જ. પણ મારા મિત્ર આલ્ફ્રેડના મન ઉપરથી એક બોજો પણ ઉતારવાનો છે.' ડૉ. ડિક્સને આલ્ફ્રેડ ભણી નજર કરી. તે હજી અક્કડ ઊભો હતો. એણે બેસવાની ચેષ્ટા પણ ન કરી.

મેં ગામલોકોએ જે વાત કહી હતી તેનું વર્ણન કર્યું. એ સાંભળીને ડૉક્ટરે કહ્યું: 'ત્યારે એ પ્રાણીઓનો અંજામ એ રીતે આવ્યો?' આલ્ફ્રેડે પૂછ્યું: 'એટલે તમે કબૂલ તો કરો છો કે તેને માટે તમે જવાબદાર છો?'

ડિક્સન: 'પ્રાણીઓ પૂરતો; તેમના દુ:ખ માટે નહિ.'

આલ્ફ્રેડે અધીરાઈથી પૂછ્યું: 'પણ તેને હાથ ક્યાંથી આવ્યા? આવી રીતે કુદરતની વિરુદ્ધ આચરણ કરવામાં—સ્વાભાવિકનું અસ્વાભાવિકમાં રૂપાંતર કરવામાં શો હેતુ રહેલો છે?

ડૉ. ડિક્સન: 'તમારી તપાસ ઠીક છે, પણ તે કરવાની રીત બરોબર નથી. માણસ પોતાની મર્યાદા સમજીને સામગ્રીનો ઉપયોગ કરે છે. અથવા હું જે કંઈ કરી રહ્યો છું તેને તમારા પૂર્વગ્રહોની અનુમતિ નથી, ખરું ને?'

'ગમે તે નામ આપો, પણ પ્રાણીઓના અંગોનું વિચ્છેદન જે રીતે અહીં થઈ રહ્યું છે તે બાબતમાં પોલીસની પણ અમારે મદદ લેવી પડશે, જો યોગ્ય ખુલાસો નહિ મળે તો!'

'આ બધી બાબત બેત્રણ માસમાં હું જાહેરમાં જ મૂકવાનો છું. મેં કોઈ જીવંત પ્રાણીને હાથ અડાડ્યો નથી,—મેં તો નવાં બનાવ્યાં છે!'

'પણ જીવતા પ્રાણીના નમૂના, ને તેના પર પ્રયોગો તો કર્યા જ ને?'

ડિક્સને માથું ધુણાવ્યું: 'જી ના: "જીન" પ્રકારનાં આ પ્રાણીઓનું સર્જન મારું જ છે અને તેમાં જીવનનો સંચાર પણ મેં જ આણ્યો છે!'

આલ્ફ્રેડ: 'હું એ માનવા તૈયાર નથી. તમારી સામે આગળ પગલાં ન ભરીએ તે માટે આ ધતિંગ તમે હાંકતા લાગો છો!'

ડિક્સન: 'જીવનકોષની અનેક રીતે શોધ થઈ શકે છે; હજુ સુધી કોઈ એ દિશામાં આગળ કેમ ન વધ્યું તેની મને નવાઈ લાગે છે.'

આલ્ફ્રેડ: 'મારા મગજમાં ઊતરતું નથી!'

ડિક્સન: 'આવો પ્રત્યક્ષ પ્રયોગ નિહાળીએ...'

સો ફૂટ લાંબા ત્રીસ ફૂટ ઊંચા ઓરડામાં અમે દાખલ થયા. ગભરામણ થાય તેવી વિચિત્ર વાસ આવતી હતી. અનેક જાતનાં સાધનોની વિપુલતાથી આશ્ચર્ય થયું. વિભાગવાર તે ગોઠવેલાં હતાં; રસાયણ વિભાગ, વિદ્યુત વિભાગ. વચ્ચે ઑપરેશન ટેબલ હતું. એક બાજુ કોઈ શિલ્પીનો સ્ટુડિયો હોય તેમ ટેબલ ઉપર આકાર બનાવવાનાં ડાઈ જેવાં સાધનો પડ્યાં હતાં. ડિક્સને એક ટેબલનું ખાનું ઉઘાડતાં કહ્યું; 'તમારી કલ્પનાનું બિહામણું સ્વરૂપ આ રહ્યું!'

મેં તથા આલ્ફ્રેડે બારીકાઈથી નિરીક્ષણ કર્યું. પીળચટા મીણમાંથી બનાવેલો મનુષ્યના હાથનો તે આકાર હતો: તદ્દન લીસો, રેખાઓ વિનાનો, આંગળીઓમાં નખ વિનાનો. એક ધાતુની ઉપસાવેલી બનાવટ તરફ આંગળી ચીંધી આલ્ફ્રેડે માહિતી માગતાં ડિક્સને કહ્યું: 'હાડકાના

આકારોને દબાણ આપવાનું સ્ટેઈનલેસ સ્ટીલનું ઓજાર છે. વજન ઓછું થાય તે માટે આગળ ઉપર પ્લાસ્ટિકનાં હાડકાં બનાવવા ધારું છું.'

'તમે મનુષ્યશરીરના હાથના ભાગને વધુ મહત્ત્વ કેમ આપ્યું છે?'

'હાથ શરીરનો એવો અવયવ છે જે બધું કામ કરે છે. હવે સર્વાંગ સંપૂર્ણ માનવીને મળતું 'જિન' બનાવું છું. તેને મગજ પણ છે જે કામ આપે છે. પણ તેને વધુ અભ્યાસ અને કેળવણીની જરૂર છે.'

મેં પૂછ્યું : 'અમે તે જોઈ શકીએ?' ડૉક્ટરે કહ્યું : 'તેને માટે પૂર્વભૂમિકા તૈયાર કરીએ.' એટલું કહી સર્જરીનાં સાધનોથી ભરેલા કબાટમાંથી એક આકારહીન સફેદ પદાર્થ કાઢી ટેબલ પર મૂક્યો, અને પૈડાંવાળી ગાડી પર વીજળીયંત્ર સુધી લઈ ગયા. ત્યાં માનવ હાથ સાથે તેનું જોડાણ થતું જોઈ અમે બંને આભા બની ગયા. આલ્ફ્રેડે નજીક જઈ, તે પદાર્થમાં આંગળી ઘોંચી પરીક્ષા કરી લીધી અને પૂછ્યું : 'જીવન-કોષની તમારી ભૂમિકા વિદ્યુત બીજને આભારી છે?'

ડૉક્ટરે ભૂરો પ્રવાહી પદાર્થ ભરેલી શીશીમાંથી તેને માપ-પ્યાલીમાં રેડતાં કહ્યું : 'તે રાસાયણિક પણ સંભવી શકે છે!' ત્યાર બાદ વીજાણુનો પટ આપી, પેલા સફેદ પદાર્થ ઉપર ત્રણ જગ્યાએ એક સિરિન્જમાંથી એ પ્રવાહીનાં ઈન્જેક્શન આપ્યાં અને આખા પદાર્થ ઉપર ઍટમાઈઝરમાંથી રસાયણ છાંટ્યું. પાંચ મિનિટ પછી તે પદાર્થે સળવળ્યો એટલું જ નહિ, પણ હાથની મૂઠીઓ વળતી લાગી અને તે કાંઈ પકડવા માગે છે તે સ્પષ્ટ જોઈ શકાયું. મેં આશ્ચર્યમાં ગરકાવ બની ડિક્સનને પૂછ્યું : 'મરેલા માણસ ઉપર આ પ્રયોગ કર્યો હોય તો?'

તેણે ડોકું ધુણાવ્યું : 'ત્યાં કારી ફાવતી નથી. હું આને જીવન કહેતો નથી; પણ જીવનનો એક પ્રકાર છે એટલું ચોક્સ!'

આલ્ફ્રેડે પૂછ્યું : 'તમે જે સર્વસંપૂર્ણ પ્રાણી બનાવ્યું છે તે ક્યાં છે?'

ડિક્સનને કહ્યું : 'તે સ્ત્રી જાતિનું છે. મેં તેનું નામ 'યુના' રાખ્યું છે.' એમ કહી તે એક મોટા પિંજર ભણી અમને દોરી ગયા. જોઈને જ અમે ડઘાઈ ગયા! કાળા અબનૂસ રંગનું, ત્રિકોણ આકારનું, છ ફૂટ ઊંચાઈ ધરાવતું વિરાટકાય જાનવર! ટીપોય જેવા ત્રણ ટૂંકા પગ, ચાર હાથ; છ ઈંચને અંતરે તગતગતી બે આંખો! જોઈને જ અમને ચક્કર આવવા લાગ્યાં!

ડૉક્ટરે તેના તરફ ગૌરવભેર જોતાં કહ્યું : 'યુના, મહેમાન આવ્યા છે!'

યુનાએ મારા અને આલ્ફ્રેડ તરફ વારાફરતી આંખો તાકી. તે મટકાં પણ મારતી હતી. અચાનક ધરતીમાંથી નીકળતો અવાજ કાને પડ્યો : 'ઘણા વખતની આ મારી માગણી છે!' એ સાંભળી આલ્ફ્રેડને નવાઈ લાગી : 'અરે, આ તો વાત પણ કરે છે!'

યુનાએ દૃષ્ટિ તેના પર માંડી : 'આની આંખો મઝાની છે—આ જણ ઠીક છે!' ડિક્સને ઠપકો આપ્યો : 'શાંત રહે, યુના; તું માને છે એવું કાંઈ નથી!' પછી અમારા તરફ ફરીને સૂચના આપી કે બોલવાચાલવામાં બહુ ધ્યાન રાખવું પડશે. યુનાનો વિકાસ માનસિક રીતે અધૂરો છે; પોતાના બળનું તેને ભાન છે; તે સહેલાઈથી ઉશ્કેરાય છે.' પછી એમણે શા માટે આવો આકાર પસંદ કર્યો તે સમજાવ્યું : 'મનુષ્યાકારની ખામીઓ દૂર કરવાનો તેમાં આશય હતો. ખાસ કરીને આપણા જેવું માથું તેને નથી રાખ્યું. બે આંખો આગળ અને એક પાછળ, એમ ત્રણ આંખો છે, જેથી આગળપાછળ જોવામાં તકલીફ ન પડે. મગજનું સ્થાન જઠર પાસે અને ખાવા માટેનું મોં પાછળ છે. શ્વાસ લેવા અને કાઢવા માટે જુદી વ્યવસ્થા કરી છે, જે મનુષ્ય કરતાં વધુ સારી છે. મેં ધારેલું તે કરતાં વજન વધી ગયું છે—લગભગ એક ટન થવા જાય છે; અને તેથી જ પગ હાથી જેવા બનાવ્યા છે અને ત્રણ પગ રાખવાનું કારણ પણ સ્થિરતા આપવા માટે છે. પ્રજનન વ્યવસ્થા માટે ગ્લૅન્ડનું સમતોલપણું જરૂરી છે. તેમાં વધુ સુધારાવધારાને અવકાશ રહેવા દીધો છે...'

આલ્ફ્રેડ તરફ મીટ માંડી રહેલી યુનાનો ઘેરો અવાજ આવ્યો : 'આ જણ મને ગમે છે...ચાલશે...' ડિક્સને ફરીથી તેને શાંત કરી.

આલ્ફ્રેડે સર્વેક્ષણ કરીને કહ્યું : 'આ પ્રાણી ભલે તમારું સર્જન હોય પણ તેને બીજાં જાનવરો જેટલા જ હકો છે. આ સાંકડી જગ્યા તેને માટે અપૂરતી છે. આમાં હરવાફરવાનો અવકાશ નથી. તેને પૂરતું પોષણ મળે છે કે નહિ તે પણ પ્રશ્ન છે. તે બોલવા માગે છે ત્યારે તમે અટકાવો છો.'

હું આલ્ફ્રેડને ટપારવા જતો હતો ત્યાં ફરીથી ગર્જના કરતો અવાજ આવ્યો : 'ભારે ફાંકડો છે. આંખો કેવી ચમકે છે! મને એ ગમે છે!' ડિક્સન ફફડી મારી આગળ આવ્યો : 'દૂર રહો! યુનાથી દૂર રહો!'

યુનાએ તેના બે હાથ પિંજરની જાળીમાંથી બહાર કાઢવા પ્રયત્ન કર્યો હતો. ડૉક્ટરે તેને પિંજરમાં પાછળ ધકેલી દેવા હડસેલો માર્યો. આલ્ફ્રેડને પહેલી જ વાર ભયસંચાર થયો. યુનાએ પગ પછાડી મકાનને ધણધણાવી મૂક્યું. ડિક્સન વિચારે ચડી ગયા : 'મને લાગે છે કે હૉર્મોનનું પ્રમાણભાન બરોબર રહ્યું નહિ હોય. યુના જાતીય તોફાને ચડી છે.' તેઓ પિંજરાથી દૂર જવા લાગ્યા તેમ યુના બોલતી રહી : 'મારી પાસે એને લાવો.' અહીંથી બહાર નીકળી જવામાં હવે સલામતી હતી. યુનાને હવે તો નામની ખબર પડી ગઈ હતી. તેની બૂમો આવવા લાગી : 'મારે આલ્ફ્રેડ જોઈએ!'

વારતા ૧૪

વૈતાળ પચ્ચાસી

પ્રવેશ

વિનોદ ભટ્ટ

અને જેવું ફરી એક વાર વિક્રમે સ્મશાનમાં વડ પર લટકતા મડાને ઉતારી ખાંધે નાખી ચાલવા માંડ્યું કે મડાએ વારતા શરૂ કરી :

'...અને સ્વર્ગમાં લટાર મારવા નીકળેલા વિષ્ણુ ભગવાને સેવકરામ નામના કોઈ એક પ્રધાનને સ્વર્ગમાં ટહેલતો જોયો. આ પ્રધાને પૃથ્વી પરનાં કોઈ કાળાં કામ કરવાં બાકી રાખ્યાં નહોતાં. લાગવગ લગાડીને એ નોકરીમાં ઘૂસ્યો હતો, ખટપટો કરી ઉપરી અમલદારોને લડાવી એ પોતે એમના સ્થાને પહોંચ્યો હતો. સસરાના પૈસે પત્નીને નામે વેપાર કરીને અને ચોપડાની અનેક નકલો રાખીને એણે કરચોરી કરી હતી, પૈસાદાર વેવાઈ શોધી એણે પુત્રને પરદેશમાં ભણાવ્યો હતો, લાંચ આપી એણે ઘણાં લાઈસન્સ મેળવીને વેચી ખાધાં હતાં. પૈસાના જોરે અને વગ વડે હરીફોને સામ દામ ભેદ દંડથી હરાવીને એણે ચૂંટણીઓમાં જીત મેળવી હતી. જરૂર લાગી ત્યારે અને પૈસા મળ્યા ત્યારે પાટલીઓ પણ બદલી હતી અને પોતાની સામે માથું ઊંચકનારને ઉખેડી નાખવા વિદ્યાર્થીઓનાં આંદોલનો જગાવીને ને ગુંડાઓ રોકીને એણે એમની માલમિલકત લુંટાવી-બળાવી નાખવાથી માંડી કોઈનું ખૂન પણ કરાવતાં એ અચકાયો નહોતો. આવા નપાવટ માણસને સ્વર્ગમાં સ્થાન મળે તો પુણ્યાત્માઓનો સ્વર્ગ પરથી વિશ્વાસ ઊઠી જાય એ વિચારે ભગવાન ચિંતામાં પડી ગયા.

ભગવાને તાત્કાલિક ચિત્રગુપ્તને બોલાવી ચોપડા તપાસડાવ્યા. સેવકરામના ખાતામાં ઉધાર બાજુએ સેંકડો પાપ હતાં, પણ જમા બાજુએ એક પુણ્ય પણ હતું : સેવકરામ મૃત્યુ પામ્યો તે.

આ પાપાત્મા સ્વર્ગમાં પેઠો ક્યાંથી?—એના સંશોધન માટે પ્રભુએ એક તપાસપંચ નીમ્યું. પંચે સેવકરામનાં કૃત્યોનાં જમાઉધાર પાસાંની બહુ ચાંપતી તપાસ કરી પરંતુ સેવકરામના પક્ષમાં કશું શોધી શક્યા નહિ.

વારતાને આટલેથી જ અટકાવતાં વેતાળે રાજા વિક્રમને પૂછ્યું : 'તો હે વિક્રમ, આ પ્રધાન સ્વર્ગમાં કેવી રીતે પેસી ગયો હશે?'

'પાછલે બારણેથી...' વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું સરકીને ઝાડ પર લટકી ગયું.

લઘુકથા

સિક્કો એક—બાજુ બે

રતિલાલ બોરીસાગર

તેના જીવનમાં એક ઊંડો અસંતોષ વ્યાપી રહ્યો છે. તેની પત્ની સરુ રૂપાળી નથી. રૂપનું પોતાને આટલું પ્રબળ આકર્ષણ હશે તેનો એને બહુ ખયાલ ન હતો. એણે પોતે જ તો તેને પસંદ કરી હતી. પણ લગ્ન પછી ધીરેધીરે એની રૂપની તરસ વધતી જતી હતી. જીવનમાં સદ્‌ગુણ-સંસ્કારના મહત્ત્વને એ જરૂર સ્વીકારતો હતો. એ દષ્ટિએ સરુ સંસ્કારી હતી; ભણેલી, સદ્‌ગુણી અને ઘરરખુ પણ હતી. તો ય... તે રૂપાળી નહોતી એ તેને ખટક્યા કરતું. આ ખટકો વધતો જતો હતો. રૂપનાં અજવાળાં પાથરતી કોઈની પત્નીને એ જોતો ત્યારે એનાથી ઊંડો નિસાસો નખાઈ જતો: 'સૌએ કાળજી રાખી રૂપાળી પત્ની જ પસંદ કરી છે. હું જ મૂરખ છું તે સામે ચાલીને...' તે વિચારતો. જીવનના એક અતિ મહત્ત્વના પ્રશ્ને હારી બેઠાની લાગણી તેને સતત સતાવ્યા કરતી હતી.

સરુ પિયર ગઈ છે. આ એની પહેલી પ્રસૂતિ છે. સુવાવડમાં ઘણી સ્ત્રીઓ મૃત્યુ પામે છે. એમાં ય પહેલી પ્રસૂતિ તો ખરેખર ભયાનક હોય છે. 'સરુ પણ આ સુવાવડમાં મૃત્યુ પામે તો...! તો તો હવે હું રૂપરૂપના અંબાર જેવી પત્ની જ લાવું... અને એવી પત્ની ન મળે તો જીવન વિધુરાવસ્થામાં જ વિતાવી દઉં...' પણ આવા વિચારોને એ દાબી દેવા પ્રયત્ન કરતો. એને થતું કે આવા વિચારો તો પાપ કહેવાય... માણસાઈની દષ્ટિએ પણ એ અક્ષમ્ય ગણાય. છતાં એને આવા વિચારો આવી જતા. રૂપની તરસ ઉગ્ર થતી જતી હતી—દિનપ્રતિદિન.

આજે એ જૂના પત્રો ફીંદી રહ્યો હતો. સરુએ લગ્ન પહેલાંના ને પછીના પત્રો કાળજીપૂર્વક સાચવી રાખ્યા હતા. એક જૂનો પત્ર તેના હાથમાં આવ્યો: બે વર્ષ પહેલાંનો, સરુએ તેની બહેનપણી પર લખેલો—લગ્ન પછી થોડા વખતે. કદાચ પોસ્ટ કર્યા વગર રહી ગએલો હતો. કે કદાચ પોસ્ટ કરવાનું માંડી ય વાળ્યું હોય. લખ્યું હતું: '...તારા બનેવીનો સ્વભાવ બહુ સારો છે. ખૂબ પ્રેમાળ છે. હા રૂપાળા જરા ય નથી. આ એટલા માટે લખું છું કે એક જોષીએ આપણને બંનેને કહેલું કે 'તમને રૂપાળો વર મળશે' સાંભળીને આપણે કેવાં શરમાઈ ગએલાં? તારી બાબતમાં તો સાચું ય પડ્યું. પણ મારી બાબતમાં સાચું ન પડ્યાનો મને જરા ય અફસોસ નથી. તે એટલા તો પ્રેમાળ છે! ને એ જ મારી મોટી મૂડી છે. મને તો થાય છે કે ભવોભવ...'

એ આગળ વાંચી ન શક્યો. ધરતી એને ફરતી લાગી...

યુનાના ધમપછાડાથી ધરતીકંપ થયો હોય તેમ મકાન ધ્રૂજી રહ્યું.

યુના હવે પિંજરું તોડી નાખે તેવી સંભાવના હતી. અને તો તેને લૅબોરેટરી-રૂમમાં ખુલ્લું મેદાન મળી જાય! વળી કડાકા જેવો અવાજ! ડિક્સને કહ્યું: 'આપણે બહારથી મદદ બોલાવવી પડશે.' એટલું કહી પોલીસ તથા ફાયર બ્રિગેડને ફોન કરી દીધો. અમે દીવાનખાનામાં જઇને બેઠા. લૅબોરેટરીમાંથી ભાંગતોડના કર્કશ અવાજો સંભળાતા રહ્યા, ને તે વધુ અને વધુ મોટા થતા ગયા. ડિક્સનના મુખ પર નિરાશા અને દુ:ખનાં વાદળ છાઈ ગયાં: 'મારું કીમતી રેકર્ડ લૅબોરેટરીમાં જ છે. આજ સુધીના સંશોધનનો ઇતિહાસ! તમારા જીવદયા ખાતાએ મારી નુકસાની ભરી આપવી પડશે. યુના આજ સુધી આજ્ઞાંકિત હતી. આલ્ફ્રેડે તેને ઉશ્કેરી મૂકી અને......' ત્યાં તો ફરીથી મેઘગર્જના જેવો કડાકો અને કાચના બાટલા ફૂટવાનો અવાજ! આલ્ફ્રેડ અસ્વસ્થ બની ગયો—યુના તેના નામની માળા જપતી હતી. ડિક્સન પશ્ચાત્તાપ કરી રહ્યો: 'યુનાના વજનની ગણતરી કરીને મારે હૉર્મોનની માત્રા નક્કી કરવી જોઈતી હતી. કેવી ભૂલ થઈ ગઈ! પણ હવે શું થાય?'

પણ ત્યાં તો અમારા બધાના મોતિયા મરી ગયા. યુનાએ લૅબોરેટરીમાંથી બહાર નીકળવાનું બારણું શોધી કાઢ્યું હતું ને બુલડોઝરની માફક અમારા તરફ ધસી રહી હતી. ડિક્સને બૂમ મારી: 'ચાલો, ઉપલે માળે જતા રહીએ. જલદી કરો!' શક્ય એટલી ઝડપે અમે દાદરા તરફ ધસ્યા. યુનાની દષ્ટિ આલ્ફ્રેડ ઉપર જ હતી. ડૉક્ટર તથા હું આગળ નીકળી ગયા. મેં ધારેલું કે આલ્ફ્રેડ પાછળ જ હશે. પણ ઉપર પહોંચીને જોયું તો તે હજુ નીચે હતો! યુના તેના તરફ ઝડપથી આવી રહી હતી અને તે દાદરા ભણી દોડી રહ્યો હતો. તેણે થોડાં પગથિયાં ચડીને પાછળ જોયું તો યુના દાદરો ચડી રહી હતી. પણ આલ્ફ્રેડ પગથિયું ચૂકતાં ગબડી પડ્યો, અને ક્રિકેટના દડાની જેમ યુનાએ પોતાના ચાર હાથમાં એને ઝીલી લીધો! ડિક્સને આ જોયું અને બોલી ઊઠ્યા: 'ચારે હાથની કેવી સંવાદિતા!' આલ્ફ્રેડ ચીસ પાડી રહ્યો: 'બચાવો! બચાવો!'

ડિક્સને ઘાંટો પાડીને કહ્યું: 'શાંત રહેજો! યુના વધુ ઉશ્કેરાય તેવું કાંઈ કરશો નહિ.' મેં ડિક્સનને પૂછ્યું: 'હવે આમાંથી છૂટવાનો કોઈ ઉપાય?'

તેમણે નિરાશામાં કહ્યું: 'કોઈ જ ઉપાય નથી; પણ યુના કોઈ ઉપદ્રવ કરશે નહિ!' ત્યાં તો નીચે બેચાર વાહનોને ચપોચપ લાગતી બ્રેકના અવાજો સંભળાયા. ફાયર બ્રિગેડના માણસો આવી પહોંચ્યા હતા. પહેલે માળેથી ડિક્સન તેમને સૂચના આપી રહ્યા: 'તમારે તેને ચારેતરફથી ઘેરી લેવાનું છે!'

ફાયર બ્રિગેડના માણસો આભા બની જોઈ રહ્યા હતા. આવું વિચિત્ર પ્રાણી તેમણે જિંદગીમાં જોયું ન હતું. ડિક્સને કહ્યું: 'ચારે બાજુથી મોટાં દોરડાં ભરાવીને તેને ફરતો ભરડો લ્યો!' એક ફાયરમેને દોરડાનો ગાળિયો બનાવીને એવી ખૂબીથી ફેંક્યો કે યુનાના હાથ નીચેના ભાગમાં જઈ ભરાયો.

પણ યુનાને બીજા કોઈની તમા ન હતી. તેણે આલ્ફ્રેડને મજબૂત પકડી રાખ્યો હતો. હવે તો પોલીસો પણ ફાયરમૅનોની મદદે આવી પહોંચ્યા હતા: આ બધા લોકો પોતાને ફરતાં દોરડાં નાખી રહ્યા છે એવો ખયાલ હવે યુનાને આવ્યો અને તેણે તરત બારણામાંથી બહાર નીકળી જવા દોટ મૂકી. દોરડાનો એક છેડો અમે કઠેડા સાથે બાંધેલો તે પણ તૂટી પડ્યો. આલ્ફ્રેડ બચાવવા માટે બૂમો પાડતો હતો. યુના કહેતી હતી: 'નહિ છાડું—આલ્ફ્રેડ હવે મારો છે!'

યુના હવે ઓરડામાંથી બહાર નીકળી ચૂકી હતી અને બહારના દરવાજાનો રસ્તો પકડ્યો હતો. ચોકિયાતે અગમચેતી વાપરી એ દરવાજો બંધ કરી દીધો, પણ તે યુનાના એક જ ધક્કે ફસડાઈ પડ્યો. પોલીસ અને ફાયરમૅનો પણ તેમાં અટવાઈ પડ્યા. થોડી વારે ફાયર એન્જિન-ગાડીમાં બેસી અમે સૌ યુનાની પાછળ પડ્યા. અરધા માઈલથી ઓછે જતાં રસ્તો એટલો ખરાબ આવ્યો કે અમારે ગાડી છોડી પગપાળા ચાલવું પડ્યું. થોડે દૂર નદી આવતી હતી અને તેનો ખખડધજ પુલ પડવા વાંકે ઝૂલી રહ્યો હતો. અમે પહોંચ્યા ત્યારે પુલનો વચ્ચેનો ભાગ ગાયબ થઈ ગયો હતો અને એક ફાયરમૅન નદીમાંથી આલ્ફ્રેડને ઊંચકી લેવા ઝઝૂમતો હતો.

ડિક્સને ચિંતાતુર અવાજે પૂછ્યું: 'યુના ક્યાં છે?'

ફાયરમૅને સૂચકરીતે પાણીના પ્રવાહ તરફ દષ્ટિ કરી.

ડિક્સને બૂમ પાડી: 'જલદી ક્રેન લાવો યુનાને બહાર કાઢવી પડશે!'

પણ હાજર રહેલા સૌકોઈ, આલ્ફ્રેડ પાણી પી ગયો હતો તે કાઢવાની ચિંતામાં પડી ગયા હતા!

(અંગ્રેજી ઉપરથી)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર રાવળ



ડૉ. કાન્તિશંકર પંડ્યા

૫૬૯ અનંતરાય પટ્ટણીનું તેડું

મારી ડાયરીમાં તા. ૨૭-૩-૨૩ની નોંધ છે: 'મારી તબિયત કોઈ ડૉક્ટર હિંમતપૂર્વક સુધારી શકતા નથી. સૌ પોતાના મંતવ્યમાં દૃઢ રહે છે, કોઈ પણ બે ડૉક્ટર એકમત થઈ શકતા નથી. હવે ઈશ્વર ઉપર જ ભરોસો મૂકી થાય તેટલું કરવું ને પ્રભુના નામે ખમી લેવું.'

બપોરે મારા પિતાશ્રીનો પત્ર મળ્યો કે અનંતરાય પટ્ટણી કંઈ ચિત્રકામ માટે મને યાદ કરે છે માટે મારે ભાવનગર આવી જવું. ભાવનગરમાં જ તેમનું કામ સમજી પતાવી લેવું એવો વિચાર કરી હું તે જ રાત્રે ટ્રેઇનમાં નીકળ્યો. તબિયત ઈશ્વર-કૃપાથી સચવાઈ ગઈ. ટ્રેઇનમાં રાજાજી—રાજગોપાલાચાર્ય—ની 'જેલ ડાયરી' વાંચી. ખરેખર, આપવીતીનો રસ આપતું આ પુસ્તક પ્રવાસમાં કટકે કટકે વાંચતાં ય છોડવું ગમતું નહોતું. ભાવનગર પહોંચી અનંતરાય પટ્ટણીને મારા આવ્યાના ખબર મોકલ્યા પણ જવાબ આવ્યો નહિ. મારી ધીરજની એ કસોટી હતી. મારા કાનની પીડાનો અંત જ નહોતો. તે જ વખતે મારા પિતાશ્રી પર રાજ્યના રિવાજ પ્રમાણે બારિયાનાં કુંવરીના કુંવર માટે બાળાભૂષણ લઈ જવાનો હુકમ આવ્યો. બીજી બાજુ ઘરમાં મારાં માતુશ્રીની તબિયત ઘણી ખરાબ હતી. મારાં બહેન પાલીતાણા ગયાં હતાં. બીજું કોઈ સ્ત્રીજન ઘરમાં નહોતું એટલે મેં અમદાવાદથી મારા કુટુંબને બોલાવી લેવા નિશ્ચય કર્યો.

હું અને પિતાશ્રી નીલમબાગ જઈ અનંતરાય પટ્ટણીને મળી આવ્યા. ત્યારે જણાયું કે તેમને તો એક ચિત્રનો તુક્કો જ આવ્યો હતો: પંચવટીમાં રામ, લક્ષ્મણ, સીતા-સ્કાઉટ જેમ બધું જાતે કરી લેતાં તે જીવનનું ચિત્ર ઉપજાવવું હતું. ઘણી લાંબી વાતો પછી મેં ચિત્રનો સ્કેચ પહેલાં બતાવી લેવા કહ્યું અને બે-ત્રણ દિવસમાં ફરી મળીશું કહી અમે છૂટા પડયા તે જ રાત્રે પિતાશ્રી દેવગઢ બારિયે ગયા.

બે દિવસ પછી મેં પેનસિલ-સ્કેચ તૈયાર કરી અનંતરાય પટ્ટણીને ખબર આપ્યા એટલે તેમણે મોટર મોકલી તેમાં તે લઈ મળવા ગયો. તેઓ બીમાર બની બિછાને પડયા હતા, પણ ચિત્ર વિષે સારી ચર્ચા કરી ઘણા ફેરફારો સૂચવ્યા. લક્ષ્મણની આકૃતિ દૂર મૂકવા કહ્યું. વાઘ-દીપડાનાં ચિત્રોની એક ચોપડી બતાવી તેમાંથી વાઘની આકૃતિ લેવા કહ્યું. ઝૂંપડી પાસેનો ચૉક મોટો કરવાનું સૂચવ્યું. આ વાતો કરતાં તેમનામાં મોટાઇનો ડૉળ જરા પણ નહોતો, પરંતુ પોતાના અભિપ્રાય માટે મક્કમ રહેતા લાગ્યા. તેમના સંગ્રહમાંનાં બે લઘુચિત્રો (મીનીએચર પેઇન્ટિંગ, આશરે ૧૦×૧૨ ઇંચ માપનાં) મંગાવી બતાવ્યાં. કોઈ ફ્રેન્ચ ચિત્રકારનું સુંદર ચિત્રકામ હતું. આટલા નાના માપમાં પ્રસંગ ને પાત્રોની ઝીણવટ ભારતીય લઘુચિત્રો જેવી જ પણ તૈલરંગોથી બતાવી હતી. એમાંનો એક ચિત્ર-પ્રસંગ મને યાદ છે. ઇજિપ્ત કે અલ્જીરિયાની પોળના ઘરના આંગણામાં એક બાઈ બંગડીવાળા આગળ હાથ લંબાવી બેઠી છે. બંગડીવાળો હાથ પર બંગડી ચડાવે છે, તેના ત્રાસથી બાઈ નીચું જોઈ રહી છે. પડોશણ તેને થાબડે છે કે પંપાળે છે. ચિત્રની ભાવમયતા અને વાતાવરણની ઝીણવટ તથા સફાઈ જોઈ હું છક થઈ ગયો ને એવું કામ કરવાની શક્તિ પ્રાર્થી રહ્યો.



શ્રી પટ્ટણીએ સૂચવેલા ચિત્રનો સ્કેચ: પંચવટીમાં રામ-લક્ષ્મણ-સીતા

બે-ત્રણ દિવસ મારાં માતુશ્રીની તબિયત બહુ ચિંતાભરી રહી. હું નીલમબાગ જઈ ન શક્યો. વાયદા પ્રમાણે નહિ પહોંચી શકાય એમ મેં શ્રી અનંતરાયને લખી જણાવ્યું. એમણે જણાવેલા ફેરફારો પ્રમાણે મેં ચિત્ર કરવા માંડ્યું, પણ મારું મન માન્યું નહિ. બીજી તરફ મારી માંદગી પણ લાંબી થતી ચાલી. તાવ, ઉધરસ, કાનની પીડા બધું સાથે જ સહન કરવું પડતું. છેવટે અનંતરાય પટ્ટણીનું કામ બનશે તો અમદાવાદથી કરી મોકલીશ એમ કહી તેમનાથી મુક્તિ મેળવી.

૫૭૦ ભાવનગરના મિત્રમેળાપો

મારી બીમારીએ મારું ભાવનગરનું રોકાણ વધાર્યું એટલે મારા બધા જૂના મિત્રોના સમાગમનો લાભ ઠીક મળ્યો. ચિત્ર-અભ્યાસમાં પાવરધા નીકળેલાં બે-ત્રણ સારા વિદ્યાર્થીઓ મારા મિત્રો અને અનુરાગીઓ બન્યા હતા. તેમાં એક ભીમજી મિસ્ત્રી ચતુર બુદ્ધિમાન કારીગર બની પિતાનું કારખાનું સંભાળતા હતા, પણ તેમને ઘરમાં ઘણી વિપત્તિઓ હતી. ભાઇને ક્ષય થયો હતો. પિતા વૃદ્ધ થયા હતા. પત્ની પણ બીમાર રહેતી છતાં આ નવલોહિયાએ ખુરશી-ટેબલના પરંપરાગત કારખાનામાં નવી ઢબનાં દીવાનખાનાનાં ફર્નિચરો કરવા માંડયાં હતાં ને મુંબાઈની ઘરાકી મેળવવા માંડી હતી. એક પઠાણ વિદ્યાર્થી જાનમહમદ પણ ભાવથી મને મળવા આવતો. ભીમજી સાથે ફોટોગ્રાફર શિવલાલ પણ મળતાહળતા થઈ ગયા.

મારા પિતાશ્રીએ તો મારી તબિયત સારી ન થાય ત્યાં સુધી મારે ભાવનગર ન જ છોડવું એવો આગ્રહ જ રાખ્યો અને જુવાન સ્યુ. હેલ્થ ઑફિસર ડૉ. કાન્તિશંકર પંડયાને ઘેર બોલાવી મારી દવા શરૂ કરાવી. તેણે આર્સેનિકનાં ઈન્જેક્શનો આપવા માંડયાં. કાનમાં તો ધારું પડી ગયુ હતું એમ તેણે કહ્યું. દિવસ દરમિયાન મારા જૂના મિત્ર પરભુભાઈની ગાડીમાં તેમને ઘેર, કે દક્ષિણામૂર્તિભવનમાં જઈ નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ વગેરેનો સમાગમ પામતો. નજીકમાં વસતા મારા મિત્ર મસ્તરામ તો બને તેટલા મારી સાથે જ રહેતા. મારા એક સંબંધી જુવાન લાભશંકર ભટ્ટ બી. એસસી.માં પાસ થઈ બેંગલોર સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જવા વિચાર કરતા હતા. મુંબાઈમાં ગોકુલદાસ તેજપાળ બૉર્ડિંગમાં રહી તેમણે 'ગુર્જર ગિરા' નામના હસ્તલિખિત માસિકનું સંપાદનકાર્ય કર્યું હતું, તેમાં એ ભાઇએ વિજ્ઞાની છતાં ચિત્રો પણ કર્યાં હતાં. એમ તેમનામાં સાહિત્ય કળા અને વિજ્ઞાનનો સંગમ મને નવસંસ્કૃતિનું ચિહ્ન લાગ્યું. મેં તેમને પણ બાલપ્રજાનું માસિક કાઢવાની મારા મનની વાત કરી, ત્યારે

તેમણે બહુ ઉત્સાહ બતાવ્યો અને વિજ્ઞાનવિષયક લેખો આપવા સ્વીકાર્યું.

આ વખતે જ ગોંડલથી ભાઈ ગૌરીશંકર જોશી (ધૂમકેતુ)નો પત્ર આવ્યો. તેમને અંબાલાલ સારાભાઇને ત્યાંથી કૌશિકરામ વિઘ્નહરરામનો પત્ર હતો કે તેઓ તેમના શિક્ષકમંડળમાં તેમને લેવા ઇંતેજાર છે. અગાઉ રિટ્રીટના એક મેળાવડામાં કૌશિકરામભાઈ મને ભેગા થયા ત્યારે આ વિચાર એમણે મને જણાવેલો અને મેં તેમાં મારી પૂર્ણ સંમતિ દર્શાવેલી. કૌશિકરામભાઈ જ્યારે ભાવનગર શાળાધિકારી હતા ત્યારે તેમણે મારા પ્રતિ બહુ સદ્‌ભાવ બતાવી શાળા માટે એક-બે ચિત્રો કરાવેલાં તથા તેમની 'પ્રાર્થના' મારી પાસે સચિત્ર કરાવી છપાવેલી ત્યારથી મને મિત્રસમ ગણતા.

ભાઈ જોશીને મેં લખી નાખ્યું કે આ તો કુદરતી અનુકૂળતા થશે કે ભાવિ માસિક માટે મારા સાહિત્ય-સંભારમાં એક શક્તિ વધુ પ્રાપ્ત થશે. તેમને મેં પૂર્ણ ખાતરી આપી કે અમદાવાદમાં તેમને કીર્તિ અને સુસ્થિરતા પ્રાપ્ત થશે જ. (આ પત્રની વાત તેમણે તેમની આત્મકથામાં ભાવપૂર્વક સ્મરી કૃતજ્ઞતા દાખવી છે.)

૫૭૧ બાઉવા પોળનું જીવન

બાઉવા પોળનું મારા વાસનું મકાન બહુ જીર્ણ થઈ ગએલું હતું પણ સાચી નગરબાંધણીવાળું હતું. ચોકબંધી એ મકાન એક નાના ગઢ જેવું લાગતું. મારા ઘરનો ને મારા મનનો કારભાર ત્યાં વ્યવસ્થિત થઈ શક્યો. ચોક ઘરના અંતરંગ ભાગ અને મેડાને અલગ પાડતો, છતાં બધું નજર તળે હોય એમ લાગતું. પાણિયારું, રસોડું, કોઠાર બધું અલગ હતું. કોઠારમાં જૂના જમાનાની ચણી લીધેલી મોટી કોઠીઓ હતી. તે ભરી કાઢવાનો જમાનો વીતી ગયો હતો એટલે અનાજ માટે ત્રણ મોટાં જસતનાં પીપ ખરીદી લીધાં હતાં, તેમાં બારે માસનાં ઘઉં-ચોખા-દાળ ભરી લીધાં હતાં એટલે નિરાંત રહેતી. સાકર ચાર રૂપિયે મણ હતી, એટલે છૂટક લેવા કરતાં સાકરબજારથી પાંચ મણની ગુણ જ મંગાવી લેતો. ગોળના રવા પણ વરસ ચાલે એટલા લઈ રાખતો. કોલસા-લાકડાવાળા પણ થેલા કે લારીમાં બળતણ ઘેર પહોંચાડી જતા. રૂપિયાનાં બે મણ લાકડાં અને આઠથી બાર આને મણ કોલસા મળતા. તેલ રૂપિયાનું ચાર કે પાંચ શેર મળતું જે નજીકની ઘાણી પરથી તાજું લઈ આવતા. ઘી રૂપિયે શેર ભેળ વિનાનું મળતું. સોપારી ને મરીમસાલા પણ જૂજ ભાવે મળતા. કાપડમાં તો ગાંધીજીના ઉપદેશ પછી માત્ર પહેરણ, ધોતી ને ટોપીનો જ ખર્ચ રહેતો અને પગમાં ચંપલ. આ જનસાધારણ અને શાળાઓનો પણ પોશાક હતો. શ્રીમંતો અને સરકારી અમલદારો મિલનું કાપડ પહેરતા, તેમાં પણ ધોતી-જોટો રૂપિયા અઢીથી ચાર સુધીનો હોય. બૈરાંઓની સાડી બાર આનાથી પાંચ રૂપિયા સુધીની મળતી. મારા મિત્રો વિજુભાઈ ને જીવરામભાઇએ મિલમાંથી રૂની આખી ગાંસડી વેપારી ભાવે આણી આપી તેમાંથી મારા ઘર તેમજ મહેમાનો માટે પૂરતું પાગરણ તૈયાર થઈ ગયું. ઘરનો ત્રીજા માળનો મેડો છજા આગળ નમતો છતાં બહુ જ વિશાળ હતો. ત્યાં બધાં ગાદલાં-ગોદડાં રહેતાં. તે ઉપરાંત તેના વચ્ચેના ભાગમાં મારાં મોટાં આદમ કદનાં ચિત્રો કરવાની મોકળાશ પણ હતી.

આગળ મેડા પરના બેઠકખંડમાં પ્રકાશ ઘણો હતો ત્યાં મેં મારી ચોપડીઓ-ચોપાનિયાં અને ટેબલ-કામ કરવાનું રાખ્યું હતું. બારી પાસે સાદડી કે શેત્રંજી નાખી તકિયાની બેઠક કરી હતી. ફક્ત ટેબલ પાસે જ એક ખુરશી રાખેલી. મારી સાથે હળેલા વિદ્યાર્થીઓ તેમની નવરાશે અહીં બેસી ચિત્રો કરતા. તેમના પાઠ માટે નિશાળના વર્ગો જેવી સગવડ મારી પાસે નહોતી. પણ ચોપાનિયાં-ચોપડીઓમાંથી સરળ ચહેરા-આકૃતિઓ કાપીને મેં પૂઠા પર ચોડી રાખેલાં, તે પરથી તેમને મહેનત કરી, બને તેટલી સાદૃશતા કેળવવા કહેતો. કોઈ વિદ્યાર્થી અધૂરું કામ મૂકી બીજું માગે તો મળતું નહિ, એટલે થોડા પણ સમજપૂર્વક કરેલા અભ્યાસથી વિદ્યાર્થીઓના હાથ રેખા, છાયા અને રંગકામમાં પદ્ધતિસર તાલીમ પામતા અને તે પછી વહેલી તકે હું નજરે પડતી સૃષ્ટિમાંથી ચિત્ર કરવાનો તેમનો ઉત્સાહ વધારતો.

૫૭૨ કનુ દેસાઈ

આ રીતે જ અંબુભાઈ પુરાણીના અખાડામાંથી ચાલુ થએલા કૃષ્ણલાલ ભટ્ટ અને બીજા એક-બે જણ આવતા. તેમાંના બાલુભાઈ ભટ્ટ (આજના લેફ. કર્નલ બલવંત ભટ્ટ) તો ઘરના સંબંધે દિવસ-રાત મારી દરેક પ્રવૃત્તિમાં રસ લેતા. તેમના અખાડા-મિત્રો નરેન્દ્ર દેસાઈ, રમણ ઠાકોર વગેરે કુમારોને પણ રંગ લાગ્યો હતો. એમની બ્રહ્મક્ષત્રિયની ન્યાતમાં મારી વાત જાણીતી થઈ હતી એટલે એક વાર કનુ દેસાઈ, જે હજી દીવાન બલ્લુભાઈની પ્રોપ્રાએટરી હાઈસ્કૂલમાં મૅટ્રિક વર્ગમાં હતા, તે આવી ચડ્યા અને પોતાનો શોખ જાહેર કર્યો. એમણે પોતાની સંગ્રહપોથી બતાવી તો તેમાં અંગ્રેજી



ફિલ્મોનાં સિને-નટનટીઓનાં ચિત્રો કાપી આસપાસ પીછાંના શણગાર કર્યા હતા અને કેટલાંક પાત્રોની આકૃતિઓ આછીપાછી ચીતરી હતી. તેને મારી સ્કેચબુકો જોઇને સ્કેચ કરવાનો નાદ લાગી ગયો. તેનો આ શોખ ઘરનાં બીજાં જાણી જાય તેની બીક રહેતી, એટલે રાત્રે જ આવીને મને બતાવે, અને આગળનું કામ પણ મારે ત્યાં જ છુપાવે. તેનાં મા નાનપણમાં ગુજરી ગએલાં. પિતા ભરૂચમાં કોર્ટની નોકરી કરતા. તેમણે કનુને અમદાવાદમાં તેના મોટા મામા જયંતીલાલ ઠાકોર જે જાણીતા વકીલ હતા તેમને ત્યાં ત્રણે બીજાં ભાડરડાં સાથે ભણવા મોકલી દીધા હતા. કનુભાઇના (ત્રણ) મામાઓના પણ મામા તે બલ્લુભાઈ (બલવંતરાય પરમોદરાય) ઠાકોર અમદાવાદની પ્રતિષ્ઠિત પ્રોપાએટરી હાઈસ્કૂલ તેમજ 'પ્રજાબંધુ' પત્રના માલિક હતા. ત્યાં જઈ કનુ દેસાઈ રદ થએલા કાગળોની કોરી બાજુ પર લીટા મારતા. બલ્લુભાઈ અસહકાર આંદોલનમાં અમદાવાદના આગેવાન થયા અને તેમની શાળા ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડાઈ તેથી કનુ દેસાઇએ મૅટ્રિકની પરીક્ષા ન આપતાં રાષ્ટ્રીય શાળાની વિનીતની પરીક્ષા આપી વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો.

ગુજરાત વિદ્યાપીઠમાં ચિત્રકળાના વર્ગો શ્રી માહુલીકર ચલાવતા પણ કનુને તેમાં જરા યે રસ પડતો નહોતો. તેણે તો મારા સહવાસ પછી પાધરા સ્કેચ જ કરવા માંડ્યા અને તેથી તેને કોઈ પણ વખતે દૃષ્ટિ ને ચિત્રનો યોગ લાધવા માંડ્યો. તેને ચિત્રકામની સર્વ પ્રકારની ક્રિયાઓમાં રસ પડતો. પ્રજાબંધુ પ્રેસમાંથી કાગળના રીમના પૅકિંગના મોટા જાડા કાગળો નીકળે તે લાવીને તે ઉપર મોટાં ચિત્ર પણ કરવા માંડ્યાં.

કનુમાં પોતાની જાત તેમજ બીજાઓની વિચિત્રતાઓ પર રમૂજી ટીકા કરવાની ટેવ હતી એટલે અમારા ઘરમાં સૌ કોઈ તેને ચાહતું. કોઈ રજાને દિવસે હું ઉપરના મેડે ચિત્રકામ કરી નીચે ચા પીવા આવું ત્યારે તે હાજર હોય તો અચૂક સૌ તેને સાદ કરે. પણ તેના મોસાળમાં સૌ તેની આ ચિત્રપ્રવૃત્તિથી વિરુદ્ધ હતા, કેમ કે ઝટ બી. એ. થઈ જવાય તો નોકરી મળે અને સંસારમાં સુખી થવાય એવી તેમની માન્યતા હતી.

૫૭૩ જગમોહન મિસ્ત્રી

બીજા એક વિદ્યાર્થી ભાઈ જગમોહન મિસ્ત્રી હતા. (અનુ. પૃ. ૩૫૫)

ઇસ્લામી સુલેખનકળા

ડૉ. ઝિયાઉદ્દીન અ. દેસાઈ
અરબીફારસી કક્ષ · પુરાતત્ત્વ ખાતું (ભારત સરકાર)


અરબી મૂળાક્ષરની હાલ પ્રચલિત જોડણી ક્યારે અપનાવાઈ તે વિષે પ્રમાણિત માહિતી મળતી નથી. લિપિશાસ્ત્રના વિશારદોનું અનુમાન છે કે ઈસ્લામના આગમન પૂર્વે એટલે કે ઈસ્વી સનના સાતમા સૈકા પહેલાંના કોઈ સમયે તે પ્રથમ અમલમાં આવી. શરૂઆતમાં અક્ષરો બિંદુ વગર લખાતા, પણ ઈસ્લામના ઉદયકાળથી જ બિનઅરબીભાષી અનુયાયીઓને, આપણે આગળ જોયું તે મુજબ, સરખી રેખાવાળા બે કે વધુ અક્ષરોની ખરી ઓળખમાં મુશ્કેલી પડતી અને તેથી સુર્યાની (Syriac) અક્ષરમાળામાં વપરાતાં બિંદુઓનો પ્રયોગ અપનાવાયો. ઈ. સ. ૮મા સૈકાનાં લખાણોમાં બિંદુઓનો આ પ્રયોગ શરૂ થઈ ગએલો જોવા મળે છે. જોકે આ પ્રયોગ એ સમયે સર્વવ્યાપી થયો લાગતો નથી. બિંદુઓની પેઠે સુર્યાની વર્ણમાળામાંથી અરબી લિપિ માટે ટૂંકાં વ્યંજનો પણ લેવામાં આવ્યાં છે. જે 'ઝબર', 'ઝેર' અને 'પેશ' તરીકે ઓળખાય છે. આ સંજ્ઞાઓ અનુક્રમે નીચે પ્રમાણે અક્ષરની ઉપર, અક્ષરની નીચે અને અક્ષર ઉપર મૂકવામાં આવે છે: આ વ્યંજનો આપણા અ, ઇ અને ઉ ના ઉચ્ચાર દર્શાવવા વપરાય છે. આના લાંબા ઉચ્ચારો આ, ઈ તથા

َ = ઝબર = અ } = બ — અ દ: ادا = દા
ب = બ
ن = ન } = નિ — ય બ: بی = બી
ِ = ઝેર = ઇ
ُ = પેશ = ઉ } = દુ — વ ફ: فو = ફૂ
د = દ

ઊ માટે અરબી વર્ણમાળાના જ ત્રણ સ્વરો અ, ય અને વ વ્યંજન તરીકે વાપરવામાં આવે છે. ઉપર એ દર્શાવ્યું છે. આ પ્રમાણે અરબી લિપિને તેનું સંપૂર્ણ સ્વરૂપ લગભગ બીજી સદી હિજરી એટલે કે ૮મા સૈકાના ઉત્તરાર્ધમાં પ્રાપ્ત થયું.

લિગેચર


પણ સુલેખનમાં અરબી લિપિની લખાવટે જે ભાગ ભજવ્યો છે તેમાં તેની એક ખાસિયત છે જેને લિગેચર (legature) કહે છે. તેના છ અક્ષરો—અ, દ, ઝ, ર, ઝ અને વ એવા છે કે તેમને શબ્દમાં તેમની પહેલાંના અક્ષર સાથે તો જોડી શકાય પણ તેમની પછી આવતા અક્ષરો



△ કુર્આન શરીફનું બારમી સદીનું કૂફી શૈલીમાં લખાએલું એક પૃષ્ઠ

સાથે જોડી શકાય નહિ. જ્યારે બાકીના બાવીસ અક્ષરો (ઉપરના છ સિવાયના વર્ણમાળાના બીજા બધા અક્ષરો) લખાણમાં એની આગળ કે પાછળ જોડીને લખી શકાય. આ પ્રમાણે આ અક્ષરોને જોડવા માટે જે લીટીઓ ખેંચવામાં આવે (સ્ટ્રોક્સ) તેને લિગેચર કહે છે. સુલેખનને અલંકારબદ્ધ બનાવવામાં આ લિગેચરનું ઘણું મહત્ત્વ છે. આ સ્ટ્રોક્સની મદદથી કોઈ પણ બાહોશ કલાકાર સુંદર વળાંકાઓથી આભૂષિત લખાણ સરજી શકે છે. ટૂંકમાં અરબી લિપિની સુલેખન શૈલીઓ (scripts) મોટે ભાગે આ વિશેષતા તેમજ અક્ષરોના વક્રી કે વર્તુલીય (curves) અને સીધી (straight) રેખાવાળા સ્વરૂપ પર આધારિત છે.

અરબ ઇતિહાસકારો લેખન-કલાનો પાયો નાખનાર મહાન લહિયાઓમાં કુત્બા, ઝહ્હાક બિન અજલાન, ઈસ્હાક બિન હમ્માદ ને ઇબ્રાહિમ શહરી તેમજ તેના ભાઈ યૂસુફનો ઉલ્લેખ કરે છે. અરબી ભાષાસાહિત્યના વિખ્યાત સંદર્ભસૂચિકાર (bibliographist) ઈબ્ને નદીમે તેમજ અરબી મૂળાક્ષરો અને લેખન-શાસ્ત્રના પોતાના પુસ્તક 'સુબ્હુલ્અઅશા'માં વિસ્તૃત વર્ણન કરનાર કલ્કશન્દીએ અરબી લિપિની આરંભથી જ ઉદ્ભવેલી શૈલીઓ ગણાવી છે અને તેમનાં નામ પણ આપ્યાં છે. પરંતુ હાલ ઉપલબ્ધ લેખસામગ્રી (source material) પરથી આ વિષયના વિદ્વાનો અને અભ્યાસીઓનું માનવું છે કે આ વિવિધ જાતનાં લખાણોને 'શૈલી' કહેવી અનુચિત છે; તે તો માત્ર એક યા બીજા હેતુસર–પત્રવ્યવહાર કે દસ્તાવેજો વગેરે–યા વાંસ કે કિત્તાની જુદીજુદી કલમના વપરાશથી આ-








પ્રારંભની સાદી કૂફી શૈલીનું એક ઉદાહરણ. વચ્ચે 'લિલ્લાહ' શબ્દ સાદી કૂફીમાં અને જમણી બાજુ છેડે એ જ શબ્દ અલંકૃત કૂફીમાં








△ 'અશ્શુક્રો લિલ્લાહે' (ઉપકાર માત્ર અલ્લાહનો છે) વાક્યના અક્ષરોની ઊભી લીટીઓનું કૂફી શૈલીનું એક સંયોજન.

△ ભૌમિતિક આકારોમાં કૂફીનાં ચાર અતિ અલંકૃત અને તેથી દુર્બોધ સંયોજનો▷



કૂલબુટ્ટાવાળી કૂફી શૈલીનાં ચાર લેખન-સંયોજનો.








વેલી વિવિધતા તરીકે ગણી શકાય. હકીકતમાં પણ આવી કોઈ શૈલીઓના પ્રારંભકાળના નમૂનાઓ મળ્યા નથી.

આ વિદ્વાનોના મતે અક્ષરમાળા અસ્તિત્વમાં આવતાંવેંત અક્ષરોનાં બે-સ્વરૂપ કે શૈલીઓ પ્રચલિત થઈ (જેમ દેવનાગરીની બાળબોધ કે મોડી જેવી શૈલીઓ થઈ તેમ). આ મૂળ શૈલીઓ અક્ષરોનાં કોણીય કે ખૂણાદાર (angular) અથવા વર્તુલીય (curved) કે વક્ર આકારો (form) પરથી રચાઈ. તેમાંની એક ઈરાકમાં આવેલા કૂફા નામના તે સમયના વિખ્યાત શહેર પરથી 'કૂફી' અને બીજી 'લખવા' ધાતુ પરથી બનેલા શબ્દ 'નસ્ખ' (લખાવટ) તરીકે ઓળખાઈ. કોણદાર અને સહેજ પણ ગોળાઈ વગરના, ઊભી આડી અને તિરછી રેખાઓના બનેલા અક્ષરોની શૈલી એ 'કૂફી'. પણ તેની આ કોણીય વિશેષતાને લઈને રોજિંદા વ્યવહારમાં ઝડપથી લખવું સુગમ ન પડે, એટલે કૂફીનો પ્રયોગ આલંકારિક લખાણ, ઈમારતો, સિક્કા કે ચીની માટી (porcellain અથવા ceramic)નાં પાત્રો પરના અભિલેખો તથા કુર્આન શરીફની સુશોભિત પ્રતો વગેરેના લેખન પૂરતો મર્યાદિત થયો; જ્યારે નસ્ખ તેના વળાંકોને કારણે લખવામાં સરળ હોઈ રોજિંદા લખાણમાં એનો ઉપયોગ વધુ થયો.

આમ છતાં શરૂઆતમાં ધાર્મિક કે એવી બાબત સિવાય લેખન-વ્યવહાર પ્રમાણમાં ઓછો થતો હોઈ ઈ. સ. ૮મા સૈકા સુધી કૂફીનો કે કૂફીનાં લક્ષણોના પ્રાધાન્યવાળી નસ્ખનો પ્રયોગ વધુ થતો. પણ એ પછી બંનેના પ્રયોગનું પ્રમાણ ઘટતુંવધતું ચાલ્યું. ૯મા સૈકાના આરંભથી ઈરાની તેમજ બીજા કલાકારોના ઈસ્લામના અંગીકાર પછી કૂફી શૈલીએ અત્યંત કોણીય સ્વરૂપ ધારણ કર્યું પરિણામે એ સદીના ઉત્તરાર્ધથી ૧૦મા સૈકાના પૂર્વાર્ધમાં કૂફીને બદલે નસ્ખનો પ્રયોગ વધતો ચાલ્યો. અલંકૃત લખાણના ક્ષેત્રમાં તો કૂફીનું વર્ચસ્વ પહેલાં જેટલું જ કાયમ રહ્યું, કેમ કે તરેહ-તરેહની અસંખ્ય ભૌમિતિક આકૃતિઓ તથા ડિઝાઇનોની રચનામાં તેની સીધી ને કોણીય લખાવટ ઘણી સુગમ થતી હતી. આમ કૂફીનો ઉપયોગ બહુધા અલંકરણ તરફ વધુ ઢળતો ગયો.* અને એથી ટૂંક સમયમાં રોજિંદાં લખાણોમાં માત્ર નસ્ખ જ વપરાવા લાગી; કૂફી માત્ર આલંકારિક શૈલી (decorative style) બની રહી અને પછીના બેત્રણ સૈકા સુધી માત્ર વિશિષ્ટ લેખન પૂરતી જ મર્યાદિત બની રહી.

* 'અરબ્રી' શબ્દ પરથી આ અલંકારશૈલી arabesque કહેવાય છે.





△ ઈ. ૧૫૯૯ની 'સુલ્સ' શૈલીનો એક નમૂનો. કલાકાર: અબ્દુલ્લાહ તગ્લાખ; જમણી બાજુ: તેરમી સદીનું કુર્આન શરીફનું એક પાનું. તેમાં મથાળાં 'સુલ્સ' શૈલીમાં અને બાકીનું લખાણ 'નસ્ખ' શૈલીમાં છે.

પણ કૂફીની અલંકારબદ્ધતાએ ઈ.સ. ૧૧ ને ૧૨મા સૈકામાં અવનવા ને અદ્ભુત કહી શકાય તેવા ભૌમિતિક તેમજ ફૂલવેલપત્તીની અવનવી ગૂંથણીના અનેકવિધ આકારો ધારણ કર્યા. આ સમયની, ફૂલવેલો તથા ભૌમિતિક આકારોવાળી, એકબીજામાં ગુંથાઈ-વીંટાઇને બનેલી વિવિધ તેમજ વિલક્ષણ અસંખ્ય કલાત્મક આકૃતિઓ, એક તરફ જો કૂફી શૈલીની શોભન પરાકાષ્ઠાનો પરિચય આપે છે તો બીજી તરફ તે સુલેખનકલા સાથે ઈસ્લામી કલાઓમાં વિશિષ્ટ સ્થાનની હકદાર બની રહે છે. કૂફીનું આ આત્યંત અલંકારિક સ્વરૂપ Coufique de floric (એટલે 'પુષ્પ-ખચિત કૂફી')ના નામથી ઓળખાય છે.

આ સંદર્ભમાં એક અત્યંત રસપ્રદ હકીકત નોંધવા જેવી છે. શાહી મહાલો, મસ્જિદો વગેરે વિશિષ્ટ ઈમારતો પરના કૂફીના અતિ અલંકૃત સ્વરૂપના લેખો વિશેષજ્ઞો સિવાય બીજાને તો ઉકેલવા પણ મુશ્કેલ બની ગયા. પણ કૂફીની એ અટપટી ગૂંથણીવાળી અત્યંત કલામય અને મનોહર અક્ષર-આકૃતિઓએ તત્કાલીન યુરોપના વિધર્મી રાજકર્તાઓ તથા કલાકારોને એવા વશ કર્યા કે એ અલંકૃત કૂફીનાં શોભનલેખોને માત્ર સુ-શોભનો સમજી તેમણે પોતાના સિક્કાઓ ને રાજમુકુટ વગેરે પર તેની નકલો ઉતારી એટલું જ નહિ, પણ દેવળમાં પૂજાતા વધસ્તંભો, દેવા-લયનાં ભીંતચિત્રો તેમજ ઈસુખ્રિસ્ત અને માતા મેરીના પવિત્ર પોશાકોનાં શોભનોમાં પણ તે ચીતરવા માંડેલા! આમ, ઈસ્લામની પાયાની માન્ય-તા દર્શાવતો પહેલો કલિમો (કલમો) 'બિસ્મિલ્લાહ', કુર્આનની આયાતો અને અન્ય ઈસ્લામી અભિલેખોને અજ્ઞાનથી માત્ર શોભન સમજીને બહુ હરખથી યુરોપવાસીઓએ પોતાનાં દેવળો ને ઘરમાં સ્થાન આપવા માંડેલું.

પણ ધીમેધીમે રોજિંદા લેખનમાંથી કૂફી જેવી કોણદાર અને લોચ-લચકરહિત અક્ષરોવાળી લિપિનો વપરાશ ઓછો થતો જઈ તે માત્ર અલંકરણ જ બની રહી અને રોજિંદાં લખાણોમાં નસ્ખનું સ્થાન દૃઢ થતું ગયું. અહીં એ વસ્તુ યાદ રાખવી ઘટે કે નસ્ખના અક્ષરો સહેજ ગોળાઈવાળા હોય છે તેનો અર્થ માત્ર એટલો જ કે તે અક્ષરો કૂફીની જેમ તદ્દન લોચ-રહિત નથી હોતા. બાકી નસ્ખમાં યે સીધી રેખાઓનું પ્રમાણ ઓછું નથી. ટૂંકમાં ઉત્તરોત્તર નસ્ખનો વપરાશ વધવાથી કૂફીના પ્રમાણમાં તે સહેજ વધુ ગોળ થયા એટલું જ, પરંતુ તેના આખરી સ્વરૂપમાં યે તેની કોણમયતા તદ્દન ગઈ તો નહિ જ.

પ્રારંભમાં નસ્ખનું કોઈ વિશેષ સ્વરૂપ નહોતું. ઈ. ૯થી ૧૦મા સૈકામાં જે 'ઈબ્ને મુકલા'ના ઉપનામથી વધુ પ્રસિદ્ધ છે. તે અબુઅલી મુહમ્મદે લિપિશૈલીઓનું શાસ્ત્રીયકરણ કર્યું, એટલે કે અક્ષરોની સીધાઈ ગોળાઈ વગેરેનું વર્ગીકરણ કરીને નસ્ખ શૈલીનું એક નિશ્ચિત ધોરણ ઠરાવી તેને અંતિમ સ્વરૂપ આપ્યું. પણ સાથેસાથે આ શૈલીનાં લક્ષણોમાં થોડો ઘણો ફેરફાર કરી બીજી પાંચ શૈલીઓ—'મુહક્કક', 'રેહાન', 'સુલ્સ' (ખરો ઉચ્ચાર થુલ્થ), 'તૌકીઅ' અને 'રિકાઅ'નું નિર્માણ પણ કર્યું. નસ્ખ અને તેમાંથી ઉદ્ભવેલી આ પાંચ શૈલીઓ 'છ-કલમ'ને નામે ઓળખાય છે. 'તાલિક' અને 'નસ્તાલિક' શૈલીઓના વિકાસ પછી આ 'છ-કલમો' 'સાત-કલમ' કહેવાઈ.

નસ્ખના શાસ્ત્રીયકરણમાં ઈબ્ને મુકલાએ લિપિના અલંકારી ઔ-ચિત્ય કરતાં તેની લેખનક્ષમતા પર વધુ ભાર મૂક્યો હતો. સુલેખન-કારની પ્રથમ ફરજ અક્ષરોનાં નિર્મિત સ્વરૂપ તેમજ તેની લાક્ષણિકતાઓ જાળવવાની છે તેમ તેણે નક્કી કર્યું. બીજી રીતે કહીએ તો અત્યંત આલં-કારિક સ્વરૂપ આપવાના હેતુથી આલેખનમાં કલાત્મક પણ અતિ અટપટી

ગોઠવણવાળી આકૃતિઓ રચવા માટે ફૂરી અક્ષરોને વિશિષ્ટ તેમજ અવનવાં વિલક્ષણ રૂપો આપવાનો જે અતિરેક થતો કે વધુ પડતી છૂટ લેવામાં આવતી તેને ઈબ્ને મુકલાએ અમાન્ય ગણી.

સાધારણ રીતે નસ્ખ અક્ષરોમાં બેતૃતિયાંશ સીધી રેખાઓ તથા એક તૃતિયાંશ ગોળાઈ રાખવાનો નિયમ ઘડાયો અને એ પ્રમાણે બીજી શૈલીઓના નિયમો પણ નક્કી થયા. ટૂંકમાં હવે સુલેખનકલા એક નિયમબદ્ધ શાસ્ત્ર બન્યું. ઈબ્ને મુકલા પછી આ શાસ્ત્રના વિકાસમાં તેના જે શિષ્યોએ મહત્ત્વનો ફાળો આપ્યો તેમાં એના ભાઈ અબુ અબ્દુલ્લાહ હસન, મુહમ્મદ બિન ઈસ્માઈલ બગદાદી, હસન બિન અબ્દુલ્લાહ, અરબી ભાષાના એક પ્રખ્યાત કોશનો સંગ્રાહક ઈસ્માઈલ બિન હમ્માદ જવ્હરી વગેરેનાં નામો અગ્રગણ્ય છે.

પણ ઇબ્ને મુકલા પછી આ કલાના સર્વાંગ વિકાસ તેમજ પુનર્રચનાના કાર્યમાં સવિશેષ ફાળો આપનાર તરીકે ઇ. ૧૦-૧૧મા સૈકામાં થઈ ગએલા ઈબ્ને બવ્વાબ (મૂળ નામ અલી બિન હિલાલ) પ્રખ્યાત છે. ઇબ્ને બવ્વાબે, ઇબ્ને મુકલાએ નિયમબદ્ધ કરેલી શૈલીઓનાં બિંદુઓ, કલમ, શ્યાહી, કાગળ વગેરેનાં ઔચિત્ય અનૌચિત્ય વગેરે લેખન સામગ્રીના સંદર્ભનાં ધોરણો કાયમ કર્યાં. આ ઇબ્ને બવ્વાબના આગળપડતા શાગિર્દોમાં ઇબ્ન બસીસ, અબુ યૂસુફ મુહમ્મદ ગુલ્યાયગાની અને અબુલ્ફઝલ આઝિનનાં નામો મુખ્ય છે.

ઈબ્ને બવ્વાબ પછીના સુલેખનકારોમાં જેની કીર્તિ સ્થળ અને સમયની સીમાઓ ઓળંગી ગઈ છે તે બગદાદના છેલ્લા અબ્બાસી ખલીફા અલ્મુસ્તઅસિમનો દરબારી આલેખક જમાલુદ્દીન યાકૂત અલ્મુસ્તએ સીમી છે. ઈ. સ. ૧૩મા સૈકાના આ સુલેખકની ગણના ઇબ્ને મુકલા અને ઈબ્ને બવ્વાબ કરતાં પણ ઉચ્ચ કોટિના લહિયા તરીકે થાય છે. તેની ખ્યાતિ માત્ર 'છ-કલમો'ના અતિનિપુણ સુલેખનકાર તરીકે જ નથી પરંતુ નસ્ખ શૈલીનો તે અપ્રતિમ કલાકાર મનાયો છે. તેના હાથના લખેલા કુર્આન શરીફની પ્રતો ભારત તેમજ દુનિયાનાં બીજાં પુસ્તકાલયોમાં સારી એવી સંખ્યામાં ઉપલબ્ધ છે. યાકૂતના છ પટ્ટ શિષ્યો અર્ગુન કાબુલી, નસ્રુલ્લાહ તબીબ, યૂસુફ મશ્હદી, મુબારકશાહ તબ્રેઝી ઝરીને કલમ (સુવર્ણ-કલમ), હૈદર જલી-નવીસ તથા અહ્મદ સુહૅવર્દી છે. તેમના શિષ્યો અને શિષ્યોના શિષ્યો એમ પરંપરા ચાલી હતી. આ ઉપરાંત, અહમદ રૂમી, પીર યાહ્યા જમાલ, સઅદુદ્દીન ઇરાકી, અબ્દુલ્લાહ સૈરફી, હાજી મુહમ્મદ બન્દ દોઝ, મુઇનુદ્દીન તબ્રેઝી ઉમર અક્તઅ (અર્થાત્ એક હાથવાળો), શમ્સુદ્દીન કુત્તાબી અને તેના બે પુત્રો અબ્દુલ્હૈ અને અબ્દુર્રહીમ ખલ્વતી, જાફર તબ્રેઝી, અબ્દુલ્લાહ તબ્બાખ, અબ્દુલાહ મર્વારીદ, મારૂફ બગદાદી, શમ્સુદ્દીન બાયસંગુરી, પીર મુહમ્મદશિરાઝી, હાફિઝ અબ્દુલ્લાહ, યૂસુફશાહ હિર્વી વગેરે ઇ. સ. ૧૪-૧૫મી સદીના વિખ્યાત સુલેખનકારો છે.

'છકલમો'માં નસ્ખ પછી બીજી શૈલી 'સુલ્સ'ની છે. વાસ્તવમાં સુલ્સ અને નસ્ખની સીધી કે વક્ર રેખાઓમાં તેની જાડાઈ સિવાય વિશેષ ફેર નથી. નસ્ખ પાતળી કલમથી લખાય જ્યારે સુલ્સ જાડી કલમથી. નસ્ખ–સુલ્સના અક્ષરોની જાડાઈનું નિર્મિત પ્રમાણ ૧ : ૩ છે. બીજું સુલ્સમાં અક્ષરોના આડા સ્ટ્રોકો છેડા પર નસ્ખ જેમ સીધા નહિ પણ સહેજ ગોળાઈમાં ખેંચાય છે. આમ નસ્ખ કરતાં સુલ્સ ગોળાઈ (rouudness)નું તેમજ જાડાઈથી વધુ કલામય તેમજ આકર્ષક લાગે છે. તેની આ વિશેષતાને લઇને ઐતિહાસિક ઈમારતો પર આલંકારિક અભિલેખોમાં ફૂરી પછી અને 'નસ્તાલિક'નો વિકાસ થયો તે પહેલાં સુલ્સ શૈલીનો ઉપયોગ થતો.

બીજી બે કલમો 'તૌકીઅ' અને 'રિકાઅ'માં નસ્ખ અને સુલ્સથી ઊલટું ગોળાઈનું પ્રમાણ વધારે છે. એમાં સીધાપણું એક ચતુર્થાંશ અને ગોળાઈ ત્રણ ચતુર્થાંશ નિર્ધારવામાં આવી છે. સુલ્સની જેમ તૌકીઅ શૈલીમાં અક્ષરો જાડા અને રિકાઅમાં નસ્ખની જેમ પાતળા ખેંચવામાં આવે છે. વળી, રિકાઅમાં અક્ષરોના આડા સ્ટ્રોકો સમુદ્રની લહેરોની જેમ ચઢાવઉતારવાળી રેખાઓમાં લખવામાં આવે છે. કલાદૃષ્ટિએ આ સ્ટ્રોકોમાં લાલિત્ય વધારે હોઈ આ શૈલી સુલ્સ કરતાં વધુ આકર્ષક દેખાય છે. રિકાઅને એક કલાવિવચકે 'લાવણ્યમય સ્પન્દન' અને 'જલસ્રોતના મૃદુ અને મધુર પ્રવાહ' સાથે સરખાવી છે. તૌકીઅમાં આ મૃદુતા નથી.

બાકીની બે કલમો અથવા શૈલીઓ મુહક્કક અને રૈહાન આથી ઊલટી છે. બંનેના ઊભા સ્ટ્રૉકો સીધા કરતાં ગોળ વધુ લાગે છે. તેમના અક્ષરોની રેખાઓ એક ચતુર્થાંશ ગોળાઈવાળી અને ત્રણ ચતુર્થાંશ સીધી હોય છે. મુહક્કકના સ્ટ્રોકો સુલ્સ અને તૌકીઅ શૈલીની જેમ જાડા અને રૈહાનના સ્ટ્રોકો નસ્ખ અને રિકાઅની જેમ પાતળા અથવા બારીક ખેંચાય છે. એ ઉપરાંત રૈહાનમાં અક્ષરોના ઊભા કે આડા, વક્ર કે સીધા સ્ટ્રોકો છેડાઓ કરતાં મધ્યભાગમાં સહેજ જાડા અને છેડે જતાં શંકુ આકાર જેમ પાતળા (tapering) થતા જાય છે ને ડાબી તરફના છેડાને સહેજ આડો બનાવી નીચે તરફ ઝુકાવવામાં આવે છે. મુહક્કકમાં સ્ટ્રોકો મુખ્યત્વે ઊભા (vertical) ખેંચાય છે અને તેના આડા સ્ટ્રોકો રૈહાનની જેમ નોકીલા કે અણીદાર હોતા નથી.

પણ આ શૈલીઓની લાક્ષણિકતા તો વસ્લીઓ કે પુસ્તકોમાં લખાએલી જોઇને જ તેમને વિષે પૂરો અને સાચો ખયાલ આવી શકે. વળી, સુલેખનમાં નિર્ધારિત નિયમો સો એ સો ટકા સચવાતા નથી. કલાકારની પોતાની પ્રતિભા, કલ્પનાશક્તિ કે કુશળતાથી જાણ્યે-અજાણ્યે પણ એમની લખાવટમાં અસર પડે જ છે. વળી, દેશદેશની સ્થાનિક કલાપરંપરાનો પ્રભાવ પણ ઉમેરાય છે. એટલે વ્યક્તિ ને સ્થળભેદે પણ આ છ યે કલમોમાં સૂક્ષ્મ ફેરફાર પણ જોવા મળે એ સ્વાભાવિક છે.

આ અસરનું પ્રમાણ ભારતમાં બહુ સ્પષ્ટપણે મળી આવે છે. પૂર્વ ભારત એટલે કે બંગાળમાં શિલાલેખોમાં સચવાએલા સ્થાનિક કલાકારોના નમૂનાઓની પોતાની અનોખી વિશિષ્ટતા છે. પણ આવી અસરોમાંથી આગળ જતાં ૧૪મા સૈકામાં એક નવી શૈલીનું નિર્માણ થયું જેનું જન્મસ્થાન બહુધા ભારત છે એવું મનાય છે. 'બિહાર'ના નામથી ઓળખાતી આ શૈલીના શોધક વિષે તો કોઈ માહિતી ઉપલબ્ધ નથી, પણ ભારતમાં લખાએલા તેના નમૂનાઓ મળતા હોઈ તેનો વિકાસ આપણા દેશમાં થયો હોવાની માન્યતા દૃઢ થાય છે. આ શૈલીમાં આલંકારિક તત્ત્વ ગૌણ છે. આમ તો તેના અને નસ્ખના ઢાંચામાં બહુ ફેર નથી. જોકે નસ્ખ કરતાં સુલ્સની જેમ તેના અક્ષરોની જાડાઈ વધુ હોય છે, પણ તેની ખાસ વિશિષ્ટતા તો તેના આડા સ્ટ્રોકો ડાબી તરફ સહેજ જાડા થતા જઈ છેડે નસ્ખની જેમ અણીદાર કે નોકીલા થવાને બદલે ચપટા કે કુંઠિત (blunt) બને તે છે. 'બિહાર' શૈલીમાં લખાએલી પ્રતિઓમાં કુર્આન શરીફની જ પ્રતો અત્યારે તો ઉપલબ્ધ છે. આ પ્રતો છેક ૧૪-૧૫મા સૈકામાં લખાએલી હોઈ તેમજ સંખ્યામાં મર્યાદિત હોઇ વિદ્વાનોનું અનુમાન છે કે તે શૈલી લોકપ્રિય થઈ શકી નહિ હોય.

કલાલાલિત્યના દેશ ઇરાનમાં પણ ૧૩મા સૈકાના ઉત્તરાર્ધમાં એક નવી શૈલી પ્રકટી હતી. ઇરાની કલાકારોની નૈસર્ગિક કલાપ્રતિભા ને સર્જનશક્તિના ફલ રૂપે 'તાલીક' નામની આ નૂતન શૈલી તૌકીઅ અને રિકાઅના સમન્વયથી રચાઈ હતી. તેમાં સ્ટ્રોકો લચકદાર હોવા ઉપરાંત જમણેથી ડાબી બાજુ ખેંચાતી વખતે સહેજ નીચે ઢળતા લખાય છે. ઈરાનમાં તે એટલી બધી લોકપ્રિય થઈ કે લગભગ બે સૈકા સુધી તેનું અનન્ય ચલણ રહ્યું. તાલીકના પ્રસારનું માન ખ્વાજાતાજ સલ્માનીને ઘટે છે. તાજ આમ તો છયે કલમમાં પારંગત હતો, પરંતુ તેની તાલીક શૈલીની લખાવટ કૈંક અનેરી જ છે. તાલીકના બીજા નામચીન સુલેખનકારોમાં ખ્વાજા અબ્દુલ્હૈ, હાજી અલી મુન્શી અસ્તરાબાદી. ખ્વાજા જાન તુગ્રાઈ (તુગ્રા ઉપરથી) કઝ્વિની, મીર મુહમ્મદ મુન્શી કુમી, મૌલાના દરવેશ અબ્દુલ્લાહ અને ખ્વાજા અતીક વધુ વિખ્યાત છે. (ચાલુ)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ઉપટણુ, ઉગટણું

નાહતા પહેલાં શરીરે ચોળવાના સુગંધી દ્રવ્યને માટે, અભ્યંગમાં અભ્યંજન કરવા વપરાતા પદાર્થને માટે ગુજરાતીમાં જે શબ્દ છે તેનાં પાંચ સાત રૂપો કોશોમાં નોંધાયાં છે : 'ઉપટણ', 'ઉપટણું', 'ઉવટણ', ઉવટણો', ઉટવાણું', 'ઉગટણું', 'ઊગટ'. આમાંના થોડાક એવું દ્રવ્ય ચોળવાની ક્રિયા માટે પણ વપરાય છે, ને 'ઊગટવું' એવું ક્રિયાપદ પણ નોંધેલું છે. વિવાહના એક વિધિ તરીકે પીઠી ચોળવાની ક્રિયા માટે કે તેના દ્રવ્ય માટે પણ આ શબ્દોમાંથી કેટલાકનો પ્રચાર છે.

સંસ્કૃતમાં આ અર્થનો શબ્દ 'ઉદ્વર્તન' છે. ક્રિયા તેમજ દ્રવ્ય બંને માટે તે વપરાતો. તેના ઉપરથી પ્રાકૃતમાં 'ઉવ્વટ્ટણ' કે 'ઉબ્બટ્ટણ' થાય. તે ઉપરથી હિંદીમાં 'ઉબટન' અંગરાગ કે અભ્યંગના અર્થમાં આવ્યો છે, અને 'ઉબટના' ક્રિયાપદ પણ 'અભ્યંગ કરવો', 'સુગંધી દ્રવ્યનો લેપ કરવો' એવા અર્થમાં જાણીતું છે. ગુજરાતીમાં વપરાતા 'ઉપટણ', 'ઉપટણું'ના મૂળમાં આ 'ઉબટન' શબ્દ છે; ત્યારે 'ઉવટણ', 'ઉવટણો' (તથા વ્યંજનો ઊલટસૂલટ થતાં 'ઉટવાણું') એ શબ્દના મૂળમાં પ્રાકૃત 'ઉવ્વટ્ટણ' રૂપ છે.

પણ નિયમિત રીતે મળેલા 'ઉપટણ' ને 'ઉવટણ' ઉપરાંત 'ગ'કારવાળાં રૂપો પણ નોંધાયાં છે: 'ઉગટણું' 'ઉગટવું', 'ઉગટ'. આ 'ગ'કારવાળાં રૂપોનો ખુલાસો કેમ આપવો એ એક કોયડો છે. જૂની ગુજરાતીણું પણ 'ઊગટણું' શબ્દ વપરાયો છે. વળી ઉપર નોંધેલાં રૂપોને મળતાં 'ઊકટો', 'ઊગટો' અને 'ઊપટો' એવાં રૂપો ધરાવતો શબ્દ, દુ:ખતી આંખે લેપ તરીકે લગાડવાની આ એક દવા માટે કોશોમાં આપેલો છે. આ રૂપોનું મૂળ પણ 'ઉદ્+વર્ત'માં જ છે, અને એમાં પણ 'પ'કારવાળા રૂપ ઉપરાંત 'ગ'કારવાળું રૂપ ગુજરાતીમાં મળે છે.

થોડી વધુ તપાસ કરતાં આપણને બીજા પણ થોડાક શબ્દો મળે છે, જેમનો હિન્દીમાં પ્રચલિત રૂપમાં 'બ'કાર છે, પણ ગુજરાતી રૂપમાં 'ગ'કાર છે. જેમ કે ઉબરના–ઊગરવું; ચુબલાના–ચગળવું. ફુબના–ફુગવું; છીમી, સેમ (સંસ્કૃત 'શિમ્બા', 'શિમ્બી')—શિંગ વગેરે.

ઓષ્ઠ્ય વ્યંજનનો કંઠ્ય ઉચ્ચાર કોઈ અપવાદરૂપ પરિસ્થિતિમાં થએલો માનીએ તો જ આનો ખુલાસો મળે.

હરિવલ્લભ ભાયાણી

'સંતૃપ્તિ'

છેલ્લાં થોડાં વર્ષોમાં અવનવી ખાદ્ય વાનગીઓ વિષે ગુજરાતીમાં ઠીક ઠીક પ્રકાશનો થયાં છે. તેમાં લીલાબેન શાહનું આ પ્રકાશન પોતાની અનોખી રજૂઆતથી આગવી ભાત પાડે એવું છે. પ્રારંભમાં ગૃહિણી જ્યાં પોતાની રોજિંદી કામગીરીનો ઘણો સમય ગાળે છે એ ઊભા રસોડામાં અનેક રીતે સહાયરૂપ એવાં આજનાં વિવિધ સાધનોનો પરિચય અને એની અગત્ય પ્રમાણે રસોડાની યોગ્ય ગોઠવણી, તથા રસોઈની ક્રિયાપ્રક્રિયાના નવા પ્રચલિત શબ્દોની સમજ વગેરે ઉપયોગી માહિતી આપ્યા બાદ પુસ્તકને વાનગીઓના પ્રકારાનુસાર ઓગણીસ વિભાગોમાં વહેંચેલું છે. આ દરેક વિભાગના પ્રારંભમાં જે તે પ્રકારની વાનગીઓનું ભોજનમાં વૈવિધ્ય અને પોષણની દૃષ્ટિએ જે મૂલ્ય છે તેથી બહુ ટૂંકી સમજ તથા એ જાતની વાનગીઓ બનાવતાં લક્ષમાં રાખવા જેવાં કેટલાંક સૂચનો અને તેના એક ફોટોચિત્ર પછી એ વાનગીઓ બનાવવાની રીત આપી છે. મોટે ભાગે આપણે ત્યાં ઓછી પ્રચલિત પણ અપનાવવા યોગ્ય એવી નવીન વાનગીઓ પર વધુ ભાર મુકાયો હોઈ એ દૃષ્ટિએ આ પુસ્તક આ વિષયનાં અન્ય પ્રકાશનો કરતાં આગવું છે. લગભગ 'કુમાર'ના કદનાં આનાં ૧૯૩ પાનાં ઉપર ૬૩ જાતનાં ફરસાણ, ૨૭ જાતનાં શાક, ૨૧ પ્રકારના પુલાવ, ૩૭ હળવા નાસ્તાની ચીજો, ૩૬ મીઠાઈ, ૧૮ ચટણી-અથાણાં, ૨૧ સૂપ, ૨૨ 'વેજીટેબલ્સ', ૧૩ કટલેટ્સ, ૨૪ જાતની પાઈ-પૅસ્ટ્રીઓ, ૨૯ પ્રકારના બ્રેડ, ૧૪ જાતનાં બિસ્કિટ, ૨૧ કેક-પુડિંગ, ૫૪ સલાડ, અને ૧૦ જાતનાં પીણાં તથા ૧૯ પ્રકારની માત્ર મકાઈની જ વાનગીઓ મળી કુલ ૪૩૬ જેટલી અવનવી વાનગીઓ બનાવવાની રીતો આપી છે.દા.ત. માત્ર મકાઈની વાનગીઓમાં સ્વીટકૉર્ન ઍન્ડ ટૉમેટો, મકાઈની ટોસ્ટ, બેક્ડ કૉર્ન, મકાઈનાં પકોડાં, મકાઇનો સૂપ, મકાઈનાં કટલેટ્સ, સ્કાલ્પ્ડ કૉર્ન, મકાઈની કરી, ચીઝ-કૉર્ન બૉલ્સ, કૉર્ન-બૉલ્સ કરી, મકાઈના રોલ્સ, મકાઈની પેટિસ, કૉર્નપાઈ, મકાઈનાં પૅનકેક, મકાઈનાં ઢેબરાં, મકાઈની ખસ્તા કચોરી, મકાઈ-પૌંઆ ને મકાઈનાં સમોસા વગેરે. આ વૈવિધ્ય ઉપરથી આ પુસ્તકમાંની અન્ય વાનગીઓની વિવિધતાનો ખ્યાલ આવશે. જેમને આની કિંમત ૧૮/- રૂપિયા પરવડે તેમણે વસાવવા જેવું આ એક પ્રકાશન છે.



પ્લાસ્ટિકના આવરણ તથા સ્પાઈરલ બાઈન્ડિંગ સાથે કાર્ડ બોર્ડનું પૂઠું; ૮॥ × ૯ ઇંચના કદનાં ૧૯૩ પૃષ્ઠ; પ્રકાશક : જી. યુ. મહેતા, વકીલ્સ ફેફર ઍન્ડ સાઈમન્સ પ્રા. લિ., હૅગ બિલ્ડિંગ, સ્પ્રોટ રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-૧.

નવાં પ્રકાશનો

પરપોટા: આ તેત્રીસ ઘાટીલા સત્વસંપન્ન લલિત નિબંધોમાં વિનોદ ખાતર વાણીવિલાસ પ્રવેશ્યો નથી. જે વિનોદ છે તે પણ એમના અભ્યાસ ને અનુભવના સંભારમાંથી તારવીને મૂકેલી સાહિત્યિક ઉક્તિઓથી, ઉલ્લેખોથી, અવતરણોથી સમૃદ્ધ થએલો છે. કવિતા, સંગીત, ચિત્ર આદિના વિવિધ સંસ્કારોને વશ થતી શૈલી, એક જ નિબંધમાં હાસ્ય, ચિંતન અને ઉપદેશ એકીસાથે આપવા સમર્થ નીવડે



કુંદનિકા કાપડિયા · મકરન્દ દવે

શ્રીમતી કુન્દનિકા : જન્મ લીમડીમાં તા. ૧૧-૧-૧૯૨૭. ગોધરા, વડોદરા અને ભાવનગરમાં શિક્ષણ. 'યાત્રિક' પછી છેલ્લાં દસ વર્ષથી ગુજરાતી 'નવનીત'નું સંપાદન સંભાળે છે. પ્રેમનાં આંસુ, દ્વાર અને દીવાલ, વધુ ને વધુ સુંદર, પરોઢ થતાં પહેલાં અને (અપ્રકટ) અગનપિપાસાનાં લેખિકા. સ્ત્રીસહજ ઊંડી ઊર્મિ અને સહાનુભૂતિભરેલી એમની કૃતિઓમાં તીવ્ર કલ્પનાવિહાર પણ જોવા મળે છે. શ્રી મકરન્દ દવે : જન્મ ગોંડલમાં તા. ૧૩-૧૧-૧૯૨૨. રાજકોટમાં શિક્ષણ લઈ કુમાર, ઊર્મિ, જયહિન્દ, લોકઅવાજ વગેરેમાં કામ કર્યું, પણ એમનું વલણ કવિતા અને આધ્યાત્મિકતા તરફ વધુ ઢળતું. ઝબૂક વીજળી ઝબૂક, ગોરજ, તરણાં, સંજ્ઞા, સૂરજમુખી, સંગતિ, સત કેરી વાણી વગેરે ઉપરાંત નાટકો અને બાળકાવ્યોના સર્જક.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**

૧ આજના ગુજરાતી સાહિત્ય સંબંધી તમારાં મંતવ્યો ?

❙ (સહ-ઉત્તર) કાર્લાઇલે એક વાર કહેલું : 'હુ નૉટ બી વર્લ્ડ-વાઇડ, બી વર્લ્ડ-ડીપ.' આપણા સાહિત્યમાં વિસ્તાર અને શોભા વધતાં જાય છે, ઊંડાણ ઘટતું લાગે છે. રવિસાહેબે એક ભજનમાં કહ્યું છે :

'મૈં ભેદન પનિહાર,
મૈં પનિહારી રામકી, છીલર જળે ન ન્હાઉં.
પરદા તોડ પિયાલે પેઠું નિરમળ જલ ભર લાઉં.'

ફૅશનના છીછરા જળમાં નહાવા કરતાં પડદા તોડીને જીવનની સીધી ઉત્કટ અને ઊંડી અનુભૂતિનાં જળ ભરી લાવવાની લગનવાળા સર્જકો માટે મન ઝંખે છે.

૨ જિંદગી વિષે કોઈ ખાસ મુદ્દાની વાત કહેશો ?

❙ (સહ-ઉત્તર) એક મુદ્દાની વાત એ છે કે બંને સાહિત્યક્ષેત્રમાં હોવા છતાં કોઈ પણ સાહિત્યિક સિદ્ધિનું અમને ઝાઝું મૂલ્ય નથી. ભરપૂર રસથી જાગૃતપણે જીવવું અને જીવનનાં રહસ્યોને પામવાનો પ્રયત્ન કરવો એ અમારા જીવનની દિશા અને ગતિ છે.

૩ કુંદનિકાબહેન ! નવલ-નવલિકામાં તમને કાલ્પનિક પાત્રોનું આલેખન ફાવે કે જીવંતનું ?

❙ કલ્પના અને જીવનનો સંબંધ મોવણ અને પાણી જેવો છે. બંને સપ્રમાણ હોય તો કથાની કણક બરાબર બંધાય.

૪ મકરન્દભાઈ ! આત્મસિદ્ધિની ભાવના કયારેક નરી ફિલસૂફી બની ખરેખર સમયાતીત અને સર્વાતીત બનવાને બદલે 'સમય' અને 'મન'માં ગોંધી રાખતી નથી લાગતી ?

❙ આત્મસિદ્ધિ સાચી હોય તો 'સમયાતીત' અને 'સર્વાતીત'ને 'સમય' અને 'મન'ના ક્ષેત્રમાં ઉતારે છે અને પોતાના અમૃત અંશથી એને સીંચે છે.

૫ તમારું પ્રિય સ્ત્રી-પાત્ર, કુન્દનિકાબહેન ?

ઈબ્સનનું નોરા. સ્ત્રીના અસ્તિત્વની સ્વતંત્રતાનો પરિચય એણે દુનિયાને કરાવ્યો. એ પ્રેમમુગ્ધ પત્ની અને ઘરને ઉત્કટપણે ચાહતી ગૃહિણી હતી, પણ અસ્મિતા ખાતર લેશમાત્ર ખચકાટ વિના એ ગૃહત્યાગ પણ કરી શકી હતી.

૬ ...અને તમારું પ્રિય પુરુષ પાત્ર, મકરન્દભાઈ ? ❙ શ્રી કૃષ્ણ

૭ તમારા શોખ ? ❙ કું૦ : માણસો, પુસ્તકો, પુષ્પો, પંખીઓ અને તારાદર્શન.
મ૦ : નહિ કોઈ શૉખ, નહિ ત્રાજવું, નહિ કોઈ જોખ.

૮ કુન્દનિકાબહેન ! તમને કોનું ગદ્ય ગમે ?... અને, મકરન્દભાઈ, તમને કોનું પદ્ય ?

❙ કું૦ : સુરેશ જોષીનું. સંવેદનાનો વ્યાપ, કલ્પનાની કુમાશ ને અભિવ્યક્તિની સરસતા માટે.
મ૦ : રવીન્દ્રનાથનું. એ સત્યને મધુરતાથી રસે છે, અને મધુરતાને સત્યથી પ્રકાશિત કરે છે. એ પદ્ય શ્રેષ્ઠ, જેમાં ઉપરની વસ્તુ સિદ્ધ થઈ હોય.

૯ લગ્ન અંગેનાં તમારાં દૃષ્ટિબિંદુ દર્શાવશો ?

❙ (સહ-ઉત્તર) લગ્નજીવન એ પ્રગાઢ પ્રેમની પરિણતિ હોય તો તે હૃદયની ક્ષિતિજો વિસ્તારે છે. એક આત્મીય વ્યક્તિના સાન્નિધ્યમાં પોતાની અંદર રહેલાં શ્રેષ્ઠ તત્ત્વોને સર્વ સ્તરે પ્રકટાવવાનો અવકાશ અને 'વધુ ને વધુ સુંદર' બનતા જવા માટેની પ્રેરણા આપે છે. રોજેરોજ આવી સં-યુક્તિ તે મુક્તિની સાધના બની શકે. એકમેકનાં એકાંતો ને સ્વતંત્રતાની તે સંપૂર્ણ અદબ જાળવે.

મકરન્દ દવે કુન્દનિકા કાપડિયા

છે. ગુજરાતનું નિબંધ દારિદ્રય ઓછું કરવાની ક્ષમતા લઇને આવતા સંગ્રહને આવકાર. લે. ઇશ્વરચંદ્ર ભટ્ટ; પ્ર૦ ઊર્મિ પ્રકાશન, ટાવર સામે, વલસાડ; પાકું પૂઠું; પૃ. ૧૪૨, રૂ. ૪.

બહારનાં પોલાણ : બે રેડિયો નાટક અને આધુનિક શૈલીનાં બીજાં પાંચ નાટકો. લેખક-પ્રકાશક : સુભાષ શાહ, ૨૭, સૂર્યકમલ, અમદાવાદ-૬; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪.

લોકનીતિ : સર્વોદયના પુરસ્કર્તાઓ આજની પ્રાતિનિધિક લોકશાહીને બદલે એવી પ્રત્યક્ષ લોકશાહી પ્રમાણિત કરે છે કે જેમાં દંડશક્તિને વરેલી રાજસત્તાના શાસનને બદલે સર્વસંમતિના સિદ્ધાંતને સ્વીકારીને વર્તતી પ્રજાની ખરા અર્થમાં સર્વોપરિતા હોય. આ વિચારસરણીના આદ્ય પ્રણેતા વિનોબાજીએ 'સર્વ'નો 'ઉદય' સાધનારા, ગાંધીજીની કલ્પનાના લોકસ્વરાજ્યને લોકનીતિનું નામ આપીને જે અનેક પ્રવચનો કર્યાં છે તેનું શ્રી મીરાં ભટ્ટે કરેલું સંપાદન. રાજનીતિના અભ્યાસીઓને એમાંથી લોકશાહી-લોકનીતિનું તાત્ત્વિક અર્થઘટન સાંપડી રહેશે. પ્રકાશક : યજ્ઞ

પ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧. કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૨.


કિંકિણી પોતાના વિવિધ કાવ્યસંગ્રહો-માંથી સારવેલા વિવિધ વિષયોના ચાળીસ ગીતોની ગીતચયનિકા. કવિ-પ્રકાશક: ઉશનસ્; મદનવાડ, લક્ષ્મી શેરી, વલસાડ; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨.

રવીન્દ્ર ચિંતન: કવિવરનું સ્થૂળ જીવન-ચરિત્ર આપવાને બદલે એમના જીવનમાં બનેલી અગત્યની ઘટનાઓની સમયસૂચિનું પરિશિષ્ટ આપીને ભોગીલાલ ગાંધીએ આ પુસ્તિકામાં રાષ્ટ્રીય ઉત્થાન, સાંસ્કૃતિક ઉત્કર્ષ ને પૂર્વ-પશ્ચિમ સમન્વય વિષેના ટાગોરના વિચારોનું તબક્કાવાર પૃથક્કરણ કરીને વિવરણ આપ્યું છે. પ્ર૦ વિશ્વમાનવ સંસ્કાર ટ્રસ્ટ, રામજી મંદિર પોળ, વડોદરા-૧. પાકું પૂંઠું, પૃ. ૧૪૪, રૂ. ૪.

સ્પંદન: કવિતા સિદ્ધ કરવાની ખેવના વગર, કવચિત્ પ્રભુની લીલાના વિસ્મયને તો કવચિત્ કશીક અભીપ્સાને આકાર આપવા, સૂઝયા તેવા શબ્દોનો આશ્રય લઈને કરેલી, ઊંચી જાતના કાગળ ઉપર પાનેપાને ચિત્રાંકનો સાથે છાપેલી, વ્યવસાયે વેપારી અને સ્વભાવે રસિકભાવક 'કમલેશ'—સી. બી. મોદી—ની આ રચનાઓ કવિતા તરીકે કાચી છે તેમ છતાં એની પાછળની ભાવના અને શ્રમનો સાવ છેદ ઉડાડી શકાય તેમ નથી. માનવમંદિર પ્ર૦, ૧૦, માનવ-મંદિર રોડ, મુંબઇ-૨; પાકું પૂંઠું, પૃ. ૮૪, રૂ. ૫.

આપમેળે વહોરાતા અકસ્માત

ઘરઆંગણે કે શેરીઓમાં રમતાં-રખડતાં બાળકોની અજ્ઞાનતા અને એમના અળવીતરા-પણાથી (ને ક્યારેક મોટેરાંઓની બેદરકારીથી) સર્જાતા અનેક અકલ્પ્ય નાનામોટા અકસ્માતો



નિવારવાનાં સરળ-સચોટ સૂચનોની ૩૨ પાનાં-ની સચિત્ર પુસ્તિકા. આ એની ચોથી આવૃત્તિ છે જે એની ઉપયોગિતાની દ્યોતક છે. પ્રકાશક: શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર. કાચું પૂઠું, પૃ. ૩૨, કિ. ૩૦ પૈસા.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૩]

કરાવનાર · જલન માતરી



સાબિર

રાજહંસલાથી પણ સુંદર કોઈ ચકલાનો માળો દેખનારા, સિદ્ધરાજથી પણ ઊંચો અને ઉજ્જવળ ઓડણના ઉચાળાને ભાળનારા, કાળની જર્જરિત રચનાઓને, રૂપ ને પ્રેમની સમસ્યાઓને, ધર્મ ને કર્મની રેખાઓને બદલવા માગતા, સ્વ. શયદાના સમકાલીન અને ગઝલ-ઈમારતની પાયાના મજબૂત ઘડવૈયા શ્રી સૈયદ સાબિરઅલી અકબરમિયાં બુખારીને ગુજરાતની ગઝલ-પ્રેમી જમાત 'સાબિર'ના નામે ઓળખે છે.

જન્મ. તા. ૩-૫-૧૯૦૭ (આજે ૬૪ વર્ષ), જન્મસ્થળ અને વતન વડવા; ઉર્દૂ, ગુજરાતી ૭ અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ; વ્યવસાય ખેતી અને બાગબાનીનો. શ્રી સાબિરે પોતાની ઓળખાણ પોતાના જ એક શે'રમાં આપી છે:

કલમનો સ્વામી ગ્રહી કોદાળી, ખેત-ક્યારીઓમાં ઝઝૂમે,
તો જળની નીંકો પલાળે ચરણો ગુલાબ-કાંટાઓ હાથ ચૂમે.

૧૯૨૩થી એકધારી સાહિત્યસેવા કરતા આવ્યા છે. શરૂઆતમાં દોહા-સોરઠા, છંદોબદ્ધ કાવ્યો લખીને ૧૯૨૭થી ગઝલ તરફ વધુ ઢળ્યા. એમની ગઝલોમાં ચિંતનનું તત્ત્વ પ્રધાન છે. શ્રી શૂન્ય પાલનપુરી અને ગની દહીંવાલાની જેમ શ્રી સાબિર અલીની ગઝલોમાં પણ હિન્દુ સંસ્કૃતિની છાયા ભારોભાર જણાય છે. પિંગળનું એમનું જ્ઞાન જાણવા જેવું છે.

અભાન જોઈને ઠોકર મારીને સભાન કરતા, સાકીની કૃપાને કૃપા તો ખરી પણ ક્રૂર કૃપા તરીકે ગણાવતા, હૃદયને માર્ગ વચ્ચે બિછાવીને વિના સંકોચે ચાલવાની સનમને ભલામણ કરતા આ વિદ્વાન શાયરના શે'રોનો મર્મ પામીએ:

ગંગાને પૂછ્યું તો એ કળકળીને ઉચ્ચરી કે
મારા પ્રવાહ પાછળ હિમાચળ બળી મરે છે

તૃષા ખુદ હકીકત બની ઝાંઝવાની,
તમન્ના રહી ગઈ ફક્ત પી જવાની.

હું પ્રાણ દઈને છૂટી શક્યો એ ધમાલથી,
આશાઓ સઘળા વિશ્વની વળગી પડી હતી.

હું ચહું છું વારે વારે ના કહું,
જીભે આવી જાય છે રોકાઈ જાવ!

તમારા વિષે કલ્પનાઓ કરી છે,
સરતચૂક થઈ ગઈ છે દૃષ્ટિ પ્રમાણે.

જીવન 'સાબિર' એવું લાગ્યું;
લાંબી વાતો, ટૂંકી રાત.

રે! એ ઈન્સાનિયતને શોધનારા,
આ કોની લાશ રસ્તામાં પડી છે.

આ શું સુડોળ અંગથી અડકી રહી છે ઝુલ્ફ,
ચંદનના વૃક્ષે ચોંટી રહેલ નાગણી ન હો.

કૃપા તો છે એ છતાં ક્રૂર છે કૃપા સાકી,
અભાન જોઈને ઠોકરથી તું સભાન કરે!

મુજ કદમનો પાડ માનો, સ્વર્ગ, ધરતી ને ગગન
હું વટાવીને ગયો તે મંઝિલો વેરાન છે.

રાજહંસથી પણ સુંદર કો' ચકલાનો માળો દેખ્યો છે
સિદ્ધરાજથી પણ ઊંચો ઓડણનો ઉચાળો દેખ્યો છે.


નવયુગનો પ્રહરી નર્મદ: શ્રી ભોગીલાલ ગાંધીની આ સુગ્રથિત પુસ્તિકામાં ગુજરાતમાં નવનિર્માણના ઓરતા મનમાં લઈને સમાજની જડતા સામે દાંડી પીટીપીટીને બાખડેલા વીર જોદ્ધા કલમજીવી નર્મદના જીવનના પ્રસંગો અને પાસાંઓની રસિક પ્રેરક કહાણી ઉપરાંત એના ચિંતન-સર્જનમાંથી મહત્ત્વના ઉતારા પણ પસંદ કરીને આપ્યા છે. પ્ર૦ વિશ્વમાનવ સંસ્કાર ટ્રસ્ટ, રામજી મંદિર પોળ, વડોદરા-૧, કાચું પૂંઠું, પૃ. ૧૨૪, રૂ. ૩-૫૦.

પિતૃવંદના: પિતાના મૃત્યુથી ઉપજેલા વિષાદ, સ્મૃતિ અને દર્શનની પ્રો. ગોવિંદભાઇ પટેલની ૬૯૬ પંક્તિની પદ્યવંદનાની આ દ્વિતીય સંવર્ધિત આવૃત્તિમાં ૫૨૨ પંક્તિની 'માતૃ-વંદના' ઉમેરી છે. કવિની અંગત મનોવેદનામાં સર્વસાધારણ બની રહે એવું તત્ત્વ અલ્પ તો યે છે ખરું, એમનાં અન્ય કાવ્યોમાં હોય છે તે અપાર્થિવ, આધ્યાત્મિક તત્ત્વ અહીં પણ છે. પદ્યની લયશુદ્ધિ ધ્યાનપાત્ર છે. પ્ર૦ પોતે. ખાલસા કૉલેજ, મુંબાઇ-૧૯. કાચું પૂંઠું, પૃ. ૬૦,

કલાવાર્તા

ચિત્રકાર હરીશ રાઉત





કૃષ્ણ-જન્મોત્સવ (ઉપર)ના ગ્રામ સમગ્રમાં પ્રસરેલા આનંદને ચિત્રકારે એક સળંગ રંગપટ્ટીના આગવા પ્રયોગથી સૂચવ્યો છે. (નીચે) 'ખેડૂત'ના શ્રમભર્યા જીવનનું શોભનાત્મક આલેખન. (ડાબી બાજુ નીચે) પંખી વેચનારી. માત્ર રંગલપકાથી ઉતારેલી પાત્રની લાક્ષણિકતા. પહેલું ચિત્ર 'ઍર ઇંડિયા'ના અને બીજાં બંને વકીલ ઍન્ડ સન્સ-મુંબાઈના સંગ્રહમાં છે.



અનેક ચિત્ર-પ્રદર્શનો, કૅલેન્ડરો ને અભિનંદન-પત્રો દ્વારા જાણીતા, મહારાષ્ટ્રના આ ખ્યાત કલાકારનો જન્મ થાણા જિલ્લાના બોરડી ગામે થએલો. નારિયેળી ને તાડીની વનરાઈ તથા લહેરાતા દરિયાકાંઠાના એ વિસ્તારની ઋતુએઋતુએ અવનવા પલટા લેતી પ્રકૃતિની સૌન્દર્ય-સમૃદ્ધિએ બચપણથી જ એમનામાં કલાની લગની જગાડેલી. શાળાના ચિત્રશિક્ષકે એ લગનને પિછાની અને એમને ડ્રૉઇંગ ગ્રેઈડની પરીક્ષામાં બેસવા પ્રેર્યા, જેમાં ડિઝાઈનના વિષયમાં એમને ઈનામ મળ્યું. આ આરંભથી જ એમણે ચિત્રકાર બનવાની મહત્ત્વાકાંક્ષા સેવવા માંડેલી. મૅટ્રિક થઇને કૉલેજમાં ગયા



પણ ત્યાં ગોઠચું નહિ અને નિર્વાહ માટે નોકરી કરતાંકરતાં સવારસાંજના કલાવર્ગો ભરી ઈ. ૧૯૫૨માં પેઇન્ટિંગનો ડિપ્લોમા મેળવ્યો.

આ પછી અવારનવાર ચિત્રપ્રદર્શનોમાં ભાગ લઈ એમણે ૧૯૬૨માં કલકત્તા ઍકૅડેમી ઑવ ફાઈનઆર્ટ્સનો સુવર્ણચંદ્રક, ૧૯૬૪માં અમૃતસર ઍકૅડેમી ઑવ ઇંડિયન આર્ટનો રૌપ્યચંદ્રક અને ૧૯૬૮માં બૉમ્બે આર્ટ સોસાએટીનો ગવર્નર ચંદ્રક મેળવવા સાથે ૧૯૪૫, '૪૬, ૪૭'-માં એ સોસાએટીના રોકડ પુરસ્કારો પણ મેળવેલા. આ ઉપરાંત, ચૌદ વાર એમણે વૈયક્તિક રૂપે પણ પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં છે, જેમાંની ઘણી કૃતિઓ અનેક નામી પેઢીઓ તથા કલાચાહકોના સંગ્રહોમાં સંઘરાઈ છે.

ઈ. ૧૯૩૯માં મહારાષ્ટ્ર રાજ્ય કૃષિમેળા માટે એમણે એક મોટું મ્યૂરલ (જુઓ પૂઠા બેમાં) પણ કર્યું, જે ૧૯૭૦માં રાજ્યના કૅલૅન્ડરમાં પણ પ્રકટ થયું. આધુનિક શૈલીની છાંટ અને ભારતીય પોતવાળી એમની ચિત્રશૈલી કંઈક આગવી ને એથી આકર્ષક રહી છે. આજે લાંબા સમયથી બૉમ્બે આર્ટ સોસાએટીના માનાર્હ મંત્રી તથા જહાંગીર આર્ટ ગૅલેરીની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે પણ કામ કરી રહ્યા છે. આવાં અન્ય ઘણાં રોકાણો છતાં હજી યે તેઓ નિયમિતપણે દરરોજ—મોટે ભાગે ત્રણ ચાર કલાક તો ચિત્રકામ કરે જ છે, જે એમની કલાના વિકાસ અને ચિત્રોની સંખ્યામાં વધારો કરે છે. —જયંત સિદ્ધપુરા

અંતરગહરી-૪૩

હિપ્પી જમાતના રંગઢંગ

લેખક · ચંદ્રવદન મહેતા



◁એક હિપ્પી અલગારી



△બનારસમાં ગંગાસ્નાન કરતા હિપ્પી-ગુરુ ઍલન ગિન્ઝબર્ગ

આ ટીકડી-યુગ છે: ટીકડી કે ગોળી. માથાનો દુખાવો ઉતારવા, મગજને શાંત કરવા, તાવ નાબૂદ કરવા, તાકાત વધારવા, કક્કા-બારાખડીના બધા અક્ષરોવાળા વિટામિન્સની ખોટ પૂરવા, બાળકો થતાં અટકાવવા, કે બાળકો થવા, એમ અનેક કારણો માટે ગોળી ખાઓ. મરવું હોય તો પણ ગોળી ખાઓ—હોમિયોપથીની, ઍલોપથીની, આયુર્વેદની, બાયો કેમિકની કે પછી બંદૂકની! પણ ગોળી ખાઓ: મરવા માટે, જીવવા માટે, વધારે સારી રીતે જીવવા માટે, તંદુરસ્તી સાચવવા માટે. અરે ભગવાનનાં દર્શન કરવા માટે કે મોક્ષ મેળવવા માટે પણ આજે ગોળી મળે છે. ગોળી ગળો, ગળામાં તકલીફ હોય કે ન ભાવતી હોય તો સોય ભોંકીને પણ એ જ દવા શરીરમાં દાખલ કરો. નવા યુગની સાધનાનો આ એક નવો પ્રકાર છે: આત્માની ઉન્નતિ સાધવાનો.

કૅલિફૉર્નિયા પહોંચ્યા, ને-સાનફ્રાન્સિસ્કોમાં ઊતર્યા એટલે હિંદને આંગણે જ આવી ગયા સમજો. હિંદના જ આચાર-વિચાર-વ્યવહાર અમલમાં મુકાતા જોવા મળશે. એમ તો ગુરુ ગિન્ઝબર્ગના કાગળને લઈ ન્યૂ યૉર્કમાં ઈન્ટરનૅશનલ સોસાએટી ફૉર 'ક્રિષ્ના જાગ્રતિ' ૨૬મા મહોલ્લા-માં બીજી ઍવન્યુ પહોંચો, તો આચાર્ય સ્વામી ભક્તિવેદાંત 'હરે કૃષ્ણ'ની ધૂનમાં તમને લયલીન કરશે. મીઠાઈનો પ્રસાદ પણ આપશે. એનાં બે મંદિરો છે, એક આ છેડે ન્યૂ યૉર્કમાં, બીજું પેલે છેડે સાન-ફ્રાંસિસ્કોમાં. સ્વામીજી હિપ્પીઓને આમંત્રણ આપી 'હરે કૃષ્ણ, હરે રામ'નો જપ કરાવે છે. એમનું ધ્યેય 'ઈશ્વરનું વિજ્ઞાન' પ્રસ્થાપિત કરવાનું છે—'સાયન્સ ઑવ ગૉડ.' આ જે છે તે બધું ઈશ્વરનું જ છે એવું ભાન થઈ જાય તો પૃથ્વી ઉપર શાંતિ છે, સ્વર્ગ જ છે. બરાબર છે. સંશય ક્યાં પડે છે? ઈશ્વરનું 'જ્ઞાન' કે 'વિજ્ઞાન' આ બે શબ્દોના ભેદમાં. પણ કદાચ મારાથી વિજ્ઞાનનો સાચો અર્થ સમજાતો નહિ હોય. હરે કૃષ્ણ! હરે રામ!

આ હિપ્પી સંસારના પરિચયની ક્યાંથી શરૂઆત કરીશું? બહુ વિકટ કામ છે. કારણ, જે આજે છે તે કાલે નથી અને કાલે છે તે કાલે ય નથી, એમ ઝડપથી એમની વિચારશ્રેણી આગળ વધે છે—અને માર્ગ પણ બદલે છે. બીટલની જમાતથી આપણે હવે પરિચિત છીએ. એમણે જટોડાં-દાઢાં વધાર્યાં; માથાનાં એ ઝટિયાંથી કપાળને ઢાંકી દીધું, પણ-પણ એમણે આંખો ખુલ્લી રાખી; જાઝની બાંધણીથી આગળ વધી સંગીતના ક્ષેત્રમાં આગવો ફાળો યે આપ્યો. પણ બીટલ્સની જમાતને તો ક્યાંય પાછળ પાડીને આ હિપ્પીઓ આગળ આવી પડયા. હિપ્પી-સંસાર બીટલ્સમાંથી ફણગ્યો કે આપોઆપ બ્રહ્માની જેમ એનું સર્જન થયું, એ ચર્ચાનો છેડો નહિ આવે. કોઈ હા કહેશે, કોઈ ના કહેશે;—પણ ક્યાંક તાણાવાણા મળે ભળે એટલું જાણવા મળે. હિપ્પીઓએ બીટલના સંગીતને વળી ઓર બહલાવ્યું. ચિત્રકળા ખીલવી, શિલ્પ અને સાહિત્યમાં જરા વધારે મહેનત કરવી પડે એટલે એ બે ક્ષેત્રને જરા બાજુ ઉપર રાખી, જીવનમાં સહેલાઈથી આનંદ આણવાનાં બધાં ક્ષેત્રોને બહલાવ્યાં, એની હદસરહદો તોડી, અનાયાસ આગળ ને આગળ વધતા ગયા, દિશાઓ પણ વિવિધ વિસ્તારી, એને અદલાવી બદલાવી, બંધન માત્રને ઉચ્છેદી ચાલ્યા...ચાલ્યા...તે ક્યાં ચાલ્યા ક્યાં ચાલશે-જશે તે કહેવા કોઈ સમરથ પણ શક્તિમાન નથી.

બીટલ્સ કરતાં અહીં એક ધ્યેયની સ્પષ્ટતા એમણે કરી. પણ ધ્યેય સ્પષ્ટ કરવામાં એમનો ફાળો, કે એ સ્પષ્ટ કરી આપવામાં બીજાઓનો ફાળો એ વળી ચર્ચાનો વિષય છે. વળી, એ બીજાઓએ આ ધ્યેય સ્પષ્ટ કરી આપવામાં પોતાના સ્વાર્થ સાધવામાં કે પોતાનાં મત-માન્યતા ફેલાવવામાં આ હિપ્પીઓને સાધન તરીકે વાપર્યા છે એવો પણ એમની ઉપર નક્કર આરોપ છે. એ ચર્ચામાં પણ આપણે નહિ પડીએ. પડીએ, જરૂર, પણ એથી ફાયદો શો? જે છે તે છે, એને જાણીએ, અને પછી આપણે આપણી સારવણી કાઢીએ એ ઠીક નથી? એ ધ્યેય તે શું? એ પ્રામાણિક બીટલોએ સ્પષ્ટ નહોતું કર્યું; કારણ એમનું એ તરફ ધ્યાન પણ નહોતું. એમને જીવનનો આનંદ મોટે ભાગે સંગીત દ્વારા વ્યક્ત કરવો હતો, માણવો હતો. અહીં હિપ્પીના સલાહકારો અને ઘર પર-દેશના ગુરુઓએ એમને ધ્યેય સૂચવ્યું કે આ 'ચળવળ' યા 'ક્રિયા' મારફત ભગવાન પ્રાપ્ત થઈ શકે છે. એટલે હિપ્પી જમાતમાં તડાં પડવાની અણી આવી: ભગવાન એટલે શું? એની વ્યાખ્યા બાંધો. એ છે, એ નથી, માટે કરીને એવા સંશયમાં ન પડતા. ભગવાનને બદલે પર્યાય સબ્દ 'અંતર-જ્ઞાન', 'આત્મ-જાગૃતિ', 'અંતર-દર્શન', ચેતના-ભાન' એવા એવા શબ્દો યોજાયા. પછી પ્રશ્ન આવ્યો કે આમ કર્યા થકી શું? તો કહે છે કે એથી સુખની, આનંદની પ્રાપ્તિ થાય છે. તો જમાત ઠરાવે છે કે એથી અદકું શું? અને પંથીઓ સુખની શોધમાં નીકળ્યા. આમ નક્કી થતાં સાધનો વિચારાયાં. એમાં અતિ જૂની ભારતની સંસ્કૃતિ કુમકે આવી. અહીંના ગુરુજનોએ એમને એક નાનકડો મોઢાકોશ આપ્યો. જીભને ટેરવે થોડા શબ્દો ચોંટાડી આપ્યા, અને લુલીબાઈ ફૂલીફાલી ફરવા લાગી. એ શબ્દોની યાદી બહુ મોટી નથી. 'બ્રહ્મ', 'યોગ', 'આનંદ', 'મંત્ર', 'સમાધિ'. આ પંચીકરણ યોજના થકી કેટલાક સ્વયં પતંજલી થઈ વિહરવા લાગ્યા. એ એક પંથ. બીજાઓએ માધ્યમ અને સાધન શોધ્યાં. એમણે, 'શક્તિ', 'જપ', 'કીર્તન', 'ધૂન' નક્કી કરી પોતે ચતુર્વેદી થઈ બેઠા—ચાર પ્રકારના સાધનના જાણકાર. એ એમનો બીજો પંથ.

ત્રીજા તો વૈદકના જાણકાર પાકયા. વૈદક એટલે શરીરમાં ભૌતિક તત્ત્વો કે સત્ત્વોને દાખલ કરી, મનને—ચિત્તને એકાગ્ર કરવાના, અને એમ કરી અલૌકિકનાં દર્શન કરવાના મેળ મેળવ્યા. આ સાધનોમાં એક નહિ પણ એક પછી એક અનેક પદાર્થો—શુદ્ધ-અશુદ્ધ મિશ્રિત વનસ્પતિસૃષ્ટિ-માંથી શોધી-સંશોધી, અગ્નિ થકી દ્રાવણ કરી તેનો ઉપયોગ કરવા લાગ્યા. આ પદાર્થોનાં જૂજવાં નામો છે. જેવો દેશ-પ્રદેશ અને જેવો કીમિયાગર વેચનાર તે પ્રમાણે એ દ્રવ્યોની ઈશ્વરદર્શન કે અંતરદર્શન માટે પ્રાપ્તિ થઈ શકે. યોગી થવું કે યોગ સાધવો એ તો એમને મન એક સાધારણ વાત છે. ફરક એટલો જ કે ભારતમાં સામાન્ય રીતે યોગી

થનારા એકલા એ પંથે વિહરે છે; અહીં એક કરતાં બે ભલા, અને બે કરતાં સંઘ ભલો! અને એમાં ખાસ કરીને કિશોર અને કિશોરી બંને સંગમાં વિહરે છે! યોગિની ભારતમાં નથી એમ અમે કહેવા માગતા જ નથી, પણ ભારત કરતાં હિપ્પીઓમાં યોગિનીઓની સંખ્યા અનેક ગણી છે. ગુરુ ઍલન ગિન્ઝબર્ગે જે ટૉરોન્ટોમાં વાંચવા આગ્રહ રાખ્યો હતો, અને કૅનેડાની પોલીસ એમને પકડવા તૈયાર થઈ હતી. એ કાવ્ય

'હું મારૂજ્જુઆના લઉં છું, એ તમે પણ લો એમ કહું છું.
એ અનંતનાં દ્વાર ખોલે છે, અંતર અગમ્યરીતે એ થકી ડોલે છે,
ગૂઢ ધ્વનિ કંઈક બોલે છે; એ સુણી ઈશ્વર આપણું અંતર ખોલે છે.'

આમાંનું મારૂજુઆના એક. એમાં ક્યાંક અફીણ-મૉર્ફિન અને હેરનનું મિશ્રણ પણ હોય. બીજું 'એલ. એસ. ડી'. સાનફ્રાન્સિસ્કોની એ દેણગી. લાઈસરજિક ઍસિડ ડાયાથાલેમાઈડ. ઉપરાંત, સાયન્ટિફિક્લી ટ્રીટેડ પેટ્રોલિયમ એને 'એસ. ટી. પી.' કહે છે. પરંતુ હિપ્પી જમાતમાં સૌથી વધારે હિપ્પીપ્રિય 'મારૂજ્જુઆના' છે. આ બધાં સાધનોનાં જુદાંજુદાં નામો છે. પોલીસથી બચવા વેપારી અને ખરીદનાર આવાં નામો શોધી કાઢે છે. ક્યાંક એને 'પૉટ', ક્યાંક 'ગ્રાસ', 'આકાપુલ્કો ગોલ્ડ', 'મેરી જેઈન', 'વીડ ટી', 'કીફ્' એમ અનેક નામો છે.

આ પદાર્થ લીધા થકી માનવીની કલ્પના પાંગરે છે; અદૃશ્યમાં વિવિધ પ્રકારના રંગોનો માયાવિસ્તાર દેખાય છે; માનસિક વ્યાપારમાં તેજી આવતાં વિવિધ પ્રકારનાં માયાવી રંગબેરંગી દર્શનો થાય છે; આત્માનો વિકાસ, બુદ્ધિમાં ચૈતન્ય, ભ્રમ-ભ્રાંતિની સરહદોનું ઉલ્લંઘન–એવાએવા કંઈક અનુભવો થાય છે. વળી, જેવો માનવ, અને જેવું એનું ચિત્તતંત્ર તે પ્રમાણે એની અસરો નોંધાઈ છે. શરીર પર ઔષધો જેમ અમુક અસર ઉપજાવે છે, એમ આ પદાર્થો મગજ પર વિવિધ અસરો નિપજાવે છે. ચિત્તને એકાગ્ર પણ કરે, બુદ્ધિ બહેર પણ મારી જાય, ચિત્તને ચંચળ પણ બનાવે, આવા પરસ્પર વિરોધી અનુભવો પણ નોંધાયા છે.

મારૂજુઆના ભારતની પેદાશ છે, એટલે તો આપણે ઘટાવ્યું કે સાનફ્રાન્સિસ્કોમાં હિપ્પીલૅન્ડમાં પ્રવેશતાં ને મારૂજુઆનાના ક્ષેત્રમાં વિચરતાં આપણે ભારતીય સંસ્કૃતિના પરચામાં આવી ગયા. બ્રહ્મ અને યોગના અનુભવ થવા માંડ્યા. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે વેદકાળમાં સોમપાન થતું, એ ભાંગ જ. અસલ ઈરાનમાં 'હઓમા'નું પાન થતું તે, કહે છે કે, સોમનું જ રૂપાન્તર હતું. આ સોમવલ્લી ભારતમાં, મધ્ય એશિયામાં ને દક્ષિણ રશિયામાં ઊગતી, અને એનો રસ પીવાના કામમાં વપરાતો. શ્રી ઉદયચંદ્ર દત્તનો પણ એવો જ મત છે. સંસ્કૃતમાં વિજયા તે જ ભાંગ એ જાણીતી વાત છે. સર વિલિયમ ઓશોનેસી ભાંગ કેમ બનાવવી એનો નુસ્ખો લખતાં એમાં ખાંડ, મરી, દૂધ, તરબૂચનાં બી વગેરે વાટીને નાખીને છણેલું પીણું તૈયાર કરવાનું વર્ણવે છે અને એની જાતજાતની થતી અસરો વિષે પણ લખે છે. આ ભાંગ યા સિદ્ધિમાં ખાંડ, માખણ કે ઘી દૂધ ઉમેરી થોડું પાણી નાખી તાપ ઉપર તપાવીને ઘટ્ટ કરેલા પ્રવાહીને 'માજુમ' અથવા 'હેમ્પ' કહે છે. ભાંગને અંગ્રેજી યા લૅટિનમાં 'સનાબિસ સટિવા' કહે છે; અને ભાંગ પાચક છે, પ્રફુલ્લ કરે છે અને મનુષ્યને વાચાળ બનાવે છે, એમ નોંધે છે. ગ્રીસમાં હોમરે ઓડિસી લખી ત્યારે હેમ્પની બનાવટ અને ઉપયોગની ત્યાંની પ્રજાને જાણ હતી. સિસિલીના ડીઓડરસે તે સમયની સ્ત્રીઓ પોતાની ચિંતાને દૂર કરવા–ટાળવા 'નેપેન્થોસ' વાપરતી હોવાનું નોંધ્યું છે. 'ને' એટલે નહિ, અને 'પેન્થોસ' એટલે ચિંતા. ઈરાનમાં યે તે અરસામાં ભાંગનો વપરાશ હતો. સીથિયનો ભાંગના દાણાનું ધૂમ્રપાન કરતા એવા નિર્દેશો પણ છે. જર્મન વિદ્વાન હરમાન બુઝે બાડનબર્ગમાં એક જૂની કબર ખોદી તો એમાંથી એક બંધ પાત્રમાં 'સનાબિસ સટિવા' એટલે કે ભાંગનાં પત્તાં મળ્યાં હતાં. એ પાત્ર ઈસ્વી સન પૂર્વે પાંચમી સદીનું ગણાયું છે. ઈ. પૂર્વે બીજી સદીમાં ગાલેન લખે છે કે અતિથિઓને સ્વાગતમાં હેમ્પ આપવામાં આવતું, અને ચીનમાં હોઆ-થોઆ નામનો દાક્તર વાઢકાપ કરતાં પહેલાં દરદીને હેમ્પ પીવડાવીને બેભાન બનાવી શસ્ત્રક્રિયા કરતો.

ટૂંકમાં લગભગ દરેક દેશમાં ભાંગ ઉપરથી યા એના અંગ્રેજી નામ ઉપરથી ઉપજાવેલા શબ્દો છે, અને એનો વપરાશ પણ છે. ગાંજો, ચરસ, હેમ્પ, કીફ, ગીફા, હશીશ એવાં નામો પ્રચલિત છે માજુન આફ્રિકામાં ને મારીજુઆના શબ્દ મેક્સિકોમાં વપરાય છે. સાહિત્યમાં પણ ભાંગના ઉલ્લેખો છે. રાબેલ્યાએ એક મોટો નિબંધ લખ્યો છે એમાં હેમ્પનાં વર્ણનો આવે છે. જ્યૉર્જ વૉશિંગ્ટને ૧૭૬૫માં ૧૨–૧૩મેએ હેમ્પનો છોડ વાવ્યો અને ૭ ઑગસ્ટે એના ફણગા ફૂટ્યા. જ્યૉર્જ નોંધે છે કે આમ થતાં વધારે-વાર લાગી હતી. થીઓફિલ ગોતીએર અને ચાર્લ્સ બૉદલીએરે હશીશ, એની વપરાશ અને અસર ઉપર લંબાણથી સ્વાનુભવના લેખો લખ્યા છે. જર્મન ફિલૉસોફર નિત્શે હશીશ લેતો, અને એ વિષે એણે લખ્યું પણ છે. હશીશ, ભાંગ ગાંજો અને ચરસ અફીણ કરતાં જુદી જ અસર નીપજાવે છે એનું પણ વિગતવાર સંશોધન થયું છે. અન્ય દાક્તરોએ પણ પોતપોતાની રીતે હેમ્પ વિષે અભિપ્રાયો નોંધ્યા છે. ડૉ. વિક્ટર રૉબિન્સન એમ.ડી., કાસ્પિયન સમુદ્રથી હિમાલય સુધી આ છોડ ઘણે સ્થળે ઊગે છે, ચીન આફ્રિકામાં પણ ઊગે છે, એમ નોંધી દરેકના જુદાજુદા ગુણદોષો જણાવે છે. ભાંગ ગાંજો ક્યારે કેટલા વખતને અંતરે પીવો, અને કયા કયા રોગ એ થકી મટે છે, તેમ એની કેટલીક ખરાબ અસર પણ થાય છે, એ બધાંની આજે નોંધ મળે છે.

પણ અહીં એનું આપણને કંઈ કામ નથી; પરંતુ મારૂજુઆના ભારત ચીનમાંથી અમેરિકા પહોંચ્યું. જુદાજુદા લેખકો, દાક્તરો અનુભવીઓના અભિપ્રાયોમાંથી પોતાને પસંદ પડતા મતો તારવી, અને ભાંગ ગાંજા થકી ધ્યાનની ક્રિયા વધારે વ્યવસ્થિત રીતે કરી શકાય છે. એવો ભારતમાં પ્રવર્તતો મત આગળ ધરી આ હિપ્પીઓ એને ચાળે ચઢ્યા. અંતરચક્ષુ ખોલવા, અંતરની ચેતના વધારે જાગૃત કરવા, બંધ આંખોએ ઘેનમાં ચિત્તભ્રમો, ચકિત કરી નાખે એવી સ્વપ્નસૃષ્ટિ જોવા સમયનું ભાન ભૂલવા, આ પૃથ્વીપટેથી થોડા સમય માટે પણ મોક્ષને માર્ગે જવા, પોતાના જીવનને યોગની દશામાં અને યોગની ભૂમિકામાં લઈ જવા એલ. એસ. ડી. અને મારૂજુઆનાના ઉપયોગ કરવા ચીટકી પડ્યા.

બીજે પક્ષે આ કિશોરોને કશું કરવાનું નથી; અથવા આ ચાળે ચાલ્યા પછી કશું કરવામાં રસ નથી. માબાપનું પૂરતા પ્રમાણમાં વહાલ કે એમની કાળજી કે માવજત નથી, એટલે ભગવાનનું વ્હાલ શોધવામાં આ પંથે પડ્યા. સંસારમાં અને જીવતરમાં છે શું? બધું ખાલીખમ છે, એટલે એમને હાથ શૂન્ય શબ્દ આવ્યો. એ શબ્દની સાથે ગૌતમબુદ્ધ નજરે ચડ્યા; એટલે તરત જ વાતવાતમાં ને ચર્ચા લખાણોમાં, 'નિર્વાણ' શબ્દને મારૂજુઆનાનાં ઉપયોગ માટે ચાવી તરીકે નક્કી કરીનિર્વાણનો ભેદ પામવા ઊપડ્યા. જ્યાં વપરાશ વધે ત્યાં એ માલ વહેલામાં વહેલો ને વધારેમાં વધારે પહોંચાડવો, એ વ્યાપારનો સનાતન સિદ્ધાંત હોઈ, આ દિશામાં ભગવાન તો જેમને જ્યારે મળવાના હશે ત્યારે મળશે, પણ લક્ષ્મી તો હાથવેંતમાં જ છે એ હાથ કરવા વેપારીઓએ જાતજાતના રસ્તા શોધી આપ્યા. કાયદો અને પોલીસ એ બેને કેમ છેતરવાં તે આ વેપારી જેટલું બીજું કોઈ ન જાણે; અને એટલે, હવે એટલો એનો રીતસરનો વ્યવસ્થિત ધંધો શરૂ થઈ ગયો. બંધન વધારે તેમ આવી બાબતોમાં ધંધા વેગ પકડે છે એ જાણીતું છે. પરિણામે આજે અમેરિકામાં જે ઘાતકી કૃત્યો થાય છે તેમાંના ૬૦ ટકા ઉપરાંત આ એલ.એસ.ડી. મારૂજુઆનાના કારણે છે. પણ એની સાથે આપણને સંબંધ નથી. સંશોધકોના કહેવા મુજબ હિપ્પી જમાતમાં અફીણ ગાંજો લેવાં એ ફૅશન કે પ્રથા નહિ, પણ હવે તો ધર્મની ક્રિયા તરીકે એ ગણાવાય છે; એથી (અનુ૦ પૃ. ૩૬૩)

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૨ · રજોદય]

દસેક વર્ષની વય પછી કન્યાનો દેહવિકાસ સ્ત્રીત્વ ભણી વળે છે...જે તબક્કામાં તેની અંગકાંતિ મોહકતા ધારણ કરે છે તો મનઃસ્થિતિ અનિશ્ચિત બની રહે છે.

ઠીંગણી અને જાડી કન્યાઓને રજોદર્શન મોડું આવે છે.

ઠંડા પ્રદેશમાં મોટી ઉંમરે રજોદય થવાની માન્યતા ખોટી છે.

આઠ દસ વર્ષની વય સુધી તો બાલકબાલિકાના શરીરની રચના સિવાય સામાન્ય વિકાસમાં કંઈ ફેર દેખાતો નથી પણ આ પછી કન્યાનો દેહ સ્ત્રીત્વ ભણી અને કિશોરનો પુરુષત્વ ભણી વિકાસ સાધે છે. દસ વર્ષની વય પછી શરીરમાં ભરાવો થવા સાથે કિશોરીનો કટિપ્રદેશ પહોળો બને છે. વક્ષઃસ્થળ ઉપર સ્તનનો વિકાસ આરંભાય છે અને શરીરની બહિર્ રેખામાં વળાંકો ઊપસવા માંડે છે. પુખ્ત થએલા કુમારના ખભા પહોળા હોવાથી તેની સામાન્ય આકૃતિ ગોળ ફાણવાળા ઊંધા ત્રિકોણના જેવી, જ્યારે કુમારીની રેખાકૃતિ એથી ઊલટી, પહોળો ભાગ નીચે અને સાંકડો ભાગ ઉપર હોય એવી સીધા ત્રિકોણ જેવી થાય છે. માતૃત્વની દિશામાં કિશોરીના શરીરનો એ વિકાસ હોઈ તેમાં ખભા કરતાં કટિપ્રદેશ વધુ પહોળો બને છે. વયના વધવા સાથે કિશોરીના શરીરમાં વધુ ચરબી એકઠી થઈ, એનું શરીર વધુ ગોળાકૃતિ ધારણ કરી લાવણ્યમય, નાજુક અને મોહક બને છે; તો કિશોર ખડતલ અને સશક્ત દેખાય છે. શરીરના આ ફેરફારો સાથે મનના એટલે કે લાગણીઓના ફેરફારો પણ થવા માંડે છે.

સ્ત્રીત્વ ભણી દોરી જતા કન્યાના શરીરના ફેરફારો તેના શરીરના આંતરિક વિકાસનાં બાહ્ય લક્ષણો છે. આ વિકાસની નિયામક અંતઃસ્રાવી ગ્રંથિઓ છે. લૈંગિક વૃદ્ધિ અને વિકાસમાં બીજગ્રંથિઓ, શુક્રગ્રંથિઓ, પિચ્યુટરી ને થાઇરૉઈડ ગ્રંથિઓ મહત્ત્વની છે. આ ગ્રંથિઓની પાંચ વર્ષ અગાઉથી શરૂ થએલી ક્રિયાઓથી યૌવનારંભમાં કન્યાનો સ્ત્રીત્વભર્યો અને કિશોરનો પુરુષત્વભર્યો દેહ ઘડાય છે. કિશોરમાં શુક્રગ્રંથિઓ અને કન્યામાં બીજગ્રંથિઓ કદમાં વધવા માંડે છે અને તે વીસ વર્ષની વયે પુખ્ત વયનું કદ ધારણ કરે છે. આ અને કેટલાંક અન્ય કારણોસર આટલી ઉંમર થતાં સુધી કુમાર કુમારીઓએ લગ્ન અને પ્રજનન માટે થોભવું જોઇએ એવું કેટલાક તજજ્ઞોનું માનવું છે. કન્યાના દેહમાં બીજગ્રંથિઓના એસ્ટ્રોજના નામના હોર્મોનની અસર હેઠળ તે પુષ્પ જેવી અંગકાંતિથી મોહકતા ધારણ કરે છે. પ્રજનન સાથે આને કંઈ સંબંધ તો નથી, પણ તે જાતીય વિકાસનું સૂચક લક્ષણ છે. પોતાને રજોદર્શનનો આરંભ ક્યારે થશે તે કોઈ કન્યા ચોક્કસ જાણી શકતી નથી, પણ તે થવાની ગણતરી રાખી શકે છે. વિકાસના આ તબક્કામાં ઘણી કન્યાઓ ઘરમાં પડી રહી કાં તો વાંચે છે, દિવાસ્વપ્નોમાં રાચે છે કે શૂન્યમનસ્ક બેસી રહે છે. વળી, આ ગાળામાં એ એવી લાગણીવશ બને છે કે નજીવી બાબતમાં કાં તો હસે છે યા રડે છે. ગ્રંથિઓની જબ્બર કામગીરીથી મનની સ્થિતિ ઉપર થતી અસરોનું આ પરિણામ છે.

સામાન્યતઃ કન્યામાં પ્રથમ ઋતુસ્રાવ સાડા બારથી ચૌદ વર્ષની વય સુધીમાં શરૂ થાય છે. આને પશ્ચિમના દેશોમાં મેનાર્કે (રજોદય) કહે છે. ઠીક કોઈકને અગિયાર વર્ષની વયે પણ થાય તો કોકને વળી પંદર સોળ વર્ષની ઉંમર સુધી વિલંબમાં પણ પડે છે. સામાન્ય ઊંચાઈ અને વજન ધરાવનાર ટૂંકી અને જાડી કન્યાઓને પ્રથમ રજોદર્શન મોડું આવે છે. તો પણ સત્તરની વય વીત્યા છતાં જો ઋતુસ્રાવ ન આવે તો તેની દાક્તારી તપાસ થવી જરૂરી છે. ગરમ પ્રદેશ કરતાં ઠંડા પ્રદેશમાં કન્યા મોટી ઉંમરે ઋતુમતી થવાની માન્યતા ખોટી છે. ઋતુસ્રાવના આરંભ માટે પરિસ્થિતિ કરતાં આનુવંશિકતા અને આર્થિકસામાજિક સંજોગો મહત્ત્વનાં કારણો છે. વળી સ્વસ્થવૃત્ત ને ખોરાકનાં ઊંચાં ધોરણોથી શરીરનાં વૃદ્ધિ ને વિકાસ વધુ સારાં થવાથી ગઈ પેઢીથી હવે ઋતુસ્રાવનો આરંભ વધુ વહેલો થાય છે. સ્ત્રીદેહમાં ઋતુસ્રાવ સહેતુક છે. પ્રજોત્પત્તિ માટે સરજાએલી આ કાયાની કરામતથી સ્ત્રી માતૃત્વ પામે છે.

સ્ત્રીદેહના પ્રજનનના અવયવો વિષે આપણે અગાઉ થોડું જાણી ગયા છીએ. કન્યાના બસ્તિપ્રદેશ (પેલ્વિસ)માં તેની બંધ મૂઠી જેટલા કદનું ગર્ભાશય હોય છે. તેની બન્ને બાજુ તેના વિસ્તાર રૂપ બીજવાહક નલિકાઓ હોય છે અને તેના છૂટા છેડા બન્ને બાજુએ અખરોટ આકારની એક એક બીજગ્રંથિ (ઓવરી) ઉપર ઝળૂબીને રહેલા હોય છે. માંસપેશીઓના બનેલા પોલા ગર્ભાશયની અંદરની બાજુએ કોષો અને સંખ્યાબંધ રક્તવાહિનીઓનું એક આવરણ હોય છે. ગર્ભાશય (યુટેરસ) છે તો અઢીથી સાડા ત્રણ ઈંચ લાંબું, પણ તેની દીવાલો ગર્ભસ્થ બાળકને સમાવી શકે એટલી વિસ્તૃત થઈ શકે છે. જમરૂખ આકારના એ ગર્ભાશયના મુખ પાસેનો સાંકડો ભાગ (સરવિક્સ) યોનિ (વેજાઇના) માં આવેલો છે. માંસપેશીની બનેલી ચારેક ઇંચની લંબાઈની યોનિ, ગુદાશય અને મૂત્રનળી વચ્ચે ગોઠવાએલી છે. આ યોનિનું મુખદ્વાર બે ભગૌષ્ઠથી ઢંકાએલું છે. એ યોનિદ્વાર આડો યોનિચ્છેદ (હાઇમેન) નામનો નાજુક પરદો હોય છે. બધી કન્યાઓને તે હોતો નથી, અને યૌવનારંભ પહેલાં તે આપમેળે તૂટે છે. જવલ્લે કોક કન્યાને આ પરદો મજબૂત હોવાથી તૂટતો નથી. પરિણામે ઋતુસ્રાવના લોહીને બહાર આવતું અવરોધે છે. યોગ્ય ઉંમરે રજોદર્શન ન થવાનું આ પણ એક સબળ કારણ બને છે.

દરેક બીજગ્રંથિમાં ત્રણસોથી ચારસો જેટલા બીજકોષો હોય છે. કન્યાના યૌવનપ્રવેશ બાદ પિચ્યુટરી ગ્રંથિના સ્રાવની અસરથી આ બીજકોષો પકવતા ધારણ કરી લગભગ દર માસે વારાફરતી એક બીજગ્રંથિમાંથી એક—કદાચ બે—બીજકોષ બહાર પડે છે અને બીજવાહક નલિકામાં ઝડપાઈને ગર્ભાશય તરફ આગળ વધે છે. બીજકોષ (ઓવમ) એક ઇંચના સવાસોમા ભાગના કદનો હોઈ અતિ સૂક્ષ્મ હોય છે, ને છતાં તેનામાં એક પૂર્ણ બાળક બનવા માટેની બધી સામગ્રી ભરી હોય છે. તે એક બે દિવસ જીવતો રહે છે. બીજગ્રંથિઓ, બીજવાહક નલિકાઓ અને ગર્ભાશય અહીં જે કામ ઉપાડે છે તે આપણે કલ્પી પણ ન શકીએ એટલાં વિકટ અને કરામતભર્યાં છે. અઠ્ઠાવીસ દિવસે ઋતુસ્રાવ પામતી સ્ત્રીને, અટકાવ શરૂ થયાના બારથી ચૌદમા દિવસે, બીજગ્રંથિમાંથી બીજકોષ બહાર પડે છે. આ ગાળાને 'ઑવ્યુલેશન પીરિયડ' કહે છે.

સ્ત્રીનું શરીર પ્રજોત્પત્તિના વિશિષ્ટ હેતુઓ સર ઘડાએલું હોવાથી બીજકોષ જ્યારે પણ શુક્રકોષ સાથે મળીને ફલિત થાય તે સમયે ઉછેર માટે ઉપયોગી થઈ રહે એવી બીજી પણ તૈયારીઓ શરીરમાં દર માસે થતી રહે છે. બીજગ્રંથિના જે ભાગમાંથી બીજકોષ બહાર પડે ત્યાં કૉર્પસ લ્યુટિયમ નામે એક પદાર્થ પેદા થાય છે, જેમાંથી પ્રોજેસ્ટેરોન નામે હૉર્મોન પેદા થાય છે. એ પ્રોજેસ્ટેરોનની અસર હેઠળ ગર્ભાશયના અંદરના ભાગનું આવરણ લોહી ભરાવાથી જાડું બને છે, જેથી બીજવાહક નલિકામાં ફલિત થએલું બીજ ગર્ભાશયમાં આવી સ્થિર થાય ત્યારે એ આવરણના લોહીમાંથી પોષણ અને પ્રાણવાયુ વડે તે વૃદ્ધિ પામે.

જો બીજકોષ ફલિત ન થાય તો તેના ઉછેર માટે ગર્ભાશયમાં તૈયાર થએલું આવરણ હવે નિરર્થક હોઈ લોહીના સ્રાવરૂપે શરીર બહાર

ફેંકાઈ જાય છે. આને આપણે રજોદર્શન કે ઋતુસ્રાવ (મેન્સ્ટ્રુએશન) કહીએ છીએ. બીજગ્રંથિમાંથી બીજકોષ બહાર પડયા પછી આશરે ચૌદ દિવસે આવું બને છે. તે પહેલાં જો બીજકોષ ફલિત થઈ ગર્ભાશયમાં સ્થિર થાય—ગર્ભાધાન થાય તો પછી ગર્ભના વિકાસ માટે જરૂરી આ આવરણ ગર્ભાશયમાં ટકી રહે છે અને રજોદર્શન થતું નથી.

રજોદર્શનનું આ ઘટનાચક્ર (સાઈકલ) એક રજોદર્શનના અંતથી બીજા રજોદર્શનના આરંભ સુધીનું લગભગ ચોવીસ દિવસનું ગણાય છે. શરૂઆતમાં એકબે વર્ષ સુધી રજોદર્શન દર માસે કે નિયમિત થતું નથી, પણ તેમાં વ્યક્તિગત ફેરફાર રહે છે. પરંતુ છેવટે તે અઠ્ઠાવીસ-ઓગણત્રીસ દિવસના ક્રમમાં સ્થિર થાય છે. કોઈકને પાંત્રીસ કે વધુ દિવસનો ગાળો પણ નક્કી થાય છે. રજોદર્શન પિસ્તાલીસ-પચાસની વય સુધી થતું રહી પછી બંધ થાય છે. એ વખતે બીજગ્રંથિઓમાંથી બીજકોષો આવતા નથી. રજોદર્શનનો આ ક્રમ બંધ પડતાં સ્ત્રીની પ્રજોત્પત્તિની ક્રિયાશક્તિનો અંત આવે છે. આને ઋતુનિવૃત્તિ (મેનોપોઝ) કહે છે.

ઋતુસ્રાવ સામાન્ય રીતે ત્રણચાર દિવસ ચાલે છે. આમાં પણ વ્યક્તિગત ફેરફાર રહે છે. દરેકને સરખા પ્રમાણમાં લોહી વહી જતું નથી. કોઇને બે દિવસ તો કોઇને વધારે દિવસ સ્રાવ આવે છે. પણ પહેલા દિવસે થોડો, પછી એકબે દિવસ વધુ બને ત્યાર બાદ બે દિવસમાં ઘટતો જાય છે. આ સ્રાવનું પ્રમાણ ત્રણથી ચાર ઔંસનું હોય છે, પણ વ્યક્તિગત રીતે એના પ્રમાણમાં પણ વટઘટ હોઈ શકે છે. મોટા ભાગે આમાં કંઈ બીવા જેવી સ્થિતિ નથી હોતી. પણ સાત દિવસ સુધી પુષ્કળ લોહી જાય કે રોજ આઠથી દસ 'ડાયાપર' બદલવાં પડે તેવી સ્થિતિ હોય તો તેને લોહીવા (મેનોરૂહેજિયા) કહે છે. આની દાક્તરી સારવાર જરૂરી છે. રજોદર્શનમાં લોહીના ગઠ્ઠા જોઈને પણ બીવાનું નથી. જો લોહીના ગઠ્ઠા ન જામે તો લોહીનું ઘણું પ્રમાણ શરીરમાંથી વહી જાય. રજોદર્શનના લોહી સાથે બીજા સ્રાવો પણ ભળેલા હોય છે અને વહી ગએલા લોહીને ભરપાઈ કરવા માટે કાયામાં કરામત રહેલી છે.

રજોદર્શનના સ્રાવોથી શરીર અને કપડાંને રક્ષવા માટે રૂ અને ગૉઝના બનાવેલા સેનિટરી ટૉવેલ કે ડિસ્પોઝેબલ નેપકિન (વાપરીને ફેંકી દેવાના રૂમાલ) બજારમાં તૈયાર મળે છે. ગડ વાળેલું સ્વચ્છ કપડું પણ એ માટે ચાલી શકે. કોઇને એ વધુ માફક આવે છે પણ તે લોહીથી તરબોળ થયા બાદ જાંઘમાં બળતરા પણ ઊભી કરે છે અને જો સમયસર ન બદલાય તો દુર્ગંધ મારે છે. પુખ્ત વયની સ્ત્રીઓ માટે યોનિમાર્ગમાં મૂકવાના 'ટૅમ્પેક્સ' નામના રૂનાં તૈયાર પોલ મળે છે. કન્યાઓ પણ તે વાપરી શકે. આને પણ વારંવાર બદલવા તો જોઇએ જ. એ બગડેલાં ફેંકી જ દેવાનાં હોય છે. સેનિટરી ટૉવેલ્સથી કપડાં બગડયા વગર સ્ત્રી રોજિંદાં કામકાજ વધુ સરળતાથી કરી શકે છે. (ચાલુ)

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮

સંગ્રહણી

આ રોગ પાચનમાર્ગમાંનો ગ્રહણી નામનો એક આંતરિક અવયવ બગડવાથી થાય છે. લોકભાષામાં આને સંઘરણી કહે છે, જ્યારે સાંપ્રત વિજ્ઞાનમાં એ 'સ્પ્રૂ'થી ઓળખાય છે. ઝાડા કે મરડો આઠ, દશ કે પંદર દિવસમાં મટી જાય છે, પણ સંગ્રહણી તો વર્ષો સુધી હેરાન કરે છે. 'ગ્રહણી' (ડીઓડિયમ વાલ્વ)નું કાર્ય હોજરીમાંથી આવતા કાચા આહારને રોકી રાખીને તે પાકે પછી તેને આગળ ધકેલવાનું છે. આ કામ બગડી જતાં ગ્રહણી નામનો રોગ થાય છે ને તેમાં નિષ્કાળજી રાખતાં સંગ્રહણી થાય છે. ગ્રહણી બગડવાનું કારણ અગ્નિમાંદ્ય છે. ઝાડા થયા હોય ત્યારે પૂરતી કાળજી ન રાખવાથી પણ ગ્રહણી બગડે છે.

લક્ષણો : ૧) મળપ્રવૃત્તિ તદ્દન અનિયમિત થઈ જાય છે; કોઈ વાર દિવસમાં પાંચ-છ વાર દ્રવ મળ થાય છે, તો કેટલીક વાર બે ત્રણ દિવસે એક વાર સંડાસ જવું પડે છે. ક્યારેક સાવ ઢીલા ઝાડા આવે છે તો ઘણી વાર કઠણ ઝાડો થાય છે. ૨) જમ્યા પછી તરત જ સંડાસ જવું પડે છે. ૩) મરડાની જેમ પેટમાં મરોડ, તથા મળમાં લોહી કે પરૂ પણ કેટલી કવાર જોવા મળે છે. ૪) પેટમાં કોઈ વાર આફરો પણ ચડે છે. ૫) રોગ વધી જતાં લોહીની ઓછપ, શરીરની કૃશતા અને પગે સોજા જોવા મળે છે.

ચિકિત્સા : ૧) આ રોગનો એકમાત્ર ઉપાય છાશ છે. આહાર અને ઔષધ તરીકે માત્ર છાશનો જ ઉપયોગ કરવો જોઇએ. તે શરીરને પોષણ આપશે અને રોગ પણ મટાડશે. તાજા દહીંની ઉપરની તર કાઢી, ચોથા ભાગનું પાણી નાખી, ખૂબ વલોવી બનાવેલી છાશમાં શેકેલું જીરું અને સિંધવનું ચૂર્ણ મેળવી જ્યારે ભૂખ-તરસ લાગે ત્યારે પીવી જોઇએ. છાશ શ્રેષ્ઠ અગ્નિવર્ધક, ત્રિદોષનાશક ને પચવામાં હલકી છે; પોષક અને બળવર્ધક છે. છાશને પૃથ્વીલોકનું અમૃત કહ્યું છે. આ રીતે બે થી છ મહિના સુધી છાશ ઉપર રહેવું જોઇએ.

૨) છાશનો પ્રયોગ પૂરો કર્યા પછી મગનું ઓસામણ, થોડો થોડો ભાત, મગની દાળની ખીચડી જેવા હલકા ખોરાકથી શરૂઆત કરવી. આની સાથે છાશ પીવાની તો કાયમ ચાલુ જ રાખવી.

૩) આ રોગમાં પર્પટીપ્રયોગ ખૂબ લાભકારી છે. પંચામૃત પર્પટીનું મધ કે છાશ સાથે નિયમિત સેવન કરવું. ઉપરાંત શિવાક્ષાર પાચન ચૂર્ણ, હિંગાષ્ટક ચૂર્ણ, રસોનાદિ વટી વગેરે લઈ શકાય.

૪) રોગીએ આરામ કરવો, મહેનત ન કરવી, ઉજાગરા ન કરવા, ભારે ખોરાક ન ખાવો, હવાફેર કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૩૪૩થી

તેના પિતાશ્રી ચિત્રશિક્ષક હતા એટલે તેનામાં ઘરઆંગણે જ ચિત્રકામનું વાતાવરણ પાંગર્યું હતું પરંતુ તેમાં અભ્યાસક્રમની મર્યાદાઓ હતી, મુક્ત વિહાર નહોતો. તેણે પણ રોજ મારી સ્વતંત્ર રીતો પ્રમાણે કામ કરવા માંડયું હતું અને કામમાં ચીવટ પણ સારી બતાવી હતી; છતાં તેના વડીલ તેમજ અન્ય જનોના અભિપ્રાય પણ તેના પર અસર કરી જતો.

એક વાર તેણે તેની સ્કેચબુકમાં એક ઝાડના ઠૂંઠા આગળથી પસાર થતો એક તંબૂરાવાળો પ્રવાસી ચીતર્યો. ચિત્રકલ્પન થવું એ, અલબત્ત મનનો એક વિશેષ પ્રયાસ માગે છે, પરંતુ તેને પૂર્ણ કરવા વિચારની સાથે હાથ અને આંખની એકવાક્યતા સધાવી જોઇએ અને તેમાં સાદૃશ્ય મેળવવા અભ્યાસ કરવો જોઇએ. એટલે મેં તેના એ ચિત્ર પર વધુ પ્રશંસા ન કરી. પણ કોઈ અન્ય મિત્ર સાથે તેણે કવિ નાનાલાલને હઠીભાઈની વાડીમાં તેમના નિવાસસ્થાને એ ચિત્ર બતાવ્યું. કવિશ્રીને એ ચિત્ર જોઈ પ્રેરણા થઈ (કે આડકતરી રીતે મને ડાંભવા?) તે પર બે પાનાંનું 'પાન્થ' નામનું કાવ્ય લખી નાખ્યું. તેની અસર ઊગતા કલાર્થી ઉપર બહુ થઈ ગઈ. પોતાના સ્કેચ પર એક અગ્રગણ્ય કવિ કાવ્ય લખે એથી તેને પોતાની પ્રતિભા આદર પામી લાગી. તે પછીથી તેના આલેખનમાં એક પ્રકારની બેપરવાઈ જણાઈ. આ રીતે કવિએ અ-વ્યાપારથી કલાના ક્ષેત્રમાં પ્રકાશી શકે એવા એક સારા પાત્ર ઉપર અકાળે પોતાની છાયા નાખી એમ મને લાગ્યું. પણ આજે તે મુંબાઈમાં સુપ્રસિદ્ધ નિષ્ણાત ચિત્રકાર તરીકે સ્વતંત્ર વ્યવસાય ચલાવે છે એ મારો પરમ સંતોષ છે. (ચાલુ)





ટિકિટ-સંગ્રહ

બંગલાદેશની ટિકિટો

પશ્ચિમ પાકિસ્તાનથી સ્વતંત્ર એવા પોતાના શાસન માટે ઝઝૂમી રહેલા એ દેશની આ પહેલી ને રંગસુંદર ટિકિટોમાં (અનુક્રમે) પોતાનું ભૌગોલિક સ્થાન, ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની અમાનુષી હત્યાનું સૂચન, સાડાસાત કરોડની પોતાની જનસંખ્યા, પોતાનો રાષ્ટ્રધ્વજ, ૧૯૭૦ ની ચૂંટણીમાં ૯૮% જેટલો વિજય, પાકિસ્તાન સાથેના સંબંધનું વિચ્છેદન, ત્યાંના લોકપ્રિય નેતા શેખ મુજીબુર રહેમાનની છબિ, ને પોતાના દેશને ટેકો આપવાની વિનતિનું આલેખન છે. (પ્રેષક: ડાહ્યાલાલ, અમદાવાદ)



△ આ વર્ષમાં આવેલી, કવિ જ્હૉન કીટ્સની ૧૫૦મી અને ટૉમસ ગ્રેની ૨૦૦મી સંવત્સરી તથા વૉલ્ટર સ્કૉટના જન્મની દ્વિ-શતાબ્દી નિમિત્તે બ્રિટને એકસાથે ગઇ ૨૮મી જુલાઈએ બહાર પાડેલી ત્રણ ખાસ ટિકિટો, જેના પર એ ત્રણે સાહિત્યસ્વામીઓની છબિઓ સાથે તેમના હસ્તાક્ષરો આપ્યા છે. (આ ઉપરની તથા બાજુની ટિકિટોના પ્રેષક: સદાનંદ જોષી–અમદાવાદ)



△ પોતાની અવકાશ-સિદ્ધિઓને એક દાયકો થયો તે નિમિત્તે, છેલ્લી યાત્રામાં ચંદ્રભૂમિ પર ચલાવેલી મોટરગાડી–'રોવર' સાથે અવકાશમાં દૂર દેખાતી પૃથ્વી અને તેની યે પાછળ ઝળહળતા સૂર્યના સુંદર આલેખનવાળી અમેરિકાની આ જોડિયા ટિકિટ ગઈ ૨૭ ઑગસ્ટે બહાર પડી છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



સપ્ટેમ્બર, ૧૯૪૬
વર્ષ ૨૩
અંક ૨૭૦

એ દિવસોમાં ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ ‘રસદર્શન’ના મથાળા નીચે પોતાને મુદિત કરનાર જીવનપ્રસંગોનાં સંસ્મરણો લખતા હતા. એ માળામાં પોતે સ્વાતંત્ર્યલડત અંગે જેલમાં ગએલા ત્યાંના જીવનનાં સ્મરણોનો મણકો આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો તે આસ્વાદ્ય થશે.

ઈ. ૧૯૪૪ સુધીમાં તો સાબરમતી જેલનો ખૂણેખૂણો હું જોઈ વળ્યો હતો. નવા આવનારાઓને હું હિંમત આપતો અને પ્રેમભાવ કેળવતો. ત્યાં હું ‘ભસેગા ઓર કાટેગા’ નામનું એક હાસ્યરસનું સાપ્તાહિક પદ્યમાં કાઢતો. ‘કૂતરાં ભસે છે તે કરડતાં નથી અને કરડે છે તે ભસતાં નથી;’ પરંતુ આ જેલ સાપ્તાહિક તો એવો કૂતરો હતો, જે ‘ભસતો પણ ખરો અને કરડતો પણ ખરો!’

તેમાં જેલના રાજદ્વારી કેદીઓનાં જીવનચરિત્રો, વ્યક્તિગત ટીકાઓ, એમની દીનચર્યાઓની માર્મિક મીમાંસા વ૦ આવતું. અતિશયોક્તિ કરવાની એમાં છૂટ હતી; અથવા અતિશયોક્તિ એ તો એનો મુખ્ય અલંકાર હતો. એમાં ‘ઇન્દ્રસભા’થી માંડીને તે ‘વીણાવેલી’ સુધીનાં નાટકોનાં ગાયનો તથા પ્રાચીન છંદો ને વૃત્તોના લય હતા. જે પ્રસંગો અને ભાવને અનુકૂળ આવે તે રસને અનુસરતા ઢાળોમાં હું એ ગાતો ને બીજા બધા ઝીલતા! ભવાઈ, હરદાસની કથા, કીર્તન તથા નાટકનું એ મિશ્રણ હતું!

ત્રિ વખત નાસિક જેલમાં એક વખત યરોડામાં અને પહેલી સાબરમતી જેલમાં એનાં કટાક્ષકાવ્યો ને નાટકોએ જેલની કંટાળાભરેલી જિંદગીને રસીલી બનાવી દીધી અને છેલ્લી જેલયાત્રામાં તો એ સાપ્તાહિક બહુ લોકપ્રિય થઈ ગયું. છાપામાં ખબરપત્રીઓ દેશ-વિદેશના સમાચારો મોકલે છે તેમ જેલમાંની એકેએક વ્યક્તિના સમાચારો ખૂણેખૂણાના ખબરપત્રીઓ લાવતા અને ૫૦૦ યુવકો એના અંકનું વાચન સાંભળવા દરરવિવારે સવારે ‘બડા ચક્કર’માં એકઠા થતા. તાલ, અભિનય અને વિવેચન સાથે એનાં કાવ્યો ગવાતાં અને બીજા લેખકોને પણ એવાં કાવ્યો મોકલવાનું ઉત્તેજન અપાતું. આવા મનોરંજક પ્રસંગો, જાદુના ખેલો, રાસ, રાષ્ટ્રીય ઉત્સવો, ગણપતિ ને શિવાજી જયંતીઓ, ટેનિસ હુતુતૂ ને ગિલ્લીદંડા તથા કુસ્તી ને દોડ વગેરે કાર્યક્રમોથી જેલમાં જાણે

‘ફરી જોબનિયું આપે
હરિ! તું ફરિ જોબનિયું આપે’

એવી કવિ નર્મદની પ્રાર્થના અમને ફળી હતી.

યરોડા જેલમાં એક હોજ હતો. તેમાં એક ભાઈએ ગુલાબી–સોનેરી માછલીઓ લાવીને નાખી અને જોતજોતાંમાં એનો વિસ્તાર ત્યાં વધી ગયો. એક ભૂરું પક્ષી ક્યાંકથી આવી ચડ્યું એને અમે પાળીપોષીને મોટું કર્યું. એક ભાઈએ કુરકુરિયું પાળ્યું. એને દૂધ પાઈને એવું જાડું કર્યું કે એને ‘ચર્ચિલ’ના નામથી સૌ ઓળખતા! એક જૈન ભાઈ ખિસકોલીના બચ્ચાને પોતાના ભાગનું દૂધ પાતા. એક ભૈયાજીએ બિલાડી પાળી હતી અને બે દક્ષિણી ભાઈઓ રાત્રે નક્ષત્રો અને રાશિઓનું દર્શન કરાવતા. સાંજે અમે એક ઝાડ પર ચડીને દૂર મહાત્માજી રહેતા તે આગાખાન મહેલનાં દર્શન કરતા.

તિલકજયંતી, ગાંધીજયંતી, પર્યૂષણ પર્વ, બળેવ, ગણેશ ચતુર્થી, ઈદ, દીવાળી, વગેરે ઉત્સવો અમે ઊજવતા; માસિક ધ્વજવંદન તથા ૧૨૪મી અની રાજદ્રોહની કલમમાં આવે એવાં રાજદ્વારી ભાષણો પણ કરતા કૉમ્યુનિસ્ટ ભાઈઓ રશિયન નાટકો, લેનિન જયંતી, સોવિયેટ પ્રદર્શન અને ટૂર્નામેન્ટો ગોઠવતા, તો સમાજશાસ્ત્ર, બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, ખલિલ જિબ્રાન, ટાગોર વગેરે પર ભાષણો થતાં; અને અખંડ રેંટિયો, અખંડ ગીતાવાચન તથા નવા ગ્રંથોનાં ઉદ્ઘાટન થતાં. થાળીનૃત્ય, ભીલનૃત્ય, રીંછના ખેલ, પોવાડા, અભિનવ વેશભૂષા વગેરે પણ પ્રસંગોપાત્ત થતાં. એક ભાઈએ કેવળ થીગડાંની જ છત્રી બનાવી હતી, તેને જેલરે જેમાંથી નાસી જવાના બલૂન જેવી માનીને શંકા કરેલી! એ ભાઈને પછી અમે એમને આવી અદ્ભુત યોજનાશક્તિ માટે ‘સર વિશ્વેશ્વરૈયા’ નામનો ચંદ્રક અર્પણ કર્યો હતો!

પીઢ અને મૂગા લોકસેવક રવિશંકર મહારાજ અને થામણાવાળા બબલભાઈની વિનંતીથી મેં એક આરોગ્ય પરિષદ પણ જેલમાં ભરેલી તે આઠ દિવસ ચાલેલી, જેના પરિપાક રૂપ ‘આરોગ્ય–તનનું, મનનું ને દેશનું’ એ નામનું પુસ્તક બહાર આવીને મેં તૈયાર કર્યું.

સાબરમતી જેલમાં પહેલી જ વખતે જઈને મેં જાહેરજીવન ખીલવવાનો ‘કૉન્ટ્રૅક્ટ’ લઈ લીધો! એક મોટા ખંડનું ‘ગાંધી હૉલ’ નામ પાડી ત્યાં દરરોજ બપોરના ૩થી૪ વાગ્યાની વચ્ચે હું વ્યાખ્યાનો રખાવતો. વૃદ્ધો અને પીઢ કાર્યકરોને વિનતિ કરી કે દેશના જે આશાવંત નવજુવાનો અહીં એકત્ર થયા છે તેમને તમારાં જ્ઞાન અને અનુભવનો લાભ આપો. દરબાર ગોપાળદાસે પોતાની આત્મકથા કહી, જેમાંથી કલ્યાણજીભાઈએ ‘ગુજરાતનું નૂર’ લખ્યું. અબ્બાસ સાહેબે પોતાના બાલ્યકાળથી તે વિલાયત ગયા ત્યાં સુધીની, વડોદરાની ન્યાયાધીશીની, મહારાજા ગાયકવાડ સાથેનાં સ્મરણોની તથા પોતે છેવટે ગાંધીજીને મળ્યા તે પછીના કાયાપલટની ઉત્તેજક વાતો કરી, એમાંથી ‘વૃદ્ધ જુવાન’ પુસ્તક લખાયું. અમૃતલાલ શેઠ અને મણિલાલ કોઠારીએ રાજસ્થાનનો અને દેશી રાજ્યોના પ્રશ્નને સમજાવ્યો. મેઘાણીએ હૃદયભેદક ગીતો ગાયાં. એ જ પ્રથા બીજી જેલોમાં પણ ચાલુ રહી. સેનાપતિ બાપટે, પોતાના સાહસપૂર્ણ જીવનની, ભૂગર્ભ પ્રવૃત્તિની, તેંદુલકરે જર્મનીની, ચંદુલાલ દેસાઈએ તિલક મહારાજ સાથેના પ્રસંગોની અને આગાએ ઈરાનની વાતો કહી.

મહેરઅલી પાસે તો મોટું પુસ્તકાલય હતું અને બીજાઓ પણ પોતપોતાનાં રસ અને રુચિ અનુસાર પુસ્તકો લાવ્યા હતા. એ ગ્રંથોનો લાભ તો બધા જ સાર્વત્રિકરીતે લેતા.

લોઢા ને પથ્થર સિવાય જ્યાં બીજું કંઈ જોવાનું ન હતું ત્યાં અમે ડમરો અને તુલસી વાવ્યાં; દિનકરભાઈ દેસાઈની પ્રેરણાથી રંગબેરંગી ફૂલોના સુન્દર બગીચા કર્યા ને ઓરડીઓમાં પુરાવાનો એક કલાક મોડો કરાવી ચાંદની રાતમાં પ્રેમભક્તિનાં ગીતો ગાયાં.

ધોતિયાં ધોવાની, વાસણ માંજવાની, ઓરડીઓ શણગારવાની અને વાંચવાની સ્પર્ધાઓ થતી. અંતકડીની રમતો, કવિસંમેલનો, મેહફિલો અને નાહવાની તથા બગીચાને પાણી પાવાની શરતો કરી નવા મિત્રો અને નવા સંસાર રચ્યા.

સરકારે તો અમને રાજકાજમાં પડવાની ખો ભુલાવવા સજાએ કરી હતી પણ…

દીવાલ પથ્થરની ભલે ના કેદખાનું થઈ શકે.
સળિયા ભલે લોઢા તણા, પિંજર કદી નહિ લાગશે;
મન જો હશે નિર્દોષ મારું શાંત ચિત્તે ધારશે,
એ પિંજરું એ કેદખાનું તીર્થ જેવું લાગશે.’


ટપાલટિકિટની કથા-૯

અંગ્રેજીમાં એક કહેવત છે 'કાળો હંસ જેટલી અશક્ય વાત'. મતલબ કે હંસ કાળો પણ હોઈ શકે એમ કોઈ માનતું જ નહિ. એવો યે સમય હતો. પણ ઑસ્ટ્રેલિયાની શોધ પછી ત્યાંના અનેક અજબ પ્રાણીઓ સાથે કાળો હંસ પણ મળ્યો. ત્યાં વસેલા યુરોપીઅનોને એ એટલો ગમી ગયો કે પશ્ચિમ ઑસ્ટ્રેલિયાએ એને પો-



તાની રાજ સંજ્ઞામાં મઢી લીધો. અને એટલે જ્યારે ત્યાં ટપાલટિકિટોનો આરંભ થયો ત્યારે તેમાં યે કાળા હંસને જ સ્થાન મળ્યું. પણ એ ટિકિટોમાં એક ભૂલ થઈ ગઈ. એનાં બીબાંમાં એક હંસ અવળો ચીતરાઈ ગયો. અને અવળો છપાઈ ગયો. આજે એ ભૂલવાળી ટિકિટની કિંમત લગભગ ૨૫૦૦૦ રૂપિયાની અંકાય છે.

પનામાની નહેર આજે જ્યાં છે એ પનામા અગાઉ કોલંબિયા રાજ્યમાં હતું. ઈ. ૧૯૦૨-માં અમેરિકાએ ત્યાં આ નહેર બાંધવાની દરખાસ્ત મૂકી પણ કોલંબિયા રાજ્યે એમાં રસ લીધો નહિ. બીજી બાજુ ઉત્તરે લગભગ ૫૦૦ માઈલ દૂર નિકારાગુઆએ પોતાને ત્યાં આવી નહેર બાંધવામાં ઘણો ઉત્સાહ દાખવ્યો. પણ તળ પનામાની પ્રજા આ નહેર માટે અને કોલંબિયાથી અલગ પડવા ઉત્સુક હતી. એ-



મણે પોતાના પક્ષમાં એવી દલીલ કરી કે નિકારાગુઆમાં બહુ ધરતીકંપ થાય છે એટલે ત્યાં નહેર સલામત ન રહે. નિકારાગુઆએ આ મુદ્દાનો ઇન્કાર કર્યો, પણ પનામાવાસી જબરા નીકળ્યા. એ જ વર્ષે બહાર પડેલી નિકારાગુઆની એક ટપાલટિકિટ એમણે અમેરિકાને બતાવી જેના પર ત્યાંના મોનો ટૉમ્બો નામના એક જ્વાળામુખીનું ચિત્ર હતું. થઈ રહ્યું. જ્યાં આવો મોટો જ્વાળામુખી પર્વત હોય ત્યાં ગમે ત્યારે ધરતીકંપનો પણ ભય ખરોને? અમેરિકાને ગળે વાત ઊતરી ગઈ. પનામા કોલંબિયાથી અલગ પડ્યું ને અંતે ત્યાંજ નહેર બંધાઈ.

—યશવંત મહેતા



માધુકરી

જીવનનો રંગ રાખીશું, હૃદયનો રંગ ઘોળીને;
મરણને પ્રાણ આપીશું, સમર્પણમાં ઝબોળીને.
ઉદય ને અસ્ત બંનેમાં કસબ એવો કરીશું કે–
શહાદત શીખશે દુનિયા, અમારી રાખ ચોળીને.

—'વિશ્વરથ'

સદ્ગત પ્રતાપરાય ગિરધરલાલ મહેતા

બાળકોની સૃષ્ટિમાં પૂરી દિલચસ્પી ધરાવનાર સ્વ. ગિજુભાઈ બધેકા પછી ગુજરાતમાં કોઈનું નામ લઈ શકાય તો તે ગઈ તા. ૧૮ ઑગસ્ટે બૅંગલોરમાં જેમનું એકાએક હૃદયરોગથી અવસાન થયું તે સ્વ. પ્રતાપરાય ગિરધરલાલ મહેતાનું જ. ગિજુભાઈએ દેશની પરિસ્થિતિ પ્રમાણે બાળકો માટે ક્રીડાંગણ, ખેલન, સંગીત અને સ્વચ્છતાનું વાતાવરણ આપતાં બાલમંદિરો સર્જ્યાં તો પ્રતાપરાયે બાળકોનો પ્રૌઢાધિકાર વિકસાવવા પક્ષીપ્રાણીપાલન, સૃષ્ટિનું અવલોકન ભૂગોળ-દર્શન અને આકાશસૃષ્ટિના પરિચયના પ્રત્યક્ષ પાઠ આપતા સંગ્રહસ્થાન દ્વારા દેશની ભાવિ પેઢી માટે સંસ્કૃતિનો પાયો નાખ્યો. ગિજુભાઈએ પોતાની સાધના માટે ફકીરી સ્વીકારી સમાજનો આશ્રય શોધ્યો, ત્યારે પ્રતાપરાયે સ્વાશ્રય ઉપર વિશ્વાસ રાખી કાર્યવિસ્તાર કર્યો.

એક કાળે અમરેલીના પાદરે આવતાં ગાડાંનો જોખહિસાબ કરતા, સ્નેહી-મિત્રોમાં 'પતુભાઈ'ના હુલામણા નામે ઓળખાતા એ વેપારી યુવાને પોતાના ગામની બાલપ્રવૃત્તિઓમાં પણ રસ લેવા માંડ્યો, અને ત્યારના ગાયકવાડ રાજ્યની ગ્રંથાલય–પ્રવૃત્તિના પ્રખર હિમાયતી બની માનાર્હ સેવાઓ આપવા માંડી અમરેલીમાં બાળકો માટે ખાસ વાચનાલય ઊભું કર્યું.

પોતાની તીવ્ર જ્ઞાનજિજ્ઞાસાથી ઇતિહાસ અને પ્રાચીન સંગ્રહમાં નજર પહોંચાડી એમણે એ વાચનાલય સાથે બાલભોગ્ય સંગ્રહનો એક નાનો વિભાગ પણ શરૂ કર્યો. અમરેલીમાં એમણે પુસ્તકાલય પરિષદ પણ યોજી હતી જેમાં ત્યારે એ પ્રવૃત્તિના ગુજરાતના ખ્યાતનામ પુરસ્કર્તા સ્વ. મોતીભાઈ અમીને એ દિશામાં અમરેલી પ્રાંત સૌને મોખરે હોવાનું જાહેર કરેલું. ગુજરાતના જાણીતા ઇતિહાસવિદ્ વિદ્વાન સ્વ. રત્નમણિરાવના પિતાશ્રી ભીમરાવની બદલી અમરેલીમાં થએલી ત્યારે રત્નમણિરાવનાં સંસ્કારી સુશિક્ષિત માતુશ્રી શાંતાબહેનનો સાથ મેળવી પતુભાઈએ અમરેલીમાં એક સ્ત્રીમંડળ સ્થાપી સ્ત્રીવિકાસનાં બીજ રોપ્યાં હતાં. અમરેલીની આસપાસ જાતે રખડીઘૂમીને પ્રાચીન અવશેષો પણ શોધ્યા, જેમાં પોતે મેળવેલા પ્રાચીન શંખવલયોના આધારે એમણે પ્રતિપાદિત કર્યું કે આ પ્રદેશનો એક કાળે છેક લંકા સુધી વ્યાપારવ્યવહાર વિસ્તરેલો હતો. હાથીદાંતની પેઠે પ્રાચીન સ્ત્રીઓ શંખકંકણો પણ પહેરતી અને એ માટેના શંખ ત્યારે છેક લંકામાં જ પ્રાપ્ત હતા. એમની સમાજસેવા અને આવી સંશોધનવૃત્તિને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે એમને 'રાજ્ય-રત્ન'નો શિરપાવ આપીને નવાજી હતી.



આ ગુણીજનના બીજા પરખંદા, જાણીતા ઉદ્યોગપતિ સ્વ. રામજીભાઈ હંસરાજે જયપુરમાં મેટલ-વર્ક્સની સ્થાપના કરી ત્યારે પતુભાઈને પોતાની પાસે ખેંચી લઈ ત્યાંના મુખ્ય સંચાલક બનાવ્યા. એ ઉદ્યોગ આગળ જતાં ફૂલીફાલીને જે સધ્ધરતાએ પહોંચ્યો તેમાં પતુભાઈની પ્રતિભા પણ યશભાગી હતી: એટલું જ નહિ, પણ પતુભાઈએ રાજસ્થાનની પ્રજામાં પણ એવી જ લોકપ્રિયતા મેળવીને ત્યાંના ચિત્રકારો તથા શિલ્પીઓની પણ ચાહના




તા. ૧૩મી ઑગસ્ટે તરુણાભિનંદનમાં શ્રીમતી મદાલસાબહેનના સાન્નિધ્યમાં તરુણોએ પ્રતિજ્ઞા લીધી

તરુણાનુસરણ

કાકાસાહેબ કાલેલકરે એક સંદેશામાં જણાવેલું કે 'આપણે ભાવિષ્યકાળમાં રહેવું હોય તો ભવિષ્યની ભક્તિ કરવી જોઈએ. ભૂતકાળમાંથી આપણે લાભ ઉઠાવીએ, વર્તમાનમાં પુરુષાર્થ કરીએ, પરંતુ ભક્તિ તો ભાવિનિર્માણ માટેની જ હોવી જોઈએ. આથી તરુણોને આપણે અભિનંદન આપવાં જોઈએ. તેમને આપણે માન આપીએ, તેમના પર વિશ્વાસ રાખીએ ને કહીએ કે ભાવિ તેમના હાથમાં સુરક્ષિત છે. તેમનું અનુસરણ કરવા તેમના પગલે ચાલવા પણ તૈયાર છીએ.'

આજે પ્રજાતંત્રના સંચાલનમાં ભાગીદાર બનેલી ત્રણ પેઢી ભારતમાં તૈયાર છે. તેમાં પરંપરાગત રીતે તરુણ પેઢીને ડગલે ને પગલે સુયોગ્ય પથદર્શન અને સુનિશ્ચિત દિગ્દર્શન મળે તો તેના જીવન માટે, સમાજ માટે અને રાષ્ટ્ર માટે તે ઉપયોગી બની રહે. આવું ક્યારે બને? કેવી રીતે બને? ખૂબ વિચારના અંતે લાગે છે કે આ કામ મા-બાપોએ, વડીલોએ જ માથે લેવું જોઈશે. પરિવાર-પરંપરાને સ્પષ્ટ અને સુસ્થિર કરવા માટે આપણી આંતરિક દૃષ્ટિને ઉન્નત ભાવના સાથે નવનિર્માણના શિખર ઉપર સ્થિર કરવી જોઈશે. જીવનનાં મૂલ્યોને મન, વિચાર અને વ્યવહારની પાટી પર આલેખવાં પડશે અને સ્થાયી મૂલ્યોને આધારે જીવન-વ્યાપાર વધારવો જોઈશે. આ બધું કોઈ પાંચ, દસ કે પંદર વર્ષને દૃષ્ટિ સમક્ષ રાખીને નહિ વિચારી શકાય, પણ આવતાં ૧૦૦ વરસને નજર આગળ રાખીને જીવનનું સયોજન કરવું જોઈશે. તો જ વિકાસના પંથે સતત અગ્રેસર થઈ શકાશે.

આપણાં તરુણ-તરુણીઓમાં એક વાર ઉચ્ચ રાષ્ટ્રીય ભાવના પ્રસ્થાપિત થશે, રાષ્ટ્રના સ્વાતંત્ર્ય અને તેની એકતાનું રક્ષણ કરવા તેમજ તેને સુદૃઢ બનાવવા સમર્પણની ભાવનાથી કાર્ય કરવાની અને બધા મતભેદો અને મુશ્કેલીઓને શાંતિમય રીતે હલ કરવાની પ્રતિજ્ઞા તેઓના હૃદયમાં દૃઢ બનશે તો દેશની શાંતિ અને વિકાસને અવરોધવાની હિંમત કોઈ નહિ કરી શકે. રાષ્ટ્રપિતા ગાંધીજીના બલિદાનસ્વરૂપ ભારતમાતાના વરદાન રૂપે પ્રજાતંત્રનું બંધારણ બંધાયું છે. એ પ્રજાતંત્રનો વિચાર, એના સંસ્કાર હવે ઘરઘરમાંથી પ્રસારિત થવા જોઈએ, ને તે પેઢી-દર-પેઢી આગળ વધતા જ રહેવા જોઈએ. તો જ ભારતમાતાના મંદિરમાં પ્રજાતંત્રની સાચી પ્રાણપ્રતિષ્ઠા થઈ શકશે. આપણાં પ્રિય, તરુણો એ રીતે વિચારતાં થાય, તેમનામાં ચેતન પ્રગટે અને ઉત્તમ પુરુષાર્થી બને એવું આપણે ઇચ્છીએ. આમાં માબાપ રૂપે પાલકો, શિક્ષકો તેમ જ સાર્વજનિક સેવાસંસ્થાઓ સૌકોઈ ઉત્સાહજનક સહયોગ આપે અને એવી તક અને સગવડો એમને આપવાનો સતત પ્રયત્ન કરતા રહે એ દૃષ્ટિએ 'તરુણાભિનંદન'નો કાર્યક્રમ આ સ્વાતંત્ર્ય-દિન પ્રસંગે ઘરઘરનો ઉત્સવ બની રહે.

મદાલસા નારાયણ

આ સાથેના સંદેશમાં જણાવ્યા અનુસાર આ સ્વાતંત્ર્યપર્વમાં ગઈ તા. ૧૩મી ઑગસ્ટનો દિવસ અમદાવાદમાં 'તરુણાભિનંદન દિવસ' તરીકે, તા. ૧૪મી 'રાષ્ટ્રીય સંસ્કાર સમારંભ દિન' અને ૧૫મી 'રાષ્ટ્રીય ઉત્થાન દિન' તરીકે ઉજવાયા. તરુણાભિનંદનમાં શ્રીમતી મદાલસા-બહેનના સાન્નિધ્યમાં તરુણોએ બંધારણને વફાદાર રહી, રાષ્ટ્રના સ્વાતંત્ર્ય ને એકતાની રક્ષા કરવા ને તેને સુદૃઢ બનાવવા સમર્પણની ભાવનાથી કામ કરવાની, તેમજ બધા મતભેદો અને મુશ્કેલીઓને શાંતિમયરીતે હલ કરવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે દેશના યૌવનધન માટે આશા ને શ્રદ્ધાદીપ પ્રજ્જ્વલિત બની ઊઠ્યો.

એકવીસ વર્ષની વય પ્રાપ્ત કરતાં તરુણો પોતાને મળતા હક ને ફરજો અંગે જાગ્રત બને એ હેતુથી છેલ્લાં બે વર્ષથી ગુજરાતે 'તરુણાભિવાદન'નો વિશિષ્ટ કાર્યક્રમ હાથ ધર્યો છે. હવે તો ગુજરાતને પગલે પગલે કેન્દ્ર સરકારે પણ આ કાર્યક્રમ દેશભરમાં યોજવા સૂચવ્યું છે.

ઉપર્યુક્ત અમદાવાદના કાર્યક્રમો ઉપરાંત ગુજરાતના બધા જ જિલ્લાઓમાં મુખ્ય મથકે 'તરુણાભિનંદન'ના કાર્યક્રમ યોજાયા હતા. તેમાં ૨૧ વર્ષની વયે પહોંચેલાં તરુણ-તરુણીઓને કુંકુમતિલક કરી તેમનું અભિવાદન કર્યા બાદ તરુણોએ પ્રતિજ્ઞાવાચન કર્યું હતું. ત્યાર પછી તેમને થએલાં ઉદ્‌બોધનોમાં ધર્મ, ભાષા કે પ્રદેશને લગતા ભેદભાવો ભૂલી જઈને સમર્પણની ભાવનાથી રાષ્ટ્રના સ્વાતંત્ર્ય તથા એકતાનું જતન કરવા તેમજ રચનાત્મક કાર્યો દ્વારા લોકશાહીના પાયા મજબૂત કરવાનો અનુરોધ હતો. એ ઉપરાંત સ્થળે સ્થળે યુવક-યુવતીઓ વૃક્ષારોપણ, પ્રૌઢશિક્ષણ, સમાજસેવા, શિષ્ટવાચન, સમૂહશ્રમ, સ્વચ્છતાપ્રચાર, માર્ગમરામત-કાર્ય ને ગૃહરક્ષક દળ જેવી પ્રવૃત્તિઓમાં જોડાયાં હતાં.

પ્રાપ્ત કરી હતી; અને એ ચાહના એવી ગાઢ હતી કે જ્યારે રાજ્ય લલિતકલા અકાદમી સ્થપાઈ ત્યારે સૌએ એકમતે એમને જ એના પ્રથમ અધ્યક્ષ (ચૅરમૅન) બનાવ્યા હતા. અહીં પણ એમની બાલવિકાસની પ્રવૃત્તિ ચાલુ જ હતી. સંગમનેરમાં એમણે પ્રથમ બાલસંગ્રહાલય સ્થાપ્યું જ્યાં બાળકો પોતાના અને વિશ્વના વિષે વૈજ્ઞાનિક ખયાલો પામી શકે અને આનંદ અનુભવે એવી યોજના એમણે કરેલી:

જયપુરનું ઔદ્યોગિક સાહસ રૂઢ પાયા પર આવી જતાં શ્રી રામજીભાઈ કામાણીના સુપુત્રોને એનું સંચાલન ભળાવી પતુભાઈએ બૅંગલોરમાં લગભગ ત્રણેક કરોડ રૂપિયાની થાપણ એકઠી કરી દીપક કેબલ કંપની સ્થાપી અને તે પગભર થઇ જતાં પોતાના સુપુત્રોને તેનું સંચાલન સોંપી પોતાનો બધો સમય એમણે પોતાની પ્રિય પ્રવૃત્તિ પાછળ આપવા માંડ્યો. અનેક કારીગરોને શોધીને એમણે અવનવાં વૈજ્ઞાનિક

ને જ્ઞાનપ્રદ રમકડાં તથા સાધનો બનાવડાવવાં માંડયાં. પોતાને સૌથી વધુ પ્રિય ખગોળના જ્ઞાનપ્રસાર માટે તો એમણે ઘણી જહેમત લીધી, જેમાંથી ખગોળવિષયક આર્ટ્સ વગેરેથી માંડી છેલ્લે છેલ્લે આકાશનાં મુખ્ય મુખ્ય તારામંડળો અને રાશિઓનો પરિચય કરાવતી 'તારિકા' તથા 'રાશિચક્રી' નામક છત્રીઓ, પરદેશનાં મોંઘાં પ્લૅનેટોરિયમની ગરજ સારે એવા ગરબા જેવા ઘટ અને આકાશના ગ્રહનક્ષત્રોનો પરિચય કરાવતા ગોલકો વગેરે સાધનો બનાવડાવી આકાશી પદાર્થોની સરળ સમજની જે સુવિધાઓ વધારી આપી તે બદલ આ ઑગસ્ટ માસમાં કેન્દ્ર સરકારે અમને કાંસ્યઢાલ આપીને નવાજેલા. આ અગાઉ કેન્દ્ર સરકારે એમને 'પદ્મશ્રી'નું બહુમાન તો આપ્યું જ હતું. આકાશમાં હંસ તારામંડળમાંના હંસપુચ્છ–ડૅનેબ-તારાને 'ગાંધી તારક'નું અભિધાન આપી ભારતીય પ્રણાલિઅનુસાર ગાંધીજીનું અતિ સુંદર ચિરસ્મરણ યોજવાનો જે વિચાર એમણે પ્રસાર્યો એ ગાંધી જન્મશતાબ્દી વર્ષનો એક આવકાર્ય અનોખો ખયાલ હતો. આ જ ભાવનાથી પ્રેરાઈ એમણે બુદ્ધ, ઇસુ, મહાવીર અને ગાંધીજી–એમ અહિંસાના ચાર મહાપૂજારીઓ તથા પ્રવર્તકોની એક ચતુર્મૂર્તિની કલ્પના સાકાર કરી છે એ પણ એમના ભાવનાપ્રદેશ અને કલાભિરુચિની દ્યોતક છે. આવી જ ભાવનાથી પ્રેરાઈ એમણે ગુજરાતના સંત ભક્ત કવિ નરસિંહ મહેતાની ૫૦૦મી જયંતી વખતે દેશની ટપાલટિકિટ પર ગુજરાતના જ ચિત્રકારે કરેલી છબિ મૂકવા માટે જે અનુરોધ કરેલો તેની પાછળ એમણે માત્ર એ સંતને જ નહિ ગુજરાતના કલાકારને પણ ઉત્તમ અર્ઘ્ય આપ્યો છે.

ગાંધી જન્મશતાબ્દી અંગે યોજાએલા મહા મેળામાં એમણે બાલોદ્યાનનું જે આયોજન કરેલું તેમાં પણ એમની ગાંધીજી પ્રત્યેની ભક્તિ ઉપરાંત દેશની ભાવિ પેઢીના આનંદ અને જ્ઞાનવર્ધનની એટલી જ કાળજી ઉપરાંત એમની નિષ્ઠા, શક્તિ અને કલ્પના પ્રતીત થતી હતી.

ખગોળ એમનો પ્રિય વિષય હોઈ એ વિષેનું જ્ઞાન આમ જનતા સુધી પહોંચાડવા અનેક અવનવા પ્રયોગો ને આયોજનો કરવા સાથે એમની મહેચ્છા તો ઠારેઠાર પ્લૅનેટોરિયમ પહોંચાડવાની હતી. અમરેલીમાં પોતાના પિતાના નામ પર ઉદાર સખાવત કરી જે બાલસંગ્રહાલય કર્યું છે તેમાં પ્લૅનેટોરિયમ પણ બંધાવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન આ માસ (સપ્ટેમ્બર)માં જ થવાનું હતું. આ પ્રસંગે તેમણે ભારતના સંગ્રહાલયોના અધિકારીઓને આમંત્રી એક શિબિર યોજી બાળકોના મ્યૂઝિયમની એક યોજના તૈયાર કરવા ધારેલું, પણ ઈશ્વરેચ્છાએ એમનું એ કાર્ય હવે અધૂરું જ રહ્યું. આજે હવે અમરેલીમાં શ્રી ગિરધરલાલ મહેતા બાળસંગ્રહાલય અને પ્રતાપરાય કૉલેજ પ્રત્યક્ષ સ્મારક રૂપે રહ્યાં છે. એ ઉદાર દિલસોજ દેશભક્ત મિત્રને અમારાં વંદન. —ર. મ. રા., બ. રા.

ગાંધી-ટેકરી


આંધ્રમાં વિજયવાડા ગામની વચ્ચે એક ટેકરી છે. આજ સુધી ખાનગી માલિકીમાં એ નિષ્પ્રાણ હતી. કેન્દ્રના નહેરખાતાના ઉત્સાહી પ્રધાન ડૉ. કે. એલ. રાવે એક સંઘ રચીને તેના દ્વારા આ ટેકરી મેળવી તે પર ગાંધીજીની સ્મૃતિમાં એક સુંદર શિક્ષણપ્રદ સ્મારક રચ્યું છે. ગાંધીહિલ નામે હવે ઓળખાતી એ ગાંધી-ટેકરી હવે એક ઊંચા કલામય કીર્તિસ્તંભ સાથે બાલપુસ્તકાલય, બાળકો માટેની રેલગાડી અને અવનવા વૃક્ષછોડથી શોભતી એક સુંદર બાલવાડી ધરાવતી એક કિલ્લોલકુંજ સમી રળિયામણી બની ગઈ છે. આ ઉપરાંત ત્યાં વિવિધ તારામંડળોનો બાળકોને પરિચય કરાવવા એક પ્લૅનેટેરિયમ પણ મુકાયું છે, જેનું હમણાં ઉપ-રાષ્ટ્રપ્રમુખ શ્રી પાઠકે ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે શિક્ષણપ્રદ વિવિધ બાલપ્રવૃત્તિઓ તથા ખગોળવિજ્ઞાનના પ્રેમી રાજ્યરત્ન પ્રતાપરાય ગિ. મહેતાએ એક 'સૂર્યપરિવાર પ્રદર્શન' પણ યોજ્યું હતું. પ્રકાશ અને ધ્વનિના અદ્યતન સરંજામથી સજ્જ આ ગાંધી-ટેકરી પર વિજ્ઞાન વિષયક એક ખાસ સંગ્રહાલય પણ રચાશે અને એકસમયની શુષ્ક ટેકરી વિજયવાડાની ઊગતી પ્રજા માટેનું એક જ્ઞાનપ્રદ રમ્ય સ્થાન બની રહેશે. અન્ય નગરોને પ્રેરણાદાયી આ આયોજનનો યશ શ્રી કે. એલ. રાવને ઘટે છે એ તો ખરું જ, પણ વધુ પ્રશંસનીય તો એ છે કે એમણે પોતાની વગ અને સરકારી નાણાંની લાલચથી દૂર રહી 'ગાંધી-હિલ સોસાએટી' રચી તેના દ્વારા સર્જક કાર્યને સાર્વજનિક બનાવ્યું છે. પૈસાનું બહાનું કાઢી સરકાર સામે મોં વકાસી બેસી રહેનારાઓ માટે આ પ્રેરણા રૂપ બનો.


એટનાની પુનર્જાગૃતિ


ઈટલી પાસે આવેલા સિસિલી ટાપુનો જ્વાળામુખી પર્વત એટના ફરી આ એપ્રિલમાં ભભૂકી ઊઠયો છે. સિસિલી પર લગભગ ૪૬૦ ચોરસ માઈલમાં પથરાએલી એ પર્વતમાળાનાં બસો જેટલાં શિખરોમાં કેટલાંક તો ૩૦૦૦ ફૂટ જેટલાં ઊંચાં છે, તેમાં એટના સૌથી ઊંચું અને જ્વાળામુખ છે. ગ્રીક પુરાણકથાઓ પ્રમાણે આ એટનાની સહાયથી ઝ્યૂસે ટાઈફનનો નાશ કર્યો હતો, એ પરથી આ જ્વાળામુખ બહુ પ્રાચીન કાળથી જાણીતું લાગે છે. મધ્યયુગમાં પણ ઈ. ૧૬૬૯ ને ૧૬૯૩ માં અને પછી ૧૮૫૨, ૧૮૮૬, ૧૮૯૨, ૧૯૧૦, ૧૯૨૮, ૧૯૫૦ અને હવે ૧૯૭૧માં થએલા એના ઉદ્રેકને લીધે આ શિખરની ઊંચાઈ પણ વધતી-ઓછી થતી રહી છે જે છેલ્લે ૧૦,૮૧૦ ફીટની હતી.


આ વેળાના એના ઉદ્રેકમાં, ગયા એપ્રિલની ૧૩મીએ શિખરની ટોચથી થોડે નીચે એકાએક મોટી ફાટો પડીને તેમાંથી ધગધગતો લાવારસ નીકળવા લાગ્યો. એ ફાટ તો, આ શિખર પર જ્વાળામુખી પર્વતોના અભ્યાસ માટે બાંધેલી ૧૬૭ વર્ષજૂની ઑબ્ઝર્વેટરી (નિરીક્ષાકેન્દ્ર)ની તદ્દન નજીકમાં જ પડી, જેના પરિણામે ફાટમાંનો લાવારસ તેના પર ફરી વળતાં એ નાશ પામી. સદ્‌ભાગ્યે ત્યારે એ જગ્યાએ કોઈ માણસ હાજર નહોતું. આ પછી થોડા દિવસને આંતરે નવી નવી ચિરાડો પડતી ગઈ અને તેમાંનો લાવારસ તળેટી તરફ ઢળી ચાર માઈલ જેટલે દૂર પહોંચ્યો, જેથી એ તરફની દ્રાક્ષની વાડીઓ અને માર્ગ પરના પુલો નાશ પામ્યા. તે પછી ફાટો વધુ ખુલ્લી થતાં, ત્યાં ૧૫૦ વાર જેટલું પહોળું જ્વાળામુખ રચાઈને તેમાંથી રાખ ને ધુમાડાના ગબ્બારા ઊડવા લાગ્યા હતા. પણ તેની આ વેળાની હલચલ હોઈ મહાવિનાશ સર્જે તેમ મનાતું નથી.

છતાં નિષ્ણાતો માને છે કે આજે લગભગ સંપૂર્ણ સલામત બની રહેલા ભૂતકાળના જ્વાળામુખીઓ ફરી પાછા ભભૂકી ઊઠે તો નવાઈ નહિ. એવું પણ બને કે પૉમ્પીઆઈનો ઇતિહાસ ફરી એક વાર સર્જાય.


એટના ઈ. ૧૬૬૯માં...


૧૭૮૭માં...


૧૮૧૯માં...


અને આ વર્ષે

આ માસ(સપ્ટેમ્બર)ઇતિહાસમાં

તા. ૨, ૧૬૬૬: લંડનની ભયાનક આગ. લંડન બ્રિજ પાસે એક ભઠિયારાની દુકાનમાંથી શરૂ થઈ, અનુકૂળ પવન અને સાંકડી શેરીઓ તથા ત્યાંનાં લાકડાંનાં મકાનોમાં ફેલાતી જઈ, ચાર દિવસમાં તો ૩૩૬ એકરના વિસ્તારમાં ૪૦૦ શેરીઓ અને ૧૩,૨૦૦ મકાનોને તારાજ કરી નાખેલાં. પણ આ આગથી વારંવાર ફાટી નીકળતી મરકીનો ભય દૂર થયો અને શહેરના નવનિર્માણમાં પ્રજાની સલામતી ને સગવડો વધી.



તા. ૩: ચાર્લ્સ પહેલાના વધ પછી પોતાના દક્ષ અમલ વડે ઇંગ્લૅંડનું સામર્થ્ય વધારી તેને 'સમુદ્રની મહારાણી' પદે પહોંચાડનાર ઑલિવર ક્રૉમવેલના જીવનનો યાદગાર દિવસ. ઈ. ૧૬૫૦માં એ આ તારીખે ડનબરની લડાઈ જીતેલો; ૧૬૫૧માં વૂર્સ્ટરનું યુદ્ધ પણ; અને ઈ. ૧૬૫૮માં આ જ દિવસે એનું અવસાન થયું.



તા. ૧૨, ૧૮૯૪: પોતાની પ્રખર બુદ્ધિમત્તા ને મૂળગામી પ્રજ્ઞા, વિશાળ વાચન ને ઊંડો અભ્યાસ, ધ્યેયનિષ્ઠ સેવાજીવન ને કડક વૈરાગ્ય, અનુકરણીય શુચિતા અને ભેદાતીત વૃત્તિ, અપૂર્વ સ્મરણશક્તિ ને દુર્દમ્ય ઇચ્છાશક્તિ, અભિજાત નમ્રતા ને આજીવન તપશ્ચર્યા, ચુસ્ત નિયમિતતા ને નિર્લેપતા વડે દેશના એક ભૂષણ સમા બની રહેલા સર્વોદયના મહત્ત્વાકાંક્ષી વિનોબા ભાવેનો જન્મ. ગાંધીજીની હત્યા પછી એમનું અધૂરું કાર્ય પોતાની આગવી રીતે એમણે ઉપાડી લીધું છે.

તા. ૧૪, ૧૮૫૭: સ્વાતંત્ર્ય-સંગ્રામમાં દિલ્હીનો આખરી પરાજય. બરેલી અને નીમચની બહાદુર સેના સામે ચારચાર મહિનાથી દિલ્હી લેવા મથી રહેલા અંગ્રેજોને નવી મદદ અને બહાદુરશાહના જ એક ખાસ દરબારી ઈલાહીબક્ષની દગાખોરીનો સાથ મળી જતાં તેઓએ કાશ્મીરી દરવાજાને તોપગોળે ઉડાવી દઈ શહેરમાં પ્રવેશ કર્યો. ત્યાં ગલીએગલીએ ને મકાનેમકાને વિપ્લવકારીઓએ એમનો સામનો કર્યો, પણ અંતે અવ્યવસ્થા ને દગાથી તેઓ હાર્યા. ઈલાહીબક્ષની સહાયથી વિજયી અંગ્રેજોએ બાદશાહ બહાદુરશાહને પણ કેદ કર્યો, તેના શાહજાદાઓને મારી નાખ્યા અને અન્ય સંબંધીઓને ફાંસી દીધી કે કેદમાં નાખ્યા તથા નાદિરશાહને પણ ભુલાવે તેવી કતલ ચલાવી. આ વિજયથી વિપ્લવની નિષ્ફળતા નિશ્ચિત થઈ ચૂકી! (પરાજિત દિલ્હીમાં કત્લેઆમ▽)





તા. ૧૨, ૧૭૯૨: કચ્છના ક્રૉમવેલ તરીકે ખ્યાત જમાદાર ફતેહમહમદે કચ્છની શાસનવ્યવસ્થા હાથ કરી. કચ્છના યુવાન રાવ રાયધણ બીજાએ બેફામપણે પ્રજા પર જુલમ ગુજારવા માંડતાં અંજારના કારભારી મેઘજી શેઠે એમને કેદ કરી રાજવહીવટ માટે 'બારભાયા સંઘ' સ્થાપ્યો. પણ એમાં પરસ્પર સંશયો પેદા થતાં મેઘજી ખસી ગયા. અને રાયધણજી ફરી મુક્ત થયા. ત્યારે વીસ પાળાની જમાદારીવાળા ફતેહમહમદે રાવને ફરી કેદ કર્યા, ઉત્તરોત્તર એણે વધુ સત્તા હાથ કરી, ભાયાતોને કાબૂમાં લઈ દેશમાં સુલેહ સ્થાપી. વાગડમાંથી લુટારુઓને કાઢ્યા, માંડવીના વેપારીઓને ચાંચિયાઓથી રક્ષણ આપ્યું, રાધણપુરના નવાબને નમાવ્યો; હાલાર, ઓખા ને બરડામાં ચડાઈ લઈ ગયો, જામ-ભાણવડમાં થાણું નાખ્યું ને ધ્રોળમાં કિલ્લેદાર બેસાર્યો. કચ્છનો વેપાર ને દરિયાઈ હકૂમત વધારવા તેણે તુણા બંદર વિકસાવ્યું અને વાગડમાં બે કિલ્લા ને લખપતનો ગઢ કરાવ્યો. છેક મ્હેસૂરના ટીપુ સુલતાન સાથે તેણે મૈત્રીસંબંધો પણ બાંધેલા.



સોમના રણમોરચે લડેલી આદિ બ્રિટિશ ટૅન્ક

તા. ૧૫, ૧૯૧૬: પ્રથમ વિશ્વયુદ્ધમાં ફ્રાંસમાં સોમના રણમોરચે પહેલવહેલી ટૅન્કોએ દેખા દીધી. કાંટાળી વાડ ને દીવાલોની રક્ષણાત્મક આડશોને તોડતી કચરતી એ ટૅન્કોએ વહેલી સવારના ધુમ્મસમાં એકાએક આક્રમણ કર્યું ત્યારે ખાઇઓમાં રહી લડતા જર્મનો આ નવતર વિનાશક સાધનથી ડઘાઈ જ ગયા. બ્રિટિશોની એ શોધ હતી. બહુ ગુપ્તપણે તૈયાર થએલી એ આદિ ટૅન્કો 'માર્ક-૧' નામે ઓળખાતી. છ છ રતલી તોપગોળા વડે ભારે અવરોધોને ભેદતી 'નર' અને મશિનગનો વડે ગોળીબાર કરી સૈનિકોને સંહારતી 'માદા' એમ એના બે પ્રકાર હતા, જે એકબીજાને પૂરક બની કામ કરતા. ૨૬ ફૂટ લાંબી, ૨૮ ટન વજનની અને આઠ આઠ માણસો સમાવતી એ ટૅન્કો કલાકે ચાર માઈલના વેગે ચાલતી ને દસેક ફૂટ પહોળી ખાડીઓ વળોટી શકતી. આ પછી તો એમાં અનેક સુધારા થઈ ટૅન્કના ઘણા પ્રકારો વિકસ્યા, પણ આરંભથી આજ સુધી રણમેદાન પર એનું મહત્ત્વ એક સરખું જારી રહ્યું છે. □

અતિ પ્રેમી, ને બહુ ઋણી, જેને વેર ઘણાંય,
સુખે ન સૂએ કોઈ દી', તે તો ત્રણ જણાય.

સ્વ. નંદશંકર (કરણઘેલાના કર્તા ને સર મનુભાઈના પિતા) ધોળકા તાલુકામાં મામલતદાર હતા તે વખતે એક લાઈસન્સ ટૅક્સની એમણે ન્યાયપુરઃસર કરેલી આકારણી કલેક્ટરને ઓછી લાગી, ને નંદશંકરને વધારે આકારણીનું પત્રક બનાવી લાવવાનો હુકમ કર્યો. જવાબમાં નંદશંકરે રાજીનામું આપી દીધું. કલેક્ટર આ હિમ્મત જોઈ અપ્રસન્ન થયો નહિ.

કહેવતોના અર્થ : 'છપ્પન-વખારી ને ભારો કૂંચી, હાથમાં કૈં નહિ પણ નજર ઊંચી'–આ કહેવત બે અર્થમાં લેવાય છે. છપ્પન વખારો ધરાવતા ધરખમ વેપારીના હાથમાં કૂંચીના ભારા સિવાય તત્કાલ કશું ન હોવા છતાં તેની પ્રાપ્તિની આશા ને શક્યતા ઘણી ઊંચી હોય છે; બીજો અર્થ એવો, કે શેઠની વખારોની કૂંચીઓનો મોટો ઝૂડો રાખીને ફરતો નોકર ઊંચી નજર-અભિમાન રાખીને ફરતો હોય એવી ઓછા પાત્રની શેખી નિર્દેશવા માટે.


અનેકાર્થી શબ્દ: **તકતો**=કાચ જડેલી છબી; અરીસો; જમીનનો કટકો; ક્યારો; વહાણના હોકાયંત્રનો ચંદો; દસ્તાવેજનો કાગળ.

ગણિતગમ્મત : એક આંકડો ધારો. તેને તેટલા વડે જ ગુણો. જે આવે તેમાં ધારેલા આંકડા તથા તેની પછીના આંકડાનો સરવાળો ઉમેરો. જે જવાબ આવશે તે ધારેલા આંકડા પછીના આંકડાનો વર્ગ હશે. (હી. તન્ના)



મંગળ અને ગુરુના ગ્રહની વચ્ચેના ગાળામાં સૂર્યની આસપાસ ૩૦૦૦ થી યે વધુ ઍસ્ટેરૉઇડ-લઘુગ્રહો–પ્રદક્ષિણા કરી રહ્યા છે, જેમાં વધુમાં વધુ માત્ર ૪૮૦ માઇલનાં વ્યાસવાળો ગ્રહ છે.

ૡ. ગરીબ માણસને ભવિષ્યનો વિચાર આનંદપ્રેરક હોય છે કે કોઈક દિવસે પણ આપણે પૈસાદાર થઈશું; જ્યારે શ્રીમંતને ભવિષ્યનો વિચાર હમેશાં ચિંતાથી બાળતો જ હોય છે કે રખેને હું ગરીબ બની જાઉં!



દૃષ્ટિફેરની ગમ્મત : બાજુના ચિત્રમાં દર્શાવવામાં આવેલો પિરામિડ તેની બેઠક પર સપાટ ઊભેલો પણ દેખાશે; ને તેની બેઠકનું તળિયું તમને દેખાતું હોય અને પોતે માત્ર પાછલા નીચલા ખૂણા પર જ ટેકાઈને ઊભો હોય એમ પણ દેખાશે.

ખુરશીનું નેતર ઝોળો ખાઈ ગયું હોય તો ખુરશીને ઊંધી નાખી નેતર પર જાડું ભીનું તરબોળ કપડું કલાકેક મૂકી રાખવું. પછી કપડું ખસેડી લઈ સુકાવા દેશો એટલે અક્કડ થઈ જશે.

વીજળીની ઈસ્ત્રી સાફ કરવા માટે સીગરેટની રાખમાં જરા હવાએલું કપડું બોળી તે વડે ઈસ્ત્રીની સપાટી ઘસવી અને થોડી વાર રહી કોરા કપડાથી તે ઘસીને સાફ કરી નાખવી. ચાંદી જેવી ચમક આવશે.


સખત પવન હોય તો ધોએલાં મોજાં સૂકવ્યાં હોય તે દોરીને વીંટળાઈ વળે છે અગર કોકડાં વળી જાય છે. તે અટકાવવા મોજાંમાં સ્વચ્છ ગોળ પાંચીકા નાખવા.



અફઘાનિસ્તાનના એક પ્રાચીન નગર અઈખાનુમમાં મળી આવેલા ઈ. સ. પૂર્વે ૧૭૫ વર્ષ પહેલાંના આવા કેટલાક ચાંદીના સિક્કા પર ત્યારની પ્રચલિત રસમથી જુદું પડતું હિંદુ દેવતાઓનું આલેખન છે. એમાંના આ સિક્કા પર વિષ્ણુ હોવાનું મનાય છે.

ભારતીય નિયમોવાળો શતરંજનો કોયડો નં. ૪

આ અંકમાં પણ પ્યાદમ્હાતની શરતવાળો કોયડો જોઇશું. આમાં પણ સફેદ પાસે એક જ પ્યાદું છે જ્યારે તેની આજુબાજુની બન્ને પંક્તિમાં કાળાનાં બબ્બે પ્યાદાં છે. તેને પાર કરીને સફેદ પ્યાદાએ કાળા રાજાને મ્હાત કરવાનો છે.



આ કોયડાની શરતો છે: (૧) સફેદ એક પણ મ્હોરાનો ભોગ આપી શકે નહિ.

(૨) કાળાનાં બધાં પ્યાદાં આઠમી હરોળે પહોંચે અને તે રીતે બનેલ મ્હોરાં એક એક વખત ચાલ્યા પછી મ્હાત કરી શકાય.

(૩) રાજાને તેની ગાદી (શતરંજની રમતની મૂળ સ્થિતિમાં રાજાનું સ્થાન) ઉપર જ પ્યાદાએ મ્હાત કરવાનો છે. આ શરતોને લીધે કોયડા ૩ના કરતાં આનો ઉકેલ તદ્દન જુદી રીતે આવે છે.


1 B–R3ch, K–R2; 2 Q–K6, K–R1; 3 B–N2, K–R2; 4 B–R1, K–R1; 5 B–R2, K–R2; 6 N–N5ch, K–R1; 7 R–Q1, P–B6; 8 P–K3, P–B5; 9 Q–R6ch, K–N1; 10 P–K4, P–Q6, 11 P–K5, P–Q7; 12 K–K6, P–Q5; 13 K–Q5, P–Q6; 14 R–QN1, P–Q8(=Q); 15 K–B6ch, Q–N6; 16 R×Q, P–Q7; 17 B–Q4, P–Q8(=Q); 18 R–N4ch, Q–N6; 19 Q–R7ch, K–B1; 20 R×Q, K–K1; 21 Q–Q7ch, K–B1; 22 K–N7, K–N1; 23 Q–Q6, K–R1; 24 Q–R6ch, K–N1; 25 R–B1, P–B7; 26 B–B3, P–B6; 27 R–KR1, P–B8(=B); 28 R–N4ch, B–B5; 29 R×B, P–B7; 30 N–B4 P–B8(=B); 31 R–B7ch, B–B5; 32 Q–N6ch, K–B1; 33 R–R8ch, B–N1; 34 Q–N7ch, K–K1; 35 P–K6, K–Q1; 36 N–R7, K–K1; 37 N–B6ch, K–Q1; 38 P–K7 mate.

કોયડા ૩-૪માં જેટલું સામ્ય છે એટલું જ એમના ઉકેલમાં વૈવિધ્ય છે. **સુરેશ મોદી**

અનુસંધાન] **હિપ્પી જમાતના રંગઢંગ** [પૃ. ૩૫૩થી

જ અંતરની શાંતિ પ્રાપ્ત થાય છે અને દિવ્યતું દર્શન મળે છે એવી માન્યતા મનાવવામાં આવે છે. એકલા સાનફ્રાન્સિસ્કોમાં દર અઠવાડિયે એક ટન મારૂજુઆના ખપી જાય છે. એમાંનો નેવું ટકા ઉપાડ કિશોરોમાં છે. ૪૨૬ અમેરિકન કૉલેજોમાંથી બને તેટલી સુગમ રીતે આંકડા કાઢ્યા તો પચાસ ટકાએ મારૂજુઆનાનો સ્વાદ ચાખ્યો છે. સતતના નશાખોર કેટલા ટકા તે ગણાવા મુશ્કેલ છે. કોણ કબૂલે? ન મનાય તો આ દિશામાં તટસ્થ ભાવે વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંશોધન કરનારાઓના આંકડા માનો. એ ન મનાય તો ત્રણે આંકડા એકઠા કરી સરેરાશ કાઢો. ટેવ નહિ તો ધર્મ, ધર્મ નહિ તો દેખાદેખી, દેખાદેખી નહિ તો ફૅશન, ફૅશન નહિ તો પ્રથા. હિપ્પી જમાતમાં કેફનું વ્યસન છે. અમેરિકાની વાત છોડો ને ઇંગ્લૅંડ જાઓ. અરે, ત્યાં શા માટે? હિંદમાં યુનિવર્સિટીનાં છાત્રાલયોમાં ફરો અને ખબર કાઢો. તપાસ કરો. હિપ્પી યા ન-હિપ્પી કેફના વ્યસનીઓના અપવાદના દાખલા નહિ મળે, 'હેં!' કરી જાઓ એટલા પ્રમાણના ટકા નીકળશે. ભારતના વિદ્યાર્થીને, તરુણને ભગવાન તો શોધવાના છે જ નહિ, જન્મથી જ એને એ મળ્યા છે, એટલે એ ધર્મના બહાના હેઠળ કે યોગના અભ્યાસ ખાતર એ કેફ નહિ કરે. એમ જુઓ તો એ પ્રામાણિક છે!

હિપ્પી શાસ્ત્રોમાં મનનાં બંધન ટાળવાની વાત છે. એના કોઈ સદ્ગુરુએ એમને બીજો એક શબ્દ શીખવ્યો. 'લવ'. પ્રેમ કરો. ગમે તેને ગમે ત્યારે ચાહો. સર્વને સર્વ કાળે ચાહો. બધાં ઉપર પ્રેમ બતાવો! સૂત્ર સરસ છે. અમલમાં મૂકનારાઓના મોંમાં સાકર-ગોળ-ઘી મળ્યાં. હૃદયમાં પ્રેમનાં ઝરણાં વહેવા માંડયાં. હાથમાં હાથ મળ્યા, આંખમાં આંખ પરોવાઈ, એક હૃદય, એક નજર, એક ધ્યાન, એક વિચાર, એક પ્રકારની તન્મયતા-દિવ્યતાનો અનુભવ પલકારમાં લેવા લાગ્યા. (ચાલુ)



શેષશાયી વિષ્ણુ

મદ્રાસની દક્ષિણે સમુદ્રકિનારે આવેલા મહાબલિપુરમમાં કશા યે ચણતર વિના માત્ર વિશાળ કાળમીંઢ ખડકો કે શિલાખંડો કોરીને કરેલાં મંદિરો અને શિલ્પો સાતમી સદીની ભારતીય કલાનાં અનોખાં દૃષ્ટાંત સમાં છે. આ શિલ્પાંકનોમાં વિકાસની ચરમ કક્ષાએ પહોંચ્યા બાદની નજાકતભરી વિગતોની બારીકાઈ નથી, પણ પ્રારંભકાળનાં પૌરુષ, આવેગ અને છટા ભારોભાર છે. એમાં પણ પ્રાણીઓની લાક્ષણિકતા અહીં જેટલી ભારતભરમાં ક્યાં યે ઊતરી શકી નથી. ફોટોકલાકારે એ શિલ્પસૌન્દર્યને અહીં તાદૃશ કર્યું છે.

[બંને ફોટો · અશ્વિન મહેતા]



કુંજરદ્વય